# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

03 FEBRUARY, 2026 TUESDAY



પેજ 2  વિદ્યાર્થિનીને લાફો મારનાર શિક્ષિકાને ૩ વર્ષની જેલ

પેજ 3  કેનેડાના PR વિઝા આપવાનું કહી ઠગ દંપતીએ 31 લાખ પડાવ્યાં

પેજ 7  ડાક વિભાગે 'પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ'ની 142મી વર્ષગાંઠ ઉજવી

પેજ 5  ડાંગમાં સગીર આદિવાસી દીકરી પર દુષ્કર્મની ઘટનાથી ભારે રોષ, કલેક્ટરને અપાયું આવેદનપત્ર



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 313 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


ટ્રમ્પે કહ્યું- ટ્રેડ ડીલ પર પણ સહમતિ બની, મોદી રશિયન તેલ ખરીદવાનું બંધ કરશે

# અમેરિકાએ ભારત પર ટેરિફ 50%થી ઘટાડીને 18% કર્યો

## ભારત પર ટેરિફ હવે 50% ને બદલે 18% લાગશે અમેરિકાએ ઓગસ્ટ 2025માં ભારત પર બે વાર ટેરિફ લગાવ્યો હતો

• નવી દિલ્હી

અમેરિકાએ ભારત પર લગાવવામાં આવેલી 25% રેસિપ્રોકલ (જેવા સાથે તેવા)ટેરિફને 7%ઘટાડીને 18%કરી દીધી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોમવારે સોશિયલ મીડિયા 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરીને આ અંગે જાણકારી આપી.ટ્રમ્પે એમ પણ કહ્યું કે પીએમ મોદી રશિયન તેલ ખરીદવાનું બંધ કરીને અમેરિકા પાસેથી વધુ તેલ ખરીદવા સંમત થયા છે. સાથે જ ટ્રમ્પે એમ પણ કહ્યું છે કે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ પર સહમતિ બની ગઈ છે.

આ પછી પીએમ મોદીએ પોસ્ટ કરીને કહ્યું-એ જાણીને ખુશી થઈ કે હવે મેડ ઈન ઈન્ડિયા પ્રોડક્ટ્સ પર ટેરિફ ઘટીને 18% થઈ જશે. જોકે, તેમની પોસ્ટમાં ટ્રેડ ડીલ અંગે કોઈ જાણકારી નથી.

ભારત પર ટેરિફ હવે 50% ને બદલે 18% લાગશે અમેરિકાએ ઓગસ્ટ 2025માં ભારત પર બે વાર ટેરિફ લગાવ્યો હતો. પહેલી વાર 1 ઓગસ્ટે વેપાર ખાધને લઈને 25% ટેરિફ લગાવવામાં આવ્યો. ત્યારબાદ 27 ઓગસ્ટે રશિયા પાસેથી તેલ ખરીદવાને કારણે 25% વધારાનો ટેરિફ લગાવ્યો હતોરાષ્ટ્રપતિ ટ્રમ્પ અને PM મોદી બંનેએ રશિયન તેલ ખરીદવાને કારણે લગાવવામાં આવેલા 25% વધારાના ટેરિફ પર કંઈપણ સ્પષ્ટ કર્યું નથી. પરંતુ વ્હાઈટ હાઉસના એક અધિકારીએ ન્યૂયોર્ક ટાઈમ્સને જણાવ્યું કે અમેરિકા, ભારતથી આવતા સામાન પર લગાવવામાં આવેલો તે વધારાનો ટેરિફ હટાવી દેશે, જે રશિયા પાસેથી તેલ ખરીદવાના બદલામાં સજા તરીકે લગાવવામાં આવ્યો હતો.

ટ્રમ્પે પોસ્ટ કરીને લખ્યું કે આજે સવારે (ભારતીય સમય મુજબ રાત્રે) તેમની ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત થઈ.

બંને નેતાઓ વચ્ચે ઘણા મહત્વના મુદ્દાઓ પર વાત થઈ. તેમાં વેપાર (ટ્રેડ) અને રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવાનો વિષય પણ સામેલ હતો. મોદી આ વાત પર સહમત થયા કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું ઓછું કરશે અને અમેરિકા પાસેથી વધુ તેલ ખરીદશે. આ



સાથે વેનેઝુએલા પાસેથી તેલ ખરીદવાની સંભાવના પર પણ ચર્ચા થઈ.ટ્રમ્પે કહ્યું કે તેમનું માનવું છે કે આ પગલાંથી યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવામાં મદદ મળી શકે છે, જેમાં દર અઠવાડિયે હજારો લોકોના જીવ જઈ રહ્યા છે.ટ્રમ્પે એ પણ લખ્યું કે પીએમ મોદીની અપીલ અને તેમના પ્રત્યેના સન્માનને કારણે, અમેરિકા અને ભારત વચ્ચે તરત જ એક વેપાર કરાર કરવા પર સહમતિ બની છે.આ કરાર હેઠળ અમેરિકા, ભારત પર લગાવવામાં આવતા રેસિપ્રોકલ ટેરિફને 25 ટકાથી ઘટાડીને 18 ટકા કરશે. જ્યારે ભારત પણ અમેરિકા પર લગાવવામાં આવેલા પોતાના ટેરિફ અને બિન-ટેરિફ અવરોધોને ઘટાડવા અને તેમને ધીમે ધીમે સમાપ્ત કરવાની દિશામાં આગળ વધશે.આ ઉપરાંત પીએમ મોદીએ 'બાય અમેરિકન' એટલે કે અમેરિકાથી સામાન ખરીદવાને લઈને મોટી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ અંતર્ગત ભારત, અમેરિકાથી 500 અબજ ડોલરથી વધુના ઊર્જા, ટેકનોલોજી, કૃષિ, કોલસો અને અન્ય ઉત્પાદનો ખરીદશેછેલ્લે ટ્રમ્પે કહ્યું કે ભારત અને અમેરિકાના સંબંધો આગળ વધુ મજબૂત થશે. તેમણે લખ્યું કે તેઓ અને પીએમ મોદી બંને એવા નેતાઓ છે જે વાતો કરતાં કામ પર વધુ ભરોસો કરે છે.પીએમ મોદીએ લખ્યું કે મને રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરીને ખૂબ આનંદ થયો. એ જાણીને ખૂબ સંતોષ છે કે હવે મેડ ઈન ઈન્ડિયા ઉત્પાદનો પર ટેરિફ ઘટાડીને 18% કરવામાં આવ્યો છે. આ શાનદાર નિર્ણય માટે હું ભારતના 1.4 અબજ લોકો વતી રાષ્ટ્રપતિ ટ્રમ્પનો હૃદયપૂર્વક આભાર માનું છું.

જ્યારે વિશ્વની બે મોટી અર્થવ્યવસ્થાઓ અને સૌથી મોટા લોકતાંત્રિક દેશો સાથે મળીને કામ કરે છે, ત્યારે તેનો સીધો ફાયદો આપણા લોકોને મળે છે અને પરસ્પર સહયોગની નવી અને મોટી તકો ખુલે છે.

વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પનું નેતૃત્વ અત્યંત મહત્વપૂર્ણ છે. શાંતિ માટેના તેમના પ્રયાસોને ભારત સંપૂર્ણ સમર્થન આપે છે. હું તેમની સાથે મળીને કામ કરવા અને ભારત-અમેરિકા ભાગીદારીને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે ઉત્સુક છું.ટ્રમ્પે આજે જ પોતાના સોશિયલ મીડિયા 'ટ્રુથ સોશિયલ' પર ભારત સાથે જોડાયેલી બે તસવીરો પોસ્ટ કરી હતી. એકમાં તેમણે ઈન્ડિયા ગેટનો ફોટો શેર કર્યો હતો, જ્યારે બીજામાં પીએમ મોદી સાથે એક મેગેઝિનનું કવર શેર કર્યું હતું. ટ્રમ્પે ઈન્ડિયા ગેટની તસવીર શેર કરતા લખ્યું કે ભારતનો ટ્રાયમ્ફલ આર્ચ (ઈન્ડિયા ગેટ)ખૂબ સુંદર છે.

કેટજગતમાં એકલું અટૂલું પડી જશે પાકિસ્તાન

## વર્લ્ડ કપ છોડવો પાકિસ્તાનને ભારે પડશે ICC લગાવશે કરોડોનો દંડ અને પ્રતિબંધ

• નવી દિલ્હી

ભારત સામે મેદાનમાં ઊતરવાના ડર અને અહંકારમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) હવે પોતાના જ પગ પર કુહાડો મારી રહ્યું છે. વર્લ્ડ કપના બહિષ્કારની પોકળ ધમકીઓ આપતા પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) એવો આકરો પાઠ ભણાવવાની તૈયારીમાં છે કે જેની કલ્પના પણ પાકિસ્તાને નહીં કરી હોય. જો પાકિસ્તાન તેની જીદ પર અડગ રહેશે તો માત્ર અબજો રૂપિયાનું ફંડ જ નહીં છીનવાય, પરંતુ ICC તેના પર લાંબા ગાળાનો પ્રતિબંધ મૂકીને તેને ક્રિકેટ નકશા પરથી ગાયબ પણ કરી શકે છે. ભીખ માગીને બોર્ડ ચલાવતા પાકિસ્તાન માટે 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' જેવો ઘાટ સર્જાયો છે, જ્યાં ભારત સાથે પંગો લેવો તેને વૈશ્વિક સ્તરે એકલુંઅટૂલું કરી દેશે. પાકિસ્તાન સરકારે રવિવારે કહ્યું હતું કે તેમની ટીમ ટુર્નામેન્ટ રમશે, પરંતુ ભારત સામે નહીં ટકરાય. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ કહ્યું હતું કે PCB પોતાના નિર્ણય પર ફરીથી વિચાર કરે.ICCની પ્લેઈંગ કન્ડિશન મુજબ મેચનો બહિષ્કાર કરવાથી પાકિસ્તાનનો જ રન રેટ ખરાબ થશે. 16.10.7 ક્લોઝમાં જણાવવામાં આવ્યું છે કે પાકિસ્તાનના 20 ઓવરમાં 0 રન ગણાશે. જ્યારે ભારતનો એકપણ ઓવર કાઉન્ટ થશે નહીં. આનાથી પાકિસ્તાનનો રન રેટ બાકીની મેચો જીતીને પણ નેગેટિવમાં જઈ શકે છે.ગ્રુપ-એમાં ભારત અને પાકિસ્તાન ઉપરાંત નામિબિયા, નેધરલેન્ડ અને અમેરિકાની ટીમો છે. પાકિસ્તાન જો 3માંથી એકપણ મેચ હારી જશે તો ટીમ ગ્રુપ સ્ટેજમાંથી જ બહાર થઈ જશે. અમેરિકા તો પાછલા વર્લ્ડ કપમાં પાકિસ્તાનને હરાવીને ગ્રુપ સ્ટેજમાંથી જ બહાર પણ કરી ચૂક્યું છે. નેધરલેન્ડ પણ ICC ટુર્નામેન્ટમાં મોટા ઊલટફેર કરતું આવ્યું છે.ICCએ પાકિસ્તાનને તેના નિર્ણય પર ફરીથી વિચાર કરવા કહ્યું છે. વર્લ્ડ બોડી હવે PCBને પૂછશે કે તેમણે બહિષ્કાર શા માટે કર્યો? જો પાકિસ્તાને સંતોષકારક જવાબ ન આપ્યો તો ICC તેમને આ જ વર્લ્ડ કપમાંથી પ્રતિબંધિત પણ કરી શકે છે. આ પહેલાં પણ 5 ટીમો વર્લ્ડ કપમાં મેચનો બહિષ્કાર કરી ચૂકી છે.પાકિસ્તાન આ મામલે સુરક્ષા કારણોનો હવાલો આપી શકશે નહીં, કારણ કે ટીમ તેની બધી મેચો ભારતને બદલે શ્રીલંકામાં રમવાની છે. PCBએ જો બાંગ્લાદેશને સપોર્ટ કરવાનું કારણ આપ્યું તોપણ ICC કાર્યવાહી કરી શકે છે, કારણ કે ICCએ પહેલાંથી જ PCBને ધમકી આપી દીધી હતી કે જો બાંગ્લાદેશને સપોર્ટ કરવામાં આવશે તો પાકિસ્તાન સુપર લીગ (PSL) ને નો- ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) નહીં મળે.પાકિસ્તાને ગ્રુપ સ્ટેજમાં તો ભારત સામે રમવાની ના પાડી દીધી, પરંતુ બોર્ડે એ સ્પષ્ટ નથી કર્યું કે જો નોકઆઉટમાં ટીમ ઈન્ડિયા સામે આવશે તો ટીમ રમશે કે નહીં?

## સાનું- ચાંદી ફરી ક્રેશ:એક ઝટકે ચાંદી 16,000 સસ્તી થઈ, સોનું પણ ગબડ્યું, 4000 રૂપિયાથી વધુનો ઘટાડો

• નવી દિલ્હી

સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો ચાલુ છે. બજેટ રજુ થયાના બીજા દિવસે સોમવારે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર ટ્રેડિંગ શરૂ થતાં સોનું- ચાંદી સસ્તી થઈ ગઈ. એક તરફ, 1 કિલો ચાંદીના ભાવ એક ઝટકામાં લગભગ 16,000 રૂપિયાનો ઘટાડો થયો, તો બીજી તરફ, MCX પર 10 ગ્રામ 24 કેરેટ સોનાના વાયદા ભાવમાં 4000 રૂપિયાથી વધુનો ઘટાડો થયો. આજે સવારે 9:35 વાગ્યે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર, સોનાનો ભાવ 4,266 (3.0%) ઘટીને 1,37,951 પ્રતિ 10 ગ્રામ થયો છે.ગયા અઠવાડિયાના ગુરુવારે ઈતિહાસમાં પહેલીવાર 4 લાખ રૂપિયાનો આંકડો પાર કર્યા પછી ચાંદીના ભાવ સતત તૂટી રહ્યા છે. રવિવારે, બજેટ 2026ના દિવસે, જ્યારે અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ દિવસે, સોમવારે MCX પર કોમોડિટી ટ્રેડિંગ શરૂ થયું, ત્યારે ચાંદી ખુલતાની સાથે જ વધુ સસ્તી થઈ ગઈ.ગયા કારોબારી દિવસે, ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો થયો હતો અને પછી તે સુધરીને આખરે રૂ. 2,65,652 પર બંધ થયો હતો. સોમવારે કારોબાર શરૂ થતાંની સાથે જ તે રૂ. 2,55,652 પ્રતિ કિલો થઈ ગયો અને પછી, થોડી મિનિટો પછી, તે 249,713 પ્રતિ કિલો પર પહોંચી ગયો. આનો અર્થ એ થયો કે ચાંદીના વાયદા 15,943 સસ્તા થયા.ચાંદી છેલ્લા કેટલાક દિવસોમાં જે ગતિએ વધી છે તેના કરતાં વધુ ઝડપથી ઘટી રહી છે.ગયા ગુરુવારે, MCX પર 5 માર્ચની એક્સપાયરીવાળી ચા ચાંદીના વાયદાના ભાવે બધા રેકોર્ડ તોડી નાખ્યા અને 4,20,048 રૂપિયાના નવી ઓલ ટાઈમ હાઈ સ્તરને સ્પર્શ કર્યો.

જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં ફરીથી હિમવર્ષા શરૂ

## રાજસ્થાન, યુપી-MPમાં વરસાદ સાથે કરા પડ્યા:ઊભા પાકને નુકસાન

• નવી દિલ્હી

ઉત્તર ભારતના હવામાનમાં બદલાવ જોવા મળ્યો છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં ફરીથી હિમવર્ષા અને વરસાદ પડ્યો છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં રવિવારે વરસાદ સાથે કરા પડ્યા હતા.યુપીના 15 જિલ્લામાં વરસાદ અને મુઝફ્ફરનગર સહિત 4 જિલ્લામાં કરા પણ પડ્યા. જ્યારે રાજસ્થાનમાં રવિવારે બપોર પછી કોટા, ચિત્તોડગઢમાં કરા પડ્યા. મધ્ય પ્રદેશના નીમચ અને મંદસૌર જિલ્લાના ઘણા ભાગોમાં વરસાદ થયો અને કરા પડ્યા. કરા પડવાથી ખેતરોમાં ઉભેલા પાકને નુકસાન થયું છે.જમ્મુ-કાશ્મીરના પહેલગામ અને કાઝીગુંડના ઊંચાઈવાળા વિસ્તારોમાં રવિવારે હિમવર્ષા થઈ. જ્યારે શ્રીનગર સહિત દક્ષિણ કાશ્મીરના ઘણા ભાગોમાં વરસાદ થયો.ગુલમર્ગ સૌથી ઠંડો વિસ્તાર રહ્યો, જ્યાં લઘુત્તમ તાપમાન માઈનસ 7 ડિગ્રી સેલ્સિયસ રહ્યું. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં ગંગોત્રી-યમુનોત્રી ધામમાં રવિવારે હિમવર્ષા શરૂ થઈ ગઈ છે. રવિવારે રાજધાનીનું મહત્તમ તાપમાન 24.6 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 12.1 ડિગ્રી નોંધાયું. શહેરની હવાની ગુણવત્તા ખરાબ કેટેગરીમાં રહી અને સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ 265 નોંધાયો.હિમાચલ પ્રદેશમાં પણ રવિવારે બરફવર્ષા-વરસાદ થયો. સિમલા જિલ્લાના શિલારુ અને કુલ્લુના કોઠીમાં 5 સેન્ટિમીટર બરફવર્ષા થઈ. જ્યારે મનાલીમાં સૌથી વધુ 10 મિલીમીટર વરસાદ થયો. રાજ્યનું સૌથી ઓછું તાપમાન લાહૌલ-સ્પીતિના તાબો ગામમાં માઈનસ 3.6 ડિગ્રી નોંધાયું. હરિયાણા અને પંજાબમાં પણ લઘુત્તમ તાપમાન વધ્યું છે અને મોટાભાગના સ્થળોએ પારો સામાન્ય સ્તરથી ઉપર રહ્યો. હરિયાણાના અંબાલામાં લઘુત્તમ તાપમાન 12.4 ડિગ્રી અને હિસારમાં 11 ડિગ્રી નોંધાયું, જ્યારે ભિવાની અને નારનૌલમાં તાપમાન 6 થી 6.5 ડિગ્રીની વચ્ચે રહ્યું. પંજાબના અમૃતસર અને ગુરદાસપુરમાં ઠંડી થોડી વધુ રહી, જ્યાં તાપમાન 6 ડિગ્રીની આસપાસ નોંધાયું. આ ઉપરાંત લુધિયાણામાં 7.6 ડિગ્રી અને પટિયાલામાં 10.2 ડિગ્રી લઘુત્તમ તાપમાન રહ્યું.દિલ્હીમાં ફેબ્રુઆરીની શરૂઆત ગયા વર્ષની સરખામણીમાં ઠંડી રહી. રવિવારે રાજધાનીનું મહત્તમ તાપમાન 24.6 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 12.1 ડિગ્રી નોંધાયું. શહેરની હવાની ગુણવત્તા ખરાબ કેટેગરીમાં રહી અને સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ 265 નોંધાયો.

## મેગેઝિનનો ઉલ્લેખ કરવા પર રાજનાથ સિંહે વાંધો ઉઠાવ્યો

### વિપક્ષના નેતા રાહુલ ગાંધીના એક નિવેદનથી હોબાળો મચી ગયો

• નવીદિલ્હી,તા.૨

સંસદના બજેટ સત્રમાં ભારે હોબાળો જોવા મળ્યો. રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન, વિપક્ષના નેતા રાહુલ ગાંધીના એક નિવેદનથી હોબાળો મચી ગયો. ભૂતપૂર્વ ભારતીય સેના પ્રમુખ મનોજ મુકુંદ નરવણે દ્વારા લખાયેલા એક મેગેઝિનનો ઉલ્લેખ કરીને, તેમણે દાવો કર્યો કે ચીની સેના ભારતીય ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી રહી છે.આ નિવેદનથી ગૃહમાં હોબાળો મચી ગયો. ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે રાહુલ ગાંધીના નિવેદન પર તીવ્ર પ્રતિક્રિયા આપી.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા ગૃહમાં પ્રકાશિત મેગેઝિનનો ઉલ્લેખ કરવા પર સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વાંધો ઉઠાવ્યો, જે ગૃહના નિયમોની વિરુદ્ધ છે. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે તેમનો સ્ત્રોત અધિકૃત હતો અને તેમાં ભૂતપૂર્વ આર્મી જનરલ (એમએમ નરવણે) દ્વારા લખાયેલા અપ્રકાશિત મેગેઝિનમાંથી અવતરણોનો સમાવેશ થાય છે. એમએમ નરવણેના અહેવાલને ટાંકીને, રાહુલ ગાંધીએ કહ્યું કે ચીની સેનાના ટેન્ક ભારતીય સરહદની નજીક આવ્યા અને ચીની સેના ભારતીય ક્ષેત્રમાં ઘૂસી ગઈ. ચાર ચીની ટેન્ક ભારતીય સરહદમાં પ્રવેશી રહી હતી. ચીની સેનાના ટેન્ક કૈલાશ પર્વત પર ચઢી રહ્યા હતા. રક્ષા મંત્રી રાજનાથ સિંહે રાહુલ ગાંધીના નિવેદન સામે સખત વાંધો ઉઠાવ્યો અને કહ્યું કે રાહુલ ગાંધીએ સંસદને ગેરમાર્ગે ન દોરવી જોઈએ. લોકસભામાં, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, 'હું ઈચ્છું છું કે લોકસભામાં વિરોધ પક્ષના નેતા (રાહુલ ગાંધી) જે પુસ્તકનો ઉલ્લેખ કરી રહ્યા છે તે ગૃહ સમક્ષ રજૂ કરે, કારણ કે તેઓ જે પુસ્તકનો ઉલ્લેખ કરી રહ્યા છે તે પ્રકાશિત થયું નથી.' રાજનાથ સિંહે લોકસભા સ્પીકરને રાહુલ ગાંધીને ગૃહમાં તથ્યો વિના બોલવાની મંજૂરી ન આપવા કહ્યું.કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે સંસદના બજેટ સત્ર દરમિયાન રાહુલ ગાંધીને ભૂતપૂર્વ સેના પ્રમુખ દ્વારા પ્રકાશિત ન કરાયેલ મેગેઝિનનો ઉલ્લેખ કરીને લોકસભામાં ચીનનો મુદ્દો ઉઠાવતા અટકાવ્યા હતા.

અલંકાર અગ્નિહોત્રીએ જાહેરાત કરી

## 'એસસી/એસટી કાયદા સામે વિરોધ ૭ ફેબ્રુઆરીથી શરૂ થશે

• વારાણસી,તા.૨

બરેલીના ભૂતપૂર્વ સિટી મેજિસ્ટ્રેટ, અલંકાર અગ્નિહોત્રી, કેદારઘાટ સ્થિત વિદ્યા મઠમાં શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદને મળ્યા. શંકરાચાર્યના આશીર્વાદ મેળવ્યા પછી, તેઓ મીડિયાને મળ્યા.અલંકાર અગ્નિહોત્રીએ જણાવ્યું હતું કે આ મુલાકાત રાજકીય વ્યૂહરચનાનો ભાગ નહોતી પરંતુ એક સદભાગ્યપૂર્ણ સંયોગ હતો. શંકરાચાર્ય સાથે સામાજિક પરિસ્થિતિઓ પર વિગતવાર ચર્ચા થઈ હતી. અગાઉ, શંકરાચાર્યએ તેમને પ્રયાગરાજ આમંત્રણ આપ્યું હતું, પરંતુ સમયની મર્યાદાને કારણે, તેઓ હાજર રહી શક્યા ન હતા. કાશી પહોંચ્યા પછી શંકરાચાર્યને મળવાની તક મળી. અલંકાર અગ્નિહોત્રીએ જણાવ્યું હતું કે તેમનો કાશી સાથે વ્યક્તિગત સંબંધ છે, તેમણે આઈઆઈટી બીએચયુમાંથી શિક્ષણ મેળવ્યું છે, અને તેથી, અહીં આવવું ભાવનાત્મક રીતે મહત્વપૂર્ણ છે.અલંકાર અગ્નિહોત્રીએ કેન્દ્ર સરકારની નીતિઓનો, ખાસ કરીને એસસી એસટી કાયદા અને પ્રસ્તાવિત યુજીસી નિયમોનો સખત વિરોધ કર્યો. તેમણે જણાવ્યું હતું કે ૧૯૮૯માં લાગુ કરાયેલ એસસી એસટી કાયદો દેશનો સૌથી મોટો કાળો કાયદો છે. આ કાયદા હેઠળ દાખલ થયેલા લગભગ ૯૫ ટકા કેસ ખોટા છે, જેના કારણે સમાજના એક મોટા વર્ગને માનસિક, સામાજિક અને આર્થિક હેરાનગતિનો સામનો કરવો પડે છે.અગ્નિહોત્રીએ જણાવ્યું હતું કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ની નવી માર્ગદર્શિકા પર સ્ટે મૂકવામાં આવ્યો હોવા છતાં, મોટો મુદ્દો એસસી એસટી કાયદાને રદ કરવાનો છે.

## પાકિસ્તાન યુરોપના દેશો પાસેથી ડ્યૂટી ફ્રી માલ મગાવતું હતું એ એક ઝાટકે બંધ થઈ ગયું

### મોદીના માસ્ટર સ્ટ્રોકથી પાકિસ્તાનની કમર ભાંગી ગઈ; શાહબાઝને પરસેવો વળી ગયો

• ઈસ્લામાબાદ, તા.૨

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે થયેલી ઐતિહાસિક ફ્રી ટ્રેડ ડીલે પાકિસ્તાનની ઊંઘ ઉડાવી દીધી છે. અત્યાર સુધી યુરોપના બજારમાં જે ટેક્સટાઈલ અને ગાર્મેન્ટ સેક્ટરમાં પાકિસ્તાન'GSPપ્લસ' સ્ટેટસ હેઠળ ડ્યૂટી-ફ્રી એક્સેસનો ફાયદો ઉઠાવતું હતું એ હવે ભારતના ઝીરો-ડ્યૂટી પ્રવેશ સાથે ખતમ થઈ જશે. આર્થિક પાયમાલીનો સામનો કરી રહેલા પાકિસ્તાન માટે આ ડીલ 'મધર ઓફ ઓલ સેટબેક' સાબિત થઈ રહી છે, કારણ કે એના કારણે પાકિસ્તાનના ટેક્સટાઈલ ઉદ્યોગને વાર્ષિક અબજો ડોલરનું નુકસાન અને લાખો નોકરીઓ જવાનો ખતરો પેદા થયો છે. ભારત અને યુરોપિયન યુનિયન(EU) ના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA)થી પાકિસ્તાનમાં ૧ કરોડ નોકરી જોખમમાં છે. તેને અબજો ડોલરના નુકસાનનો પણ ડર છે. મીડિયા રિપોર્ટ અનુસાર, પાકિસ્તાને આ કરાર અંગે ગુરુવારે જણાવ્યું હતું કે તેEUના અધિકારીઓના સંપર્કમાં છે. તે એ સમજવાનો પ્રયાસ કરી રહ્યું છે કે ભારત-EU FTAની તેની નિકાસ પર શું અસર પડશે.

એ જ સમયે પાકિસ્તાનના પૂર્વ વાણિજ્યમંત્રી ગોહર એજાઝે સોશિયલ મીડિયા પર લખ્યું-EU સાથે પાકિસ્તાનનો 'ઝીરો-ટેરિફ હનિમૂન' સમાપ્ત થઈ ગયો છે અને લગભગ એક કરોડ નોકરી જોખમમાં છે. સરકારે ઉદ્યોગોને સસ્તી વીજળી, ઓછા ટેક્સ અને સરળ લોન આપવી જોઈએ, જેથી તેઓ અન્ય દેશોના ઉદ્યોગો સાથે સ્પર્ધા કરી શકે. ભારત અને(EU)એ ૨૭ જાન્યુઆરીના રોજFTAપર હસ્તાક્ષર કર્યા હતા. આ કરારથી બે એવી અર્થવ્યવસ્થાઓ એકસાથે આવી છે, જે વિશ્વની લગભગ એક-ચતુર્થાંશ વસતિ, ૨૫% વૈશ્વિકGDPઅને લગભગ ૨ અબજ લોકોનું સંયુક્ત બજાર બનાવે છે. પાકિસ્તાન આ ડીલથી પરેશાન છે, કારણ કે લાંબા સમયથી તેને યુરોપિયન માર્કેટમાં ભારત પર લીડ મળી હતી. આનું કારણEUનીGSPપ્લસ યોજના હતી. આ યોજના હેઠળ પાકિસ્તાનને તેનાં લગભગ ૬૬% ઉત્પાદનોને ટેક્સ વિના યુરોપ મોકલવાની સુવિધા મળી હતી.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# તારે ઝમીં પર: ૧૯ વર્ષ પછી પણ અધૂરી રહેલી સમજણ અને આજનું શિક્ષણ

• લેખક અશ્વિન ગોહિલ ની કલમે (શિક્ષક, કવિ, સાહિત્યકાર)



વર્ષ ૨૦૦૭માં જ્યારે 'તારે ઝમીં પર' સિનેમાઘરોમાં રિલીઝ થઈ, ત્યારે એ માત્ર એક ફિલ્મ નહોતી, પણ શિક્ષણ જગત અને વાલીઓ માટે એક 'સાયલન્ટ એલાર્મ' હતી. આજે ૧૯ વર્ષ વીતી ગયા છે, ઈશાન અવસ્થી જેવા કેટલાય બાળકો મોટા થઈ ગયા હશે, પણ શું આપણી માનસિકતા બદલાઈ છે? આજે જ્યારે આપણે ૨૦૨૬માં ઊભા છીએ, ત્યારે આ ફિલ્મનો સંદેશ વધુ પ્રસ્તુત અને ગંભીર જણાય છે.

સંવેદનાનું સંગીત અને ઈશાનની મૌન ચીસ

ત્યારે ઈશાનનું મૌન શબ્દો કરતા વધુ બોલતું હતું. તેની લડાઈ કોઈ દુશ્મન સામે નહીં, પણ 'ડિસ્લેક્સિયા' જેવી અદ્રશ્ય મુશ્કેલી અને સમાજના 'નોર્મલ' હોવાના માપદંડો સામે હતી. રામશંકર નિકુંભ જેવા શિક્ષકે શીખવ્યું કે, જો બાળક આપણી રીતે નથી શીખી શકતું, તો આપણે બાળકની રીતે શીખવવું પડશે.

આજના સમયનું ઓનલાઈન શિક્ષણ અને માનસિક દબાણ

છેલ્લા કેટલાક વર્ષોમાં શિક્ષણનું સ્વરૂપ બદલાયું છે. 'ડિજિટલ લર્નિંગ' અને 'ઓનલાઈન ક્લાસીસ' ના નામે આપણે બાળકોના હાથમાં ગેજેટ્સ તો આપી દીધા, પણ શું આપણે તેમની એકલતા સમજી શક્યા?

સ્ક્રીન ટાઈમ વર્સિસ સ્મિત: આજે બાળક પુસ્તકોના ભાર નીચે તો દબાયેલું છે જ, પણ હવે તેની પાસે સોશિયલ મીડિયાની બનાવટી દુનિયાનું દબાણ પણ છે.

અદ્રશ્ય સ્પર્ધા: પહેલા સ્પર્ધા માત્ર ક્લાસના ૫૦ બાળકો વચ્ચે હતી, હવે તે ઓનલાઈન પ્લેટફોર્મ્સને કારણે હજારો બાળકો વચ્ચે થઈ ગઈ છે. આ 'રેટ રેસ' (ઉંદર દોડ) માં બાળકનું 'બાળપણ' ક્યાંક ખોવાઈ ગયું છે.

નવી શિક્ષણ નીતિ (NEP) અને કાઉન્સેલિંગની જરૂરિયાત

વર્તમાન શિક્ષણ નીતિ (NEP) માં કૌશલ્ય આધારિત શિક્ષણની વાત કરવામાં આવી છે, જે આવકારદાયક છે. પરંતુ, દરેક શાળામાં એક વ્યાવસાયિક 'કાઉન્સેલર' હોવો અનિવાર્ય છે. બાળકને ગણિતના દાખલા ન આવડે તો આપણે ટ્યુશન રાખીએ છીએ, પણ જો બાળક ઉદાસ રહેતું હોય તો આપણે તેને 'આળસ' ગણીએ છીએ. ડિસ્લેક્સિયા, એડીએચડી (ADHD) કે ડિપ્રેશન એ બહાના નથી, પણ તબીબી અને માનસિક સ્થિતિઓ છે જેને પ્રેમ અને ધીરજની જરૂર છે.

વાલીઓ અને શિક્ષકો માટે સંદેશ

આજના સ્પર્ધાત્મક યુગમાં મારે દરેક વાલીને એટલું જ કહેવું છે:

'તમારા બાળકને બીજાના બાળક સાથે સરખાવશો નહીં,

કારણ કે સૂરજ અને ચંદ્ર બંને પોતપોતાના સમયે જ ચમકે છે.'

તમારા બાળકને ડોક્ટર કે એન્જિનિયર બનાવતા પહેલા એક 'ખુશ માણસ' બનાવો. જો તે ચિત્રકલામાં મશગૂલ હોય, તો તેને કાગળ અને રંગો આપો, તેને ગણિતના સમીકરણોમાં કેદ ન કરો.

બાળકોના માનસિક સ્વાસ્થ્ય માટેના ઉપાયો

૧. સાંભળવાની કળા: બાળક સાથે દિવસમાં અડધો કલાક એવી વાતો કરો જેમાં કોઈ શિખામણ ન હોય, માત્ર તેની વાતો સાંભળવાની હોય.

૨. પ્રકૃતિ સાથે જોડાણ: તેને ગેજેટ્સથી દૂર કરી ગાર્ડન કે મેદાનમાં રમવા મોકલો. માટી સાથેનો સંપર્ક માનસિક તણાવ ઘટાડે છે.

૩. ચોક્કસ પ્રવૃત્તિઓ: ચિત્રકામ, સંગીત, ડાયરી લેખન કે માટીકામ જેવી પ્રવૃત્તિઓ તેને પોતાની લાગણીઓ વ્યક્ત કરવામાં મદદ કરશે.

૪. ભૂલ કરવાની છૂટ: બાળકને સમજાવો કે પરીક્ષામાં ઓછા માર્ક આવવા એ જીવનની હાર નથી.

નિષ્કર્ષ:

કેટલીક ફિલ્મો મનોરંજન આપે છે, કેટલીક જ્ઞાન આપે છે, પણ 'તારે ઝમીં પર' એ રૂઝ (Healing) આપે છે. આ ૧૯ વર્ષોમાં આપણે ટેકનોલોજીમાં પ્રગતિ કરી છે, હવે સમય છે કે આપણે સંવેદનામાં પણ પ્રગતિ કરીએ. દરેક બાળક એ ધરતી પર ખરેલું એક નક્ષત્ર છે, તેને પોતાની રીતે ચમકવા દો.

તારાઓ તો આભમાં પણ હોય છે,

પણ જે જમીન પર છે, એને આપણી જરૂર છે.

એની પાંખો ન કાપો સાહેબ,

એને ઉડવા માટે આખું આકાશ આપવું છે.

લેખક અશ્વિન ગોહિલ ની કલમે (લેખક, કવિ, સાહિત્યકાર)

**ધાર્મિક ઉત્સવ** — પોરબંદરના નામી અનામી કલાકારો એ સંતવાણી પ્રસ્તુત કરી સૌને ભક્તિ ભાવ થી ભીંજવ્યા હતા

# કોળી યુવા સેવા મિત્ર મંડળ અને મહિલા સત્સંગ મંડળના સંયુક્ત ઉપક્રમે રામદેવજી મહારાજના પ્રસાદી ઉત્સવનું ભવ્ય આયોજન

## પ્રતિષ્ઠા અને ધાર્મિક ઉત્સવના ત્રીજા તિથિ પ્રસંગે મહાકાલેશ્વર અને રામદેવજી મહારાજ મંદિરે અવલોકિત દર્શન

• પોરબંદર

પોરબંદર જિલ્લામાં સ્થિત પુનિત નગર સોસાયટી ખાતે કોળી સમાજ યુવા મંડળ અને મહિલા સત્સંગ મંડળના સંયુક્ત ઉપક્રમે એક વિશાળ અને ભવ્ય ધાર્મિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાકાલેશ્વર મંદિર અને શ્રી રામદેવજી મહારાજ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા અને પ્રસારિત પ્રસાદી ઉત્સવનું ત્રીજું તિથિ ઉજવાયું. આ કાર્યક્રમમાં પોરબંદર જિલ્લામાંના નક લગ નેજા ધારી શ્રી રામ દેવજી મહારાજ ના પ્રસાદી ઉત્સવ ના ભાગરૂપે ધર્મ ઉત્સવ ના અવસરે કારક્રમમાં પોરબંદર જિલ્લા કોળી સમાજ ગરબી મંડળ ના પ્રમુખ લાખાભાઈ મોકરિયા ના અધ્યક્ષ સ્થાને યોજાએલ ધર્મ સભામા પોરબંદર જીલ્લાના વિવિધ કોળી સમાજના અગ્રણીઓ હિતેશભાઈ વાજા, અર્જનભાઈ આંત્રોલિયા, પોરબંદર જિલ્લા કોળી સમાજ રત્ન જાણીતા કેળવણીકાર ડો ઈશ્વરલાલ ભરડા,મનુભાઈ માવદીયા, કોળી સમાજ શ્રેષ્ઠી હેમંતભાઈ મોકરિયા , દુદાભાઈ બારૈયા,મહેશભાઈ ભુવા, તાલુકા કોળી સમાજ કર્મ ચારી મંડળ નાં પ્રમુખ નારણ ભાઈ બામણીયા, ૐ સાઈ ટેકા પરબ નાં પ્રમુખ



રામસી ભાઈ બામણીયા,ભૂપત ભાઈ ડાભી, જેઠા ભાઈ ગોઢાણીયા સહિતના મહાનું અનેક શ્રેષ્ઠીઓ અને ધાર્મિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પોરબંદર જિલ્લાના કોળી સમાજના પ્રમુખ લાખાભાઈ મોકરિયા, હિતેશભાઈ વાજા, અર્જન ભાઈ આંટ્રોલિયા, અને કેળવણીકાર ડો. ઈશ્વરલાલ ભરડા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિતિ દર્શાવતાં, આ કાર્યક્રમને વધુ મહત્વ અને લોકપ્રિયતા આપી.પ્રારંભમાં,આ ધર્મ સભાને સંબોધન કરતા પોરબંદર જિલ્લા કોળી સમાજ રત્ન જાણીતા કેળવણીકાર ડો ઈશ્વરલાલ ભરડાએ જણાવ્યું હતું કે ,આજે સમાંજમાં વ્યસનો નું પ્રમાણ દિન પ્રતિદિન વધતું જાય છે ત્યારે શિસ્ત બધ્ધ સમાજના ઘડતર માટે શિક્ષણ પાયાની જરૂરિયાત છે સમાજમાં શિક્ષણ નું પ્રમાણ વધશે એટલે વ્યસનો આપો આપ નાબૂદ થશે વ્યસનો સામે મજબૂર નહીં પણ મજબૂત બનો તેમણે શ્રી રામદેવજી મહારાજના જીવન કવચ પરથી આદર્શ જીવન જીવવાની શીખ આપી હતીઆ પ્રસગે જિલ્લા કોળી સમાજ ગરબી મંડળ ના મંત્રી હિતેશ ભાઈ વાજા એ જણાવ્યું હતુ કે જિલ્લા કોળી સમાજ દ્વારા પ્રતિવર્ષ સામાજિક,માંગલિક તેમજ ધાર્મિક કાર્યક્રમોનાં આયોજન કરવામાં આવે છે તેની વિસ્તૃત માહિતી સાથે કોળી સમાજ માંથી વ્યસનો તિલાંજલી આપવા મહિલાઓને આગળ આવવાની અપીલ કરી હતીઉત્સવ અવસરે નાની બાળાઓ ની કળશ યાત્રા સાથે સામૈયુ ઢોલ નગરા સાથે નીકળ્યું હતું જેમાં મહિલા સત્સંગ મંડળ ના શ્રેષ્ઠી પારુલ બેન ચોહાણ, પાર્વતી બેન ચોહાણ, શીતલબેન,હેમલતા બેન, ભાવિસા બેન બામણીયા, હેતલબેન છાયા, ભારતીબેન સોલંકી, રીટાબેન, ભાવનાબેન ચાવડા ક્રિષ્નાબેન બામણીયા, બાબુભાઈ મકવાણા,વલ્લભભાઈ બામણીયા, કાનાભાઈ શામળા, ભાવેશભાઈ બામણીયા, પ્રભાબેન વાઢીયા,સંજયભાઈ સોલંકી, પ્રકાશભાઈ બામણીયા,રાજુ ભાઈ મોઢવાડીયા સહિતના ભક્તજનો જોડાયા હતા જે પુનિત નગર ના સ્વ દેવાભાઈ વાજા ના નિવાસ સ્થાન 'ખોડીયાર કૃપા 'ખાતે થી શ્રી રામદેવજી મહારાજ ની ધ્વજા સાથે મંદિર ખાતે સામૈયુંનું સમાપન થતાં શ્રી રાદેવજી મહારાજ મંદિર ખાતે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું શ્રી રામ દેવજી મહારાજ નો પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો જેમાં ગાદીપતિ વિનુબાપુ દેસાણી અને કોટવાર તરીકે રાજુભાઈ અને જગુભાઈ બામણીયા એ સેવા આપી હતી. આ પ્રસંગે પોરબંદરના નામી અનામી કલાકારો એ સંતવાણી પ્રસ્તુત કરી સૌને ભક્તિ ભાવ થી ભીંજવ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુરેશભાઈ બામણીયા એ સાંભળ્યુ હતું જ્યારે આભાર દર્શન જેઠાભાઈ ગોઢાણીયા એ કર્યું હતુ

વિશ્વાસ સાથે, આ ઉત્સવનું આયોજન એ શહેરના શાંતિપૂર્ણ અને ધાર્મિક મંચ તરીકે ઊભરતું રહ્યું. જ્યાં દરેક ભક્તને મહાપ્રસાદ અને ભક્તિભાવથી ભિંજાવવાનો અવસર મળ્યો.

રિપોર્ટર:- વિરમભાઈ કે.આગઠ

3 મહિનાની જેલની સજા ફટકારી અન્ય સ્કૂલો અને શિક્ષકો માટે એક દાખલો બેસાડ્યો

# વિદ્યાર્થિનીને લાફો મારનાર શિક્ષિકાને 3 વર્ષની જેલ:એન. સોલંકી કન્યા વિદ્યાલયમાં હોમવર્ક ન કરવા બદલ લાફો મારી કાનનો પડદો ફાડી નાખ્યો હતો

**3 વર્ષની જેલ** — બાળકી અસહ્ય પીડા સાથે બે પિરિયડ સુધી ક્લાસની બહાર ઉભી રહેવાથી બેભાન જેવી થઇ ગઇ હતી

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામની એક સ્કૂલમાં શિસ્તના નામે માનવતા ભૂલેલી શિક્ષિકા સામે કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. હોમવર્ક ન કરવા જેવી સામાન્ય બાબતે 14 વર્ષની દીકરીને બેરહેમીથી માર મારી કાનનો પડદો ફાડી નાખનાર વિજ્ઞાનના શિક્ષિકાને ગાંધીનગર કોર્ટે 3 વર્ષ અને 3 મહિનાની જેલની સજા ફટકારી અન્ય સ્કૂલો અને શિક્ષકો માટે એક દાખલો બેસાડ્યો છે. આ કેસની વિગતો મુજબ, ગાંધીનગરની દહેગામ તાલુકાના લેકવાડા ગામના રમેશભાઈની 14 વર્ષીય દીકરી એન. સોલંકી કન્યા વિદ્યાલયમાં ધોરણ 9માં અભ્યાસ કરતી હતી. 1 જાન્યુઆરી, 2020ના



રોજ સ્કૂલમાં વિજ્ઞાનના પિરિયડ દરમિયાન શિક્ષિકા પારૂલબેન પટેલે હોમવર્ક વિશે પૂછપરછ કરી હતી. જોકે બાળકીએ હોમવર્ક નથી કર્યું તેમ કહેતા જ શિક્ષિકા ઉશ્કેરાઈ ગયા હતા. આ વાતે આરોપી શિક્ષિકાએ બાળકીને ડાબા કાન પર જોરદાર લાફો ઝીંકી દીધો હતો, જેથી બાળકી દર્દથી કણસતી હતી અને કાન પર હાથ રાખ્યો હતો. આ છતાં શિક્ષિકાનો ગુસ્સો શાંત થયો નહોતો અને તેમણે બાળકીનો હાથ હટાવી બીજો લાફો મારીને વર્ગખંડની બહાર ઊભા રહેવાની સજા આપી હતી. ત્યારે વિજ્ઞાનના બે પિરિયડ સુધી બાળકી રઝળપાટ કરતી રહી હતી. બાળકી અસહ્ય પીડા સાથે બે પિરિયડ સુધી ક્લાસની બહાર ઉભી રહેવાથી બેભાન જેવી થઈ ગઈ હતી. આ દરમિયાન સ્કૂલના આચાર્ય ત્યાંથી પસાર થયા હતા. ત્યારે બાળકીએ પિતાને ફોન કરવા વિનંતી કરી હોવા છતાં આચાર્યએ કોઈ ધ્યાન આપ્યું નહીં અને તેને પીડાતી હાલતમાં છોડી દીધી હતી.સ્કૂલ છૂટ્યા બાદ જ્યારે પિતા તેને હોસ્પિટલ લઈ ગયા ત્યારે નિદાન થયું કે, મારને કારણે બાળકીના કાનના પડદામાં કાણું પડી ગયું છે. આ ઘટનાને પગલે વિદ્યાર્થિનીના પિતાએ હિંમત દાખવી દહેગામ પોલીસ સ્ટેશનમાં જુવેનાઈલ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.આ કેસ ગાંધીનગરના ત્રીજા એડિશનલ ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ સમક્ષ ચાલ્યો હતો, જેમાં સરકારી વકીલની દલીલો અને તબીબી પુરાવાઓને ગ્રાહ્ય રાખીને કોર્ટે નોંધ્યું કે શિક્ષકનું કાર્ય બાળકોનું ઘડતર કરવાનું છે, તેમને શારીરિક અપંગતા તરફ ધકેલવાનું નહીં. કોર્ટે આરોપી શિક્ષિકા પારૂલબેન રજનીકાંત પટેલને (રહે. આણંદ) દોષિત ઠેરવી ત્રણ વર્ષની કેદ અને 25 હજારનો દંડ ભોગવવાનો હુકમ કરી અન્ય સ્કૂલો અને શિક્ષકો માટે એક દાખલો બેસાડ્યો છે.

# રોજ લાખો લોકો વિદાય લે છે આ દુનિયાથી, ક્યારેય વિચાર્યું છે કે આપણે બધા માટે કેમ નથી રડતા?

દુનિયામાં દરરોજ લાખો લોકો મૃત્યુ પામે છે. કોઈ બીમારીને કારણે, કોઈ અકસ્માતમાં તો કોઈ કુદરતી રીતે પોતાની જીવનલીલા સંકેલી લે છે. આપણે સમાચારોમાં આ આંકડા વાંચીએ છીએ, ટીવી પર દ્રશ્યો જોઈએ છીએ, પણ આપણું હૃદય એ દરેક મૃત્યુ પર રડતું નથી. આપણે આપણું કામ ચાલુ રાખીએ છીએ, હસીએ છીએ અને સામાન્ય જીવન જીવીએ છીએ. પરંતુ, જ્યારે એ લાખોમાંથી કોઈ એક વ્યક્તિ આપણા ઘરની કે અંગત હોય છે, ત્યારે આખી દુનિયા વેરવિખેર થઈ જાય છે.

'દુ:ખનું કારણ મૃત્યુ નથી, પણ તે વ્યક્તિ સાથેનો આપણો સંબંધ છે.' મૃત્યુ તો માત્ર એક પ્રક્રિયા છે.શરીરના અંતની. પણ જ્યારે આપણે કોઈ વ્યક્તિને 'મારી પોતાની' કહીએ છીએ, ત્યારે આપણે તેની સાથેઆપણી લાગણીઓ, અપેક્ષાઓ અને ભવિષ્યના સપનાઓ જોડી દઈએ છીએ. જ્યારે એ વ્યક્તિ જાય છે, ત્યારે એ સપનાઓ અને અપેક્ષાઓ તૂટે છે, અને એ તૂટવાનો અવાજ એટલે આપણા 'આંસુ'.

સ્મશાનમાં રોજ અનેક ચિતાઓ સળગે છે. ત્યાંથી પસાર થતી વખતે આપણે કદાચ બે મિનિટ માટે મૌન પાળીએ અથવા ભગવાનને પ્રાર્થના કરીએ કે તેની આત્માને



શાંતિ મળે. પણ આપણા પગ અટકતા નથી. કેમ? કારણ કે ત્યાં આપણું 'કોઈ' નથી. આપણે વ્યક્તિના જવાથી નહીં, પણ આપણા જીવનમાં તેની જે 'જગ્યા' હતી તે ખાલી પડવાથી દુ:ખી છીએ. આપણે એ શૂન્યાવકાશથી ડરીએ છીએ જે એ વ્યક્તિના જવાથી સર્જાયો છે.

આધ્યાત્મિક દ્રષ્ટિએ જોઈએ તો, આપણે જેને પ્રેમ કહીએ છીએ તે ઘણીવાર 'મોહ' હોય છે. પ્રેમ મુક્ત કરે છે, જ્યારે મોહ બાંધે છે. આપણે એ વ્યક્તિને આપણી ખુશીનું સાધન માની લઈએ છીએ. જ્યારે એ સાધન છીનવાઈ જાય છે, ત્યારે આપણે આક્રંદ કરીએ છીએ.જોઆપણે સમજી શકીએ કે દરેક જીવ આ પૃથ્વી પર મુસાફર છે અનેદરેકનો રસ્તો અલગ છે, તો કદાચ વિદાયની વેળાએ આટલી પીડા ન થાય.

આ સત્યમાંથી શું શીખવું?

આ વાતનો અર્થ એ નથી કે આપણે પથ્થર દિલના બની જવું. પણ આ વાસ્તવિકતા આપણને બે ખૂબ જ કિંમતી પાઠ ભણાવે છે કે જીવતા માણસની કદર .જો આપણે જાણીએ છીએ કે સંબંધ જ દુ:ખનું મૂળ છે, તો એનો અર્થ એ પણ છે કે સંબંધ જ સુખનું મૂળ છે. વ્યક્તિના ગયા પછી રડવા કરતા, તે જ્યારે સાથે છે ત્યારે તેને પૂરતો પ્રેમ અને સન્માન આપવું જોઈએ. બીજું કે માનસિક તૈયારી 'પરિવર્તન' એ સંસારનો નિયમ છે. આજે જે આપણી સાથે છે, તે કાલે નહીં હોય આ વાતનો સ્વીકાર

આપણને માનસિક રીતે મજબૂત બનાવે છે.

અંતે તો એટલું જ કે, મૃત્યુ એ અંત નથી, પણ એક નવો પ્રારંભ છે. આપણે બધા માટે એટલે નથી રડતા કારણ કે આપણો દરેક સાથે 'તાર' જોડાયેલો નથી. જેની સાથે આપણી લાગણીનો તાર જોડાયેલો હોય, એના જવાથી જ આભ ફાટતું લાગે છે. સંબંધો સાચવો, કારણ કે અંતે તો એ યાદો જ આપણી મૂડી છે.

દર્શના પટેલ (નેશનલ મેડાલિસ્ટ)

# જેતપુર તાલુકાના વાડસરા ગામે ખોવાય ગયેલ મોબાઈલ ફોન શોધી પરત આપતી તાલુકા પોલીસ

• સુરેશ ભાલીયા જેતપુર.

રાજકોટ રેન્જ પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર તથા નાયબ પોલીસ અધીક્ષક આર.એ.ડોડીયા જેતપુર વિભાગ નાઓએ ગુમ કે ચોરી થયેલ નાગરીકોની જંગમ મિલ્કતો શોધી કાઢી પરત અપાવવા સુચન તેમજ માર્ગદર્શન આપેલ હોય. તેમજ નીલેષભાઇ હમીરભાઇ મકવાણા ઉ.વ.૩૦ રહે.જેતપુર વાળાનો એપલ કંપનીનો આઈફોન ૧૬ તા.૨૫.૦૧.૨૦૨૬ ના રોજ વાડાસડા ગામમાં કોઈ જગ્યાએ ગુમ થઈ ગયેલ હોય જે અન્વયે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ.હેરમાં તથા પોલીસ સ્ટાફ દ્વારા ગુમ થયેલ મોબાઈલ અંગે ટેક્નિકલ તથા હ્યુમનસોર્સની મદદથી મોબાઈલ શોધી રીકવર કરી મુળ માલીકને પરત સોંપી સરાહનીય કામગીરી કરવામા




આવેલ છે. આ કામગીરીમાં પીઆઈ એ.એમ. હેરમા એએસઆઈ ભીમાભાઈ ગંભીર તથા હેડ કોન્સ અજીતભાઈ ગંભીર દ્વારા કરવામાં આવેલ.

# આરટીઓ સામે ધમધમતા ગેરકાયદે ડ્રાઇવિંગ ટ્રેક પર બુલડોઝર ફરી વળ્યું

• ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-ઉન્યુંમાં આવેલા પ્રાદેશિક પરિવહન કચેરી એટલે કે, આરટીઓની બિલકુલ સામે, સરકારી અને ખાનગી જમીન પર ગેરકાયદેસર રીતે ઉભા કરી દેવાયેલા ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પર આખરે તંત્રએ લાલ આંખ કરી છે. પાટનગર યોજના વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી દબાણ હટાવો ઝુંબેશ અંતર્ગત આ તમામ ગેરકાયદે બાંધકામોને તોડી પાડી જમીન ખુલ્લી કરાવવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષથી કોઈ પણ પ્રકારની મંજૂરી વગર ચાલતા આ 'સમાંતર આરટીઓ' જેવા ટ્રેક પર તવાઈ આવતા ગેરકાયદે સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છેઆ સમગ્ર કૌભાંડ અત્યંત વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું હતું. આરટીઓમાં જે પ્રકારના ઓફિશિયલ ડ્રાઈવિંગ ટ્રેક હોય છે, તેવી જ સાઈઝ અને ડિઝાઈનના ટ્રેક અહીં પેવર બ્લોક નાખીને તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં ફોર-વ્હીલર ટેસ્ટ માટેના મહત્વના અવરોધો જેવા કે પાર્કિંગ બ્લોક, ઢાળ, સ્પિડબ્રેકર,ઈંગ્લિશ 'એઈટ',રિવર્સ 'એસ' બનાવવામાં આવ્યા હતા.નવા લાયસન્સ લેવા આવતા અરજદારો ફેઈલ થવાના ડરથી આ ખાનગી ટ્રેક પર પ્રેક્ટિસ કરવા આવતા હતા. જેનો ફાયદો ઉઠાવી સંચાલકો કોઈપણ મંજૂરી વગર પ્રતિ વ્યક્તિ રૂપિયા ૫૦૦ જેવી મોટી રકમ વસૂલતા હતા. શરૂઆતમાં આરટીઓ અધિકારીઓએ આ બાબતે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરી હતી, પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પાટનગર યોજના વિભાગ વચ્ચેની સંકલન કમીને કારણે આ ટ્રેકની સંખ્યા એક પછી એક વધતી ગઈ હતી.

સાયન્સ સિટીમાંથી ચોરીને 10 લાખમાં શિવરંજનીના જ્વેલર્સને વેચી દીધા

# ટેનિસ કોચે તેના સ્ટુડન્ટના ઘરેથી 12.20 લાખના દાગીના ચોર્યા

• અમદાવાદ

અમદાવાદના સાયન્સ સિટી રોડ પરના એક મકાનમાંથી ટેનિસ કોચે લાખો રૂપિયાના દાગીનાની ચોરી કરી છે. ટેનિસ કોચ મકાન માલિકના દીકરાને ટેનિસ શીખવાડવા આવતો હતો. કોચ રાબેતા મુજબ આવ્યો હતો. કોચે મોકો મળતા 12.20 લાખના દાગીના ચોરી કરી મિત્ર મારફતે શિવરંજનીના જ્વેલર્સને 10 લાખમાં વેચી દીધા હતા.આ અંગે સોલા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે. સાયન્સ સિટી ખાતે ગ્રીન વ્યુ એપાર્ટમેન્ટમાં ગૌરવ દિક્ષિત તેમના બે બાળકો અને પત્ની સાથે રહે છે. ગૌરવભાઈ સિક્યુરિટી એજન્સી ચલાવે છે. ગૌરવભાઈનો દીકરી ટેનિસ રમે છે. દીકરાને ટેનિસ કોચિંગ માટે ક્યારેક તેમના પત્ની મૂકવા જાય છે તો ક્યારેક કોચ વેદિક લેવા આવે છે. 19 ડિસેમ્બરે પણ વેદિક ગૌરવભાઈના દીકરાને લેવા આવ્યો હતો. આ દરમિયાન વેદિક લાબા સમય સુધી ઘરમાં રહ્યો હતો.

ગૌરવભાઈનો દીકરી બીમાર હોવાથી તે



દિવસે કોચિંગ માટે ગયો ન્હોતો, પરંતુ વેદિકે બાથરૂમ જવાનું કહીને એક રૂમમાં ગયો હતો. જે બાદ વેદિક ફોન આવ્યો કહીને ઝડપથી જતો રહ્યો હતો. 23 ડિસેમ્બરના રોજ ગૌરવભાઈ રૂમમાં ગયા ત્યારે રૂમમાંથી 12 લાખના સોનાનાં અને 20 હજારના ચાંદીના દાગીના ચોરી થયા હતાં. આ દિવસની વેદિક આવ્યો હોવાથી તેમને વેદિક પર જ શંકા હતી. ગૌરવભાઈએ વેદિકને ફોન કરતા વેદિકનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. ગૌરવભાઈ વેદિકની સાથે કામ કરતા નેમ શાહને મળ્યા હતા ત્યારે નેમ શાહે જણાવ્યું હતું કે, વેદિક દાગીના આપીને ગયો હતો અને કહ્યું છે કે દહીં વેચી દેજે માર પત્નીના છે,મારે પૈસાની જરૂર છે જેથી દાગીના વેચીને પૈસા મને આપજે. નેમ શાહે શિવરંજની બી.જી જ્વેલર્સમાં ચોરીના દાગીના વેચી દીધા હતા. આ દાગીનાના 10.09 લાખ આવ્યા હતા જે વેદિકને આપ્યા હતાં. આ અંગે ગૌરવભાઈએ વેદિક સામે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.સોલા પોલીસ દ્વારા ચોરીના દાગીના બી.જી જ્વેલર્સમાંથી રીકવર કરવામાં આવશે. પોલીસ દ્વારા તપાસ કરવામાં આવશે કે નેમને ચોરીના દાગીના હોવાની જાણ હતી કે કેમ. શિવરંજનીના બી.જી જ્વેલર્સમાં પણ તપાસ કરવામાં આવશે કે જ્વેલર્સ ક્યાં આધાર પર દાગીના ખરીદીને 10 લાખ રૂપિયા આપ્યા હતા. જો ચોરીના દાગીના કોઈ આધાર પુરાવા વિના ખરીધ્યા હશે તો જ્વેલર્સ સામે પણ કાર્યવાહી કરવામાં આવી શકે છે.

# કેનેડાના PR વિઝા આપવાનું કહી ઠગ દંપતીએ 31 લાખ પડાવ્યાં

### રુચિતા અને હાર્દવે પ્રોસેસના નામે બે મિત્ર પાસેથી પૈસા ખંખેરી દ્વિશા કન્સલ્ટન્સીને તાળા મારી દીધા




• અમદાવાદ

અમદાવાદના બે મિત્રોને કેનેડા PR વિઝા આપવાનું કહીને ઠગ દંપતીએ 31 લાખનો ચૂનો લગાવ્યો છે. વિઝાના નામે પ્રોસેસ શરૂ કરી હતી, જેમાં શરૂઆતમાં જ કુલ રકમના 30 ટકા આપવાનું કહીને બંને મિત્રો પાસેથી 31 લાખ લઈ લીધા લીધા હતા. જોકે બાદમાં બંને દંપતી ગાયબ થઈ ગયા હતા, જેથી યુવકે સોલા પોલીસ સ્ટેશનમાં દંપતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. નિકોલમાં રહેતા સંદીપ પટેલ ફાર્મા કંપનીમાં ટેકનિશિયન તરીકે નોકરી કરે છે. સંદીપભાઈને કેનેડા જવાનું હોવાથી તેમના મિત્ર કેતન પટેલના રેફરન્સથી સોલામાં આવેલી દ્વિશા કન્સલ્ટન્સીનો સંપર્ક કર્યો હતો. ફેબ્રુઆરી, 2023માં કન્સલ્ટન્સીની ઓફિસ ગયા ત્યારે ત્યાં રુચિતા બાબુ અને હાર્દવ બાબુ મળ્યા હતા. સંદીપભાઈ અને તેમના પત્ની તથા દીકરીના કેનેડા PR વિઝા કરી આપવાનું કહીને બંનેએ 58 લાખ થશે, તેવું જણાવ્યું હતું. સંદીપભાઈ વિશ્વાસ કરીને પ્રોસેસ શરૂ કરાવી હતી.

પ્રોસેસ શરૂ કરી ત્યારે જ એડવાન્સ પેટે 30 ટકા આપવાનું કહ્યું હતું, જેથી સંદીપભાઈએ ટુકડે-ટુકડે 16 લાખ રૂપિયા આપ્યા હતા. પૈસા આપ્યા બાદ સંદીપભાઈએ જ્યારે સંપર્ક કર્યો, ત્યારે બંનેનો સંપર્ક થતો જ નહતો. સંદીપભાઈ સોલા ખાતેની કન્સલ્ટન્સીની ઓફિસ ગયા હતા, ત્યારે ઓફિસ પણ બંધ હતી. સંદીપભાઈને જાણ થઈ હતી કે બંને કેનેડા જતા રહ્યા છે. દંપતીએ સંદીપભાઈ પાસેથી 16 લાખ અને તેમના મિત્ર પાસેથી વિઝા આપવાના બહાને 15 લાખ લીધા હતા. આમ કુલ 31 લાખની છેતરપિંડી મામલે સંદીપભાઈ રુચિતા અને હાર્દવ વિરુદ્ધ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# પોરબંદરમાં જિલ્લાકક્ષાની સ્પોર્ટસ સ્કુલ શરૂ કરવા શાળાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી

• ગોસા(ઘેડ)તા.૦૨

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં પોરબંદર જિલ્લામાં ''જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ'' શરૂ કરવામાં આવનાર છે. જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પોરબંદર દ્વારા જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ (DLSS) શરૂ કરવા માટે રસ ધરાવતી શાળાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. શાળાની પસંદગી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઠરાવમાં દર્શાવ્યા મુજબના રહેશે. જેમાં ઉચ્ચતર માધ્યમિક સ્તર સુધીની શિક્ષણ સુવિધા. રમતના મેદાનો માટે ઓછામાં ઓછી ૩ એકર જમીન જેમાં શાળામાં ઉપલબ્ધ મેદાન અને ઈન્ડોર રમતની માળખાકીય સુવિધાઓ.

**ઝેરી કેમિકલ**

### કલોલ પંથકમાં કેમિકલ માફિયા બેફામ બન્યા

# મોડી રાતે કેનાલમાં છોડાયું ઝેરી કેમિકલ ઝેરી કેમિકલથી ખેતરનો પાક બળીને ખાખ

### ખેડૂતોના મોઢે આવેલો કોળિયો આ અજાણ્યા કેમિકલ માફિયાઓએ છીનવી લેતા ગ્રામીણ વિસ્તારમાં ભારે રોષ અને શોકની લાગણી પ્રસરી

• ગાંધીઅનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અત્યારે કેમિકલ માફિયાઓ બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. કલોલના વાયણા થી થોળ તરફ જવાના માર્ગ પર આવેલી કેનાલમાં મોડી રાત્રે કોઈ અજાણી ખાનગી કંપની દ્વારા ઝેરી કેમિકલયુક્ત પાણી ઠાલવવાની અમાનવીય ઘટના સામે આવી છે. કેનાલમાં ઠાલવવામાં આવેલા આ ઝેરી રસાયણને કારણે વાયણા, ચેખલા, વિરમગામ, અમનગર અને વાસણા સહિતના આસપાસના આઠ ગામોમાં ખેતી માટે વપરાતું પાણી ઝેરી બન્યું છે. ખેડૂતોએ જે પાકને રાત-દિવસ એક કરીને ઉછેર્યો હતો, તે અંદાજે 2000 વીઘા જમીનમાં વાવેતર આ પાણીના કારણે જોતજોતામાં બળીને રાખ થઈ ગયું છે.

ખેડૂતોના મોઢે આવેલો કોળિયો આ અજાણ્યા કેમિકલ માફિયાઓએ છીનવી લેતા ગ્રામીણ વિસ્તારમાં ભારે રોષ અને શોકની લાગણી પ્રસરી ગઈ છે.

આ ગંભીર મામલે વાયણા ગામના સરપંચ અને સ્થાનિક ખેડૂતો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. ખેડૂતોના હિત માટે લડત આપતા આ આગેવાનોએ સાંતેજ પોલીસ સ્ટેશન ખાતે લેખિત અરજી આપી જવાબદાર ટેન્કર ચાલક અને તે કંપની વિરુદ્ધ કડક તપાસ કરી ગુનો દાખલ કરવાની માંગ કરી છે.

ખેડૂતોનો એક જ સવાલ છે કે, શું પોલીસ આ માફિયાઓને પકડી પાડી તેમને થયેલા લાખોના નુકસાનનો ન્યાય અપાવશે?

ઉદ્યોગો દ્વારા છોડાતા પ્રદૂષિત પાણી અને કેમિકલ પર નજર રાખવાની જેની મુખ્ય જવાબદારી છે, તે GPCB ના અધિકારીઓ જાણે ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે.

અગાઉ પણ આવી ઘટનાઓ



બની હોવા છતાં GPCB દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી, જેના કારણે જ આવા કેમિકલ માફિયાઓને મોકળું મેદાન મળી રહ્યું છે.

જો પ્રદૂષણ બોર્ડ સજાગ હોત અને ઉદ્યોગો પર કડક નજર રાખવામાં આવી હોત, તો આજે આઠ ગામના ખેડૂતોને રોવાનો વારો ન આવ્યો હોત.

તંત્રની આ ઢીલી નીતિ અને બેદરકારીનો ભોગ હવે બિચારો જગતનો તાત બની રહ્યો છે. અગાઉ પણ આ બાબતે અનેક વખત રજૂઆત કરાઈ હોવા છતાં આ પ્રશ્નનો કોઈ કાયમી ઉકેલ નહીં આવતા ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે.

### પીટ થીયરીના સ્થાને અનુભવને પ્રાધાન્ય; જાણો કોને ક્યો હોદ્દો મળ્યો

# ભાજપ સંગઠનના નવા માળખમાં જૂના જોગીઓનો દબદબો 8 ઉપપ્રમુખ, 3 મહામંત્રી અને 8 મંત્રીઓની નિમણૂક

**નિમણૂક** સમયમાં સંગઠનને વધુ મજબૂત બનાવવાના હેતુથી આ નિમણૂકો જાહેર કરવામાં આવી છે

• ગાંધીનગર

ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશના મોવડી મંડળ સાથે પરામર્શ કર્યા બાદ ગાંધીનગર મહાનગર ભાજપાના અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવે દ્વારા શહેર સંગઠનના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. આગામી સમયમાં સંગઠનને વધુ મજબૂત બનાવવાના હેતુથી આ નિમણૂકો જાહેર કરવામાં આવી છે. જેમાં જૂના જોગીઓનો દબદબો જોવા મળ્યો છે. ભાજપાના અધ્યક્ષ ડૉ. આશિષ દવેએ રિપીટ થીયરીના સ્થાને અનુભવને પ્રાધાન્ય આપ્યું છે.

પાટનગર ગાંધીનગરમાં રાજકીય ગરમાવો તેજ થયો છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા અને મોવડી મંડળના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ પ્રમુખ ડૉ. આશિષકુમાર દવેએ આખરે સંગઠનનું નવું માળખું જાહેર કર્યું છે. આ નિમણૂકોમાં સૌથી નોંધપાત્ર બાબત એ રહી છે કે ભાજપે નો-રિપીટ થીયરીના સ્થાને અનુભવને પ્રાધાન્ય આપવાની નીતિ અપનાવી હોય તેમ જણાય છે. વર્ષોથી પક્ષને વરેલા અને ગ્રાઉન્ડ લેવલ પર મજબૂત પકડ ધરાવતા જૂના જોગીઓને ફરી એકવાર સક્રિય રાજકારણના મુખ્ય પ્રવાહમાં લાવીને જવાબદારીઓ



સોંપવામાં આવી છે.

નવા માળખામાં 8 ઉપપ્રમુખ, 3 મહામંત્રી અને 8 મંત્રીઓની જે નિમણૂક કરવામાં આવી છે. તેમાં જ્ઞાતિગત સમીકરણોની સાથે સાથે ભૌગોલિક સંતુલન જાળવવાનો પણ પ્રયાસ થયો છે. રાજકીય વિશ્લેષકો માને છે કે ,આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને સંગઠનને વધુ વેગવંતુ બનાવવા માટે પક્ષે એવા ચહેરાઓ પર પસંદગી ઉતારી છે જેઓ કાર્યકરોમાં લોકપ્રિય છે અને વહીવટી અનુભવ ધરાવે છે.

ડો.આશિષ દવેએ માત્ર પાયાના સંગઠનમાં જ નહીં પરંતુ વિવિધ મોરચાઓમાં પણ સક્રિય હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. ખાસ કરીને સોશિયલ મીડિયા, આઈ.ટી. અને મીડિયા વિભાગના ઈન્ચાર્જની નિયુક્તિમાં પક્ષે ખાસ તકેદારી રાખી છે. આજનો યુગ ડિજિટલ પ્રચારનો છે ત્યારે વિરોધ પક્ષોને પછાડવા માટે ટેકનોલોજીના જાણકારોને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

આ નિમણૂકો દ્વારા ડો. આશિષ દવેએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે પક્ષ માટે મહેનત કરનારા જૂના કાર્યકરોની ક્યારેય અવગણના કરવામાં આવશે નહીં. જાહેર કરવામાં આવેલી આ યાદી બાદ કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. જૂના ચહેરાઓને પદ મળતા સંગઠનમાં રહેલો આંતરિક અસંતોષ પણ શાંત થશે તેમ મનાય છે. હવે જોવાનું એ રહે છે કે, આ જૂના જોગીઓની નવી ઈનિંગ ગાંધીનગર મહાનગરપાલિકા અને આગામી ચૂંટણીઓમાં ભાજપને કેટલા મતોનું લીડ અપાવે છે.

# ફ્રી ફાયર ગેમથી કોન્ટેક્ટ ને યુવકનું સગીરા પર દુષ્કર્મ

### શહેરથી અપહરણ કરીને બંગાળ લઈ જતા ટ્રેનમાંથી ઝડપાયો

• અમદાવાદ

અમદાવાદ શહેરના વેજલપુર વિસ્તારમાં રહેતી એક સગીરાને ફ્રી ફાયર ગેમ રમતા રમતા પશ્ચિમ બંગાળના યુવક સાથે સંપર્ક થયો હતો. સગીરા અને યુવક સંપર્કમાં આવ્યા બાદ યુવક સગીરાને મળવા અમદાવાદ આવ્યો હતો. જે સગીરાના ઘરે યુવકે સગીરા સાથે દુષ્કર્મ કર્યું અને તેનું અપહરણ કરીને પશ્ચિમ બંગાળ લઈ જઈ રહ્યો હતો. આ દરમિયાન પોલીસે ખડગપુર રેલવે સ્ટેશનથી યુવકને સગીરા સાથે ઝડપી પાડ્યો હતો. વેજલપુર વિસ્તારમાં રહેતી 16 વર્ષની સગીરા ધોરણ 12 સાયન્સમાં અભ્યાસ કરે છે. સગીરા પાસે રહેલા સ્માર્ટફોનમાં તે ફ્રી ફાયર ગેમ રમતી હતી. આ ગેમ રમતા રમતા સગીરાનો સંપર્ક પશ્ચિમ બંગાળમાં રહેતા આશિક ઉર્ફે અરમાન મહમદ અઝગર સાથે થયો હતો. બંને છેલ્લા દોઢ વર્ષથી એકબીજાના સંપર્કમાં હતાં. બંને એકબીજાનો



મોબાઈલ નંબર મેળવીને વોટ્સએપ પર પણ વાતચીત કરતાં હતાં.22 જાન્યુઆરીએ યુવક પશ્ચિમ બંગાળથી સગીરાને મળવા માટે અમદાવાદ આવ્યો હતો. યુવક સગીરાના ઘરે કોઈ ન હોવાથી સગીરાને મળવા ગયો હતો અને યુવકે સગીરાના ઘરમાં જ દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ સગીરાને ફોસલાવીને અપહરણ કરીને 23 જાન્યુઆરીએ ટ્રેનમાં બેસાડી અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશનથી પશ્ચિમ બંગાળ જઈ રહ્યા હતા. સગીરાના પરિવારે સગીરાના અપહરણ થયા અંગેની પોલીસને જાણ કરી હતી. પોલીસે તપાસ કરતા યુવક સગીરાને લઈને ટ્રેનમાં બંગાળ જવા રવાના થઈ ગયો હતો. જેથી પોલીસે ટેકનિકલ એનાલિસિસના આધારે બંને ખડગપુર પહોંચ્યા ત્યારે રેલવે પોલીસને જાણ કરી હતી. ખડગપુર પોલીસે યુવકને ટ્રેનમાંથી સગીરા સાથે ઝડપી લીધો હતો. વેજલપુર પોલીસની ટીમ ખડગપુર પહોંચી હતી. પોલીસે ખડગપુરથી યુવકની ધરપકડ કરી હતી. જ્યારે સગીરાને તેના પરિવારને સોંપી હતી.એમ ડિવિઝન એસીપી એ.બી વાળંદે જણાવ્યું હતું કે, હાલ યુવકનો મેડિકલ રિપોર્ટ કરવામાં આવશે જે બાદ આગળની કાર્યવાહી કરાશે. આરોપી યુવક બંગાળમાં છૂટક મજૂરી કરે છે.

# કૃષ્ણનગરમાં વિડિયો ફેસબુક પર વાયરલ કરી કેનાલમાં ઝંપાલાવ્યું

### પાણીના બિલ માટે કમિટી મેમ્બરના ત્રાસથી યુવકનો આપઘાત

• અમદાવાદ

અમદાવાદ શહેરના કૃષ્ણનગરમાં રહેતા શ્રમજીવી યુવકે સોસાયટીના કમિટી મેમ્બરના ત્રાસથી ટંકાળીને નર્મદા કેનાલમાં ઝંપાલાવીને આપઘાત કર્યો હતો. પડોશી બે સભ્યો પાણીના બીલ ના ભરી શકતા હોય તો જીવી શકાય નહી કહીને કનેશકન કાપવા ધમકી આપીને ત્રાસ આપતા હતા. યુવકે આત્મહત્યા કરતા પહેલા ફેસબુક ઉપર વિડિયો વાયરલ કર્યો હતો. કૃષ્ણનગર પોલીસે દુષ્પ્રેરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.નવા નરોડા રોડ ઉપર રહેતા વૃધ્ધે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં સોસાયટીના પડોશમાં રહેતા બે ભાઈ સામે ફરિયાદ નોંધાવી છે કે વૃદ્ધના પુત્ર ભાડેથી કાર ચલાવતા હતા. તેમને છ મહિનાનું સોસાયટીમાં પાણીનું બિલ ભરવાનું બાકી હતું જેને લઈને આરોપીઓ અવાર નવાર તેમના ઘરે જઈને પાણીના બાકી બિલની કડક ઉઘરાણી કરતા હેરાન પરેશાન કરતા હતા. વૃદ્ધ અને તેમના પુત્રએ થોડા દિવસોમાં બીલ ચૂકવવાની વાત કરી હતી તેમ છતાં પાણીના બીલ



ભરી ના શકતા હોય તો જીવાય જ નહી કહીને કનેકશન કાપવાની ધમકી આપતા હતા. જેને લઈને મનમાં લાગી આવતાં વૃદ્ધના પુત્રએ તા. ૨૭ના રોજ વિડિયો બનાવીને આપઘાત કરવાની વાત કરીને પરિવારના વોટ્સએપ ગૂરપમાં મુક્યો હતો. લોકેશન દહેગામ પાસે ઝાક જલુન્દર કેનાલનું હતું, લોકેશન ઉપર જઈ તપાસ કરતા માત્ર કાર મળી આવી હતી જો કે ત્રણ દિવસથી બાદ તેનો મૃતદેહ વણસોર કેનાલ પાસેથી મળ્યો હતો પોલીસે ખરાઈ કરીને ગુનો નોંધ્યો છે.

# સંત રવિદાસની જન્મ જયંતી નિમિત્તે સિવિલમાં મેગા મેડિકલ કેમ્પનું કરાયું આયોજન

• ગાંધીનગર

સંતરવિદાસની જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સર્વ રોગ નિદાન માટે એક વિશાળ મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ આરોગ્ય કેમ્પનો મુખ્ય હેતુ સામાન્ય લોકોને સરળ અને મફત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો રહ્યો હતો. કેમ્પમાં જનરલ ઓપીડી, પીડીયા (બાળરોગ), મેડિસિન, સર્જરી, સ્ત્રીરોગ, આંખ અને દાંત સહિતના તમામ વિભાગોના અનુભવી અને તજજ્ઞ ડોક્ટરો હાજર રહ્યા હતા.આ કેમ્પમાં દર્દીઓની સંપૂર્ણ આરોગ્ય તપાસ કરવામાં આવી હતી અને જરૂરી મુજબ સારવાર આપવામાં આવી હતી. સાથે સાથે રોગ અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ જરૂરી દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. દર્દીઓ માટે મફત બ્લડ પ્રેશર, ડાયાબિટીસ સહિતની ચકાસણીઓ પણ કરવામાં આવી હતી.શહેર તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો આ કેમ્પમાં ઉપસ્થિત રહ્યા હતા,અને લાભ લીધો હતો. કુલ મળીને 350 થી વધુ લોકોની તપાસ અને સારવાર કરવામાં આવી હતી, જેમાં મહિલાઓ, બાળકો અને વૃદ્ધોનો પણ સમાવેશ થતો હતો.

### ડભોઈ તાલુકાના ચાંદોદ-નવા માંડવા સ્થિત પરમહિત ધામ આધ્યાત્મિક સંકુલમાં સ્થાપિત શ્રી એકલિંગજી મહાદેવના તૃતીય પાટોત્સવ નિમિત્તે

# પ્રખર વક્તા જય વસાવડા અને મહાનુભાવોના વરદ હસ્તે સરદાર વલ્લભભાઈ પટેલની દિવ્ય પ્રતિમાનું લોકાર્પણ કરાયું

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના ચાંદોદ-નવા માંડવા સ્થિત પરમહિત ધામ આધ્યાત્મિક સંકુલમાં સ્થાપિત શ્રી એકલિંગજી મહાદેવના તૃતીય પાટોત્સવ નિમિત્તે પ્રખર વક્તા જય વસાવડા અને મહાનુભાવોના વરદ હસ્તે સરદાર વલ્લભભાઈ પટેલની દિવ્ય પ્રતિમાનું લોકાર્પણ કરાયું;'એકતા ની આધ્યાત્મિકતા' વિશે ના વક્તવ્ય માં જય વસાવડાએ સરદાર સાહેબને ભારતનું તીર્થ કહ્યું..

શાસ્ત્રી નયનભાઈ જોશી દ્વારા વડોદરા જિલ્લાના તીર્થક્ષેત્ર ચાંદોદ-નવા માંડવા ખાતે ઉભા કરાયેલા પરમહિતધામ આધ્યાત્મિક સંકુલમાં સ્થાપિત શ્રી એકલિંગજી




મહાદેવના તૃતીય પાટોત્સવ પ્રસંગે મુખ્ય અતિથિ પદે પ્રખર વક્તા અને લેખક જય વસાવડા ઉપસ્થિત રહ્યા હતા આ અવસરે જય વસાવડા તેમજ મહાનુભાવો ના વરદ હસ્તે સંકુલમાં સરદાર વલ્લભભાઈ પટેલની દિવ્ય પ્રતિમા નું અનાવરણ કરાયું હતું

પાટોત્સવ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત પ્રસ્તુતિ દીપ પ્રાગટ્ય અને મહાનુભાવોના અભિવાદન બાદ સમજદાર સરદાર 'એકતાની આધ્યાત્મિકતા' સંદર્ભમાં પોતાનું વક્તવ્ય રજૂ કરતા જય વસાવડાએ સરદાર સાહેબના સૂક્ષ્મ સ્વભાવ નો પરિચય ઉપસ્થિતિ તો સમક્ષ રજૂ કર્યો હતો તેઓએ ઉમેર્યું હતું કે સરદાર સાહેબે નામ વગરના કામ કર્યા છે, એ ન્યાય ના માણસ હતા, તેઓ દરેક વાતનો બારીકાઈથી અભ્યાસ કરતા એટલે જ સરદારમાં ઝીણી સીતારીનું સંગીત રણકતું હતું. સિવિલ સર્વિસનું માળખું તૈયાર કરવાની વાત હોય કે પછી દેશમાં રાજકીય અસ્થિરતા આવે તો પણ દેશ અટકી નથી જતો એની પાછળનો જશ તેઓએ સરદાર સાહેબને આપ્યો હતો ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ઉભી કરાયેલી દુનિયાની સૌથી મોટી સરદારની પ્રતિમા એ અહમની ઊંચાઈ નથી પણ એ જ્ઞાનની ઊંચાઈ દર્શાવે છે જેના થકી દેશ અને દુનિયાને સરદાર સાહેબના પ્રતિભાવાન વ્યક્તિત્વ ને જાણવા સમજવાની જીજીવીસા મળી છે નું ઉમેર્યું હતું .

# ડભોઈ નગરપાલિકા દ્વારા ત્રીજા વર્ષે પણ કોલેજ ગ્રાઉન્ડ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

## એમસીસી ઇલેવન અને ટ્રેન્ડ ઇલેવન વચ્ચે ફાઇનલ યોજાઈ હતી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ નગરપાલિકા દ્વારા ત્રીજા વર્ષે પણ કોલેજ ગ્રાઉન્ડ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી જેમાં 16 ટીમોને ભાગ લીધો હતો તેમાં આજે ફાઈનલ મેચ રમાઈ હતી જેમાં એમસીસી ઈલેવન અને ટ્રેન્ડ ઈલેવન વચ્ચે ફાઈનલ યોજાઈ હતી જેમાં પહેલી બેટિંગ કરતા ટ્રેન્ડ ઈલેવન 104 નો સ્કોર કર્યો હતો એના જવાબમાં એમ સી સી ઈલેવન માત્ર 79 નો સ્કોર કર્યો હતો 35 રન થી ટ્રેન્ડ ઈલેવન શાનદાર વિજય થયો હતો ટ્રેન્ડ ઈલેવન કપ્તાન રાઈડર તજીર મનસુરી મેન ઓફ ધ મેચ બન્યા હતા અને બેસ્ટ બોલર મેન ધ સીરીઝ ચિરાગ માછી અને બેસ્ટ બેસ્ટમેન મેન ધ સીરીઝ. પ્રવેશ



ધોબી ને આપવામાં આવી હતી ડભોઈ નગરપાલિકાના પ્રમુખ બીરેન શાહ ના હસ્તે વિજયતા ટીમને કપ્તાન રાઈડર તજીર મન્સુરી ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને હારેલી ટીમના કેપ્ટન યાસીન બાપુને ટ્રોફી આપવામાં આવી હતી આ ટુર્નામેન્ટ મેચના આયોજન ડભોઈ નગરપાલિકા પ્રમુખ બીરેન શાહ. સિદીક ભાઈ અને મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા

# ગુજરાત જ ગ્રોથ એન્જિન!:બજેટનો 'આત્મા' ગુજરાત 'નિર્ભર'

• અમદાવાદ

દેશની સરકારે રવિવારે સ્પષ્ટ કર્યું કે ભારતના આર્થિક વિકાસનો આગામી તબક્કો ગુજરાતના સમર્થનથી આગળ વધશે. નાણામંત્રી નિર્મલા સીતારમણના બજેટમાં મેન્યુફેક્ચરિંગ, MSME, સેમિકન્ડક્ટર, ફાર્મા, ટેક્સટાઈલ, રિન્યૂએબલ એનર્જી, ડિફેન્સ અને ટૂરિઝમ પર ભાર મૂકવામાં આવ્યો હતો. તેનો સૌથી મોટો અને સીધો ફાયદો ગુજરાતને જ મળશે. સરકારનું સ્પષ્ટ વિઝન મેન્યુફેક્ચરિંગ, ટેકનોલોજી અને ગ્રીન એનર્જી દ્વારા આત્મનિર્ભર ભારતનો પાયો મજબૂત બનાવવાનો છે. ગુજરાત આ વિઝનમાં માત્ર ભાગીદાર નથી, પરંતુ દેશના ગ્રોથ એન્જિન તરીકે પણ ઉભરી આવ્યું છે. બજેટમાં 200 MSME ક્લસ્ટર પાર્ક અને 10,000 કરોડના ગ્રોથ ફંડની જાહેરાત કરવામાં આવી છે. મેન્યુફેક્ચરિંગ હબ હોવાને કારણે ગુજરાતમાં 10 થી 12 ક્લસ્ટર પાર્ક બનવાની અપેક્ષા છે. રાજ્યમાં પહેલાથી જ ઉપસ્થિત 6.5 થી 7.5 લાખ MSME યુનિટ્સને આનો સીધો લાભ મળશે.

**સન્માન** તજજ્ઞ ડોક્ટરો દ્વારા નિદાન અને માતાઓ માટે વિશેષ કાઉન્સિલિંગનું આયોજન કરાયું

# ધોળકામાં બૌદ્ધિક અક્ષમતા ધરાવતા બાળકો માટે નિ:શુલ્ક નિદાન અને માર્ગદર્શન કેમ્પ સંપન્ન

## રાજ્ય કક્ષાએ રમીને આવેલા વિશિષ્ટ બાળકોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરાયું

• ધોળકા

બૌદ્ધિક અક્ષમતા ધરાવતા બાળકોને દયાની નહીં પણ યોગ્ય તકની જરૂર છે, તેવા ઉમદા વિચાર સાથે ધોળકાના કલિકુંડ વિસ્તારમાં રવિવારે એક વિશેષ મેડિકલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. 'ફ્રીડમ ડે કેર સેન્ટર' (ન્યૂ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત) દ્વારા ગુજરાત સ્પાસ્ટિક સોસાયટી અને મધુમિતા ઓક્યુપેશન થેરાપી સેન્ટરના સહયોગથી આ સેવા યજ્ઞ યોજાયો હતો.

ફ્રીડમ ડે કેર સેન્ટર' કલિકુંડ સ્થિત નિલકમલ શોપિંગ સેન્ટર ખાતે આયોજિત આ કેમ્પમાં ડો. સોનાલી, નિલેશભાઈ, ડો. રોનક અને દીપક ગોહેલ જેવા નિષ્ણાંત ડોક્ટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પમાં ઓક્યુપેશનલ થેરાપિસ્ટ, ફિઝિયોથેરાપિસ્ટ અને સાયકોલોજિસ્ટ દ્વારા બાળકોનું ઝીણવટભર્યું નિદાન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને લાળ પડવી, પથારીમાં પેશાબ કરવો, અતિશય આક્રમક વર્તન, એકાગ્રતાનો અભાવ અને વાઈ-ખેંચ જેવી તકલીફો ધરાવતા બાળકો માટે આ કેમ્પ આશીર્વાદરૂપ સાબિત થયો હતો.




માતાઓ માટે ખાસ સત્ર:

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ વિશિષ્ટ બાળકોની માતાઓ માટે રાખવામાં આવેલું ખાસ કાઉન્સિલિંગ સત્ર હતું. ફિમેલ સાયકોલોજિસ્ટ બબીતા દ્વિવેદી દ્વારા માતાઓના મનોવૈજ્ઞાનિક પ્રશ્નો અને મૂંઝવણોનું નિરાકરણ કરી તેમને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

મહાનુભાવોની ઉપસ્થિતિ અને સન્માન:

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ધોળકા અંજુમને નવજવાન સંસ્થાના પ્રમુખ વશીહૈદર પીરઝાદા ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે હરીશભાઈ પરમાર પૂર્વ પ્રમુખ, ધોળકા નગરપાલિકા જાણીતા આગામી 13ફેબ્રુઆરી રજૂ થનારી ફિલ્મ બ્લેક બર્થડે ના રાઈટર અને ડાયરેક્ટર બ્રિજેશ બૌદ્ધ, શાહિદ અલી અને હરેશભાઈ વાઘેલા (IIM) એ હાજરી આપી આશીર્વચન પાઠવ્યા હતા. સંસ્થાના પ્રમુખ ભાવિન પરમાર તથા મહેમાનો દ્વારા રાજ્ય કક્ષાએ રમીને આવેલા સંસ્થાના તેજસ્વી બાળકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્થા પ્રમુખ ભાવિન પરમાર, હરીશભાઈ પરમાર, સુરેશભાઈ ગોહિલ, હેમલત્તા મકવાણા, મીના મેરૈયા, મુકેશભાઈ પરમાર અને ભરતભાઈ ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું. તમામ મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી સ્વાગત કરાયું હતું.અમે TTEC India Foundation ના હૃદયપૂર્વક આભારી છીએ કે તમે અમને આટલો સુંદર સહયોગ આપ્યો. તમારા પ્રોત્સાહન અને મદદને કારણે અમારા કાર્યમાં નવી ઊર્જા મળી છે.ટ્રસ્ટના શ્રી ભાવિન કુમારે અંતમાં જણાવ્યું હતું કે, 'બાળકને ઘરે બેસાડી રાખવાને બદલે તેને યોગ્ય તાલીમ અને મેડિકલ સહાય અપાવવી ખૂબ જરૂરી છે, જેથી તે સમાજની મુખ્યધારામાં ભળી શકે.'

અમદાવાદ, ખેડા અને મહીસાગર એમ કુલ ૬ જિલ્લા માં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા બહોળી સંખ્યામાં ખેડૂતો ને આવરી લઈ કામગીરી શરૂ

# આર્ટ ઓફ લિવિંગ ગુજરાતના વાસદ આશ્રમ ખાતે યોજાયો 'કિસાન સમૃદ્ધિ મહોત્સવ ૨૦૨૬' ખેડૂતો નો કાર્યક્રમ

**આર્ટ ઓફ લિવિંગ** મહીસાગર નદી ના કાંઠે વાસદ આશ્રમ ખાતે અંદાજિત ૪૫૦ જેટલી દેશી ગીર ગાયમાતાની ગૌશાળા છે

• અમદાવાદ,

તા.૧/૨/૨૬ ના રોજ આણંદ જિલ્લાના આંકલાવડી ગામ ખાતે 'આર્ટ ઓફ લિવિંગની સંસ્થા-વ્યક્તિ વિકાસ કેન્દ્ર ઈન્ડિયા' (વિ.વિ.કે.આઈ) દ્વારા પરંપરાગત કૃષિ વિકાસ યોજના(PKVY) અંતર્ગત 'કિસાન સમૃધ્ધી મહોત્સવ-૨૦૨૬' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.

આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના પ્રણેતા ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી દ્વારા ખેડૂતલક્ષી કાર્યક્રમને હંમેશા પ્રાધાન્ય અપાયું છે.વ્યક્તિ વિકાસ કેન્દ્ર (વિવિકેઆઇ) એ ભારત સરકારની પરંપરાગત કૃષિ વિકાસ યોજના અંતર્ગત ગુજરાતના આણંદ,વડોદરા અને ગાંધીનગર જિલ્લાના ખેડૂતોને સતત ૨ વર્ષથી ખેડૂત તાલીમ અને નિર્દેશન કાર્યક્રમ તેમજ કૃષિમેળા ના આયોજન દ્વારા ખેડૂતોને માર્ગદર્શન આપીને ઝેર મુક્ત ખેતી કરવાનું બીડું ઝડપ્યું છે.વર્ષ ૨૦૨૫ માં નેશનલ મિશન ફોર નેચરલ ફાર્મિંગ યોજના દ્વારા વિવિકેઆઇ દ્વારા ગાંધીનગર,વડોદરા,આણંદ,

અમદાવાદ, ખેડા અને મહીસાગર એમ કુલ ૬ જિલ્લા માં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા બહોળી સંખ્યામાં ખેડૂતો ને આવરી લઈ કામગીરી શરૂ કરવામાં આવી છે. સરકારશ્રી દ્વારા ખેડૂતો ને ઝેર મુક્ત ખેતી કરવા માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને તેમાં પણ જયારે કોઈ સંતપુરુષના આશીર્વાદ અને દિશાસૂચન મળે ત્યારે 'અન્નદાતા સુખી ભવ' નો મંત્ર ખરા અર્થમાં સાર્થક થાય છે.



અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વની સર્વપ્રથમ પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટી - જે હાલોલ ખાતે સ્થાપિત છે.તેના માનનીય કુલપતિશ્રી ડો. સી. કે. ટીમ્બડીયા સાહેબની અધ્યક્ષતા હેઠળ આ સમગ્ર પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડૂતો ને પ્રાકૃતિક કૃષિ કરવા માટે અને ખાસ કરીને દેશી ગાય નું સંવર્ધન કરી ગૌમૂત્ર અને ગાય ના છાણ દ્વારા ઘનજીવામૃત, બીજામૃત,જીવામૃત ઉપયોગ તેમજ આચ્છાદન,વાફસા અને મિશ્રપાક ની પદ્ધતિ સાથોસાથ દેશી બીજ ના ઉપયોગ દ્વારા ખેડૂતોને સફળતા પૂર્વક પ્રાકૃતિક કૃષિ કરવા માટે શ્રી ટીમ્બડીયા સાહેબે ખુબ જ સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું.મહીસાગર નદી ના કાંઠે વાસદ આશ્રમ ખાતે અંદાજિત ૪૫૦ જેટલી દેશી ગીર ગાયમાતાની ગૌશાળા છે. તેમાં વૈદિક પરંપરા થી ગૌપૂજન કર્યા બાદ, મંત્રોચ્ચાર દ્વારા દીપ-પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ખેડૂતો દ્વારા ઉગાડવામાં આવેલ પ્રાકૃતિક ખેત પેદાશોનું વિતરણ થાય તે માટે કૃષિ મેળાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અંદાજે 500 થી વધુ ખેડૂતો હાજર રહ્યા હતા. સંસ્થા દ્વારા આ યોજના નું સંકલન કરતા શ્રી ચિંતનભાઈ વ્યાસ દ્વારા આત્મનિર્ભર ગૌશાળા બનાવવા માટે ગૌપાલક ની તાલીમ અને ગૌમૂત્ર અને ગાય ના છાણ માંથી વિવિધ પ્રકારની ગૌ-પ્રોડક્ટ બનાવવા માટે તેમજ બાયો રિસોર્સ સેન્ટર (બીઆરસી) ઈનપુટ ની ટ્રેનિંગ માટે પણ ખેડૂતોને માર્ગદર્શન અપાયું હતું.

સંસ્થા સાથે સંકળાયેલા દરેક જિલ્લાના કોઓર્ડીનેટર કેતનભાઈ-આણંદ,શિવમભાઈ અને અમિતભાઈ -ખેડા, અમદાવાદ-ગાંધીનગરથી ચિંતનભાઈ અને કશ્યપ ભાઈ-વડોદરા તેમજ પરમાભાઈ -મહીસાગરથી અને સેજલબેન-સુરતથી આ પ્રોગ્રામ માં ઉપસ્થિત રહ્યા હતા. સાથોસાથ તમામ જિલ્લાના તાલુકાના એલઆરપી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ડભોઈ તાલુકા માં શેરીના કૂતરાનો ની વસ્તીમાં વધારો થતો જાય છે

## જાહેર માંગ ઉપર આશરે એક માસ દરમિયાન 170 ઉપરાંત લોકોને બચકા ભરવાનો આતંક પણ વધી જવા પામ્યો

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ શહેર તાલુકા માં શેરીના કૂતરાનો ની વસ્તીમાં વધારો થતો જાય છે તેમ જાહેર માંગ ઉપર આશરે એક માસ દરમિયાન 170 ઉપરાંત લોકોને બચકા ભરવાનો આતંક પણ વધી જવા પામ્યો હોવાથી આજરોજ લોહી લુહાણ ઈજાગ્રસ્ત અર્શ સાજીદ ભાઈ ટોલ્લાવાલા રહે કડીયાવાડ ડભોઈ સારવાર માટે સરકારી દવાખાના પહોંચતા તેઓને ટૂંકી સારવાર બાદ જવાબ મળી રહ્યો છે કે કુતરા કરડવાના અન્ય ઈન્જેક્શન ન હોવાથી તમે વડોદરા એસએસજી હોસ્પિટલ જાઓ માંડ માંડ ગરીબ લોકો પોતાના પેટનો ખાડો પૂરતા હોય ત્યારે વડોદરા જવા આવવાના ખર્ચ માટે મૂંઝવનમાં મુકાઈ જતા હોય છે વહેલી તકે ડભોઈ સરકારી દવાખાના ખાતે જરૂરી ઈન્જેક્શનનો જથ્થો આરોગ્ય વિભાગ દ્વારા પૂરો પાડવામાં આવે તેવી લોક જનતાની માંગ ઉઠવા પામી છે...

ડભોઈ શહેર તાલુકા માં શેરીના કૂતરાઓનો આતંક યથાવત છે,



આશરે એક માસ દરમિયાન 170 લોકોને કુતરાઓએ ઈજા ગ્રસ્ત કરી બચકા ભર્યા હોય જેના કારણે નાગરિકોમાં ભયનું વાતાવરણ છે.ડભોઈના કરિયાળ વિસ્તારમાં રહેતા અર્શ સાજીદભાઈ ટોલ્લા વાલા ઉંમર વર્ષ 14 મધ્ય વિસ્તાર હીરા ભાગોળ ખાતે એક ગંભીર ઘટના બની છે, જેમાં કૂતરાએ પગમાં બચકું ભરતા લોહી લુહાણ હાલતમાં તે તાત્કાલિક સારવાર માટે ડભોઈ સરકારી દવાખાના ખાતે પહોંચ્યો જ્યાં જેવો એ કેસ કઢાવી ડોક્ટર પાસે પહોંચતા ડોક્ટરે કુતરાના કરડવાના અન્ય ઈન્જેક્શન નહિ હોવાનો જણાવી માત્ર ટીટી અને અન્ય ઈન્જેક્શન આપી ડ્રેસિંગ અને ઈન્જેક્શન લેવા હોય તો વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે જવા માટે સલાહ આપી હતી...ઘટનાની વિગતો પીડિત પગમા જોરથી બચકું ભર્યું હતું, જેના કારણે આંગળી પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. કુતરા કરડવાના અન્ય ઈન્જેક્શન નહિ હોવાથી વડોદરા

# ઓલપાડ કાંઠાના મંદરોઈ ગામે ઝીંગા તળાવ ઉપર ટ્રેક્ટર પલ્ટી મારતા રાજસ્થાનના ચાલકનું મોત

• ઓલપાડ,તા.૦૨

ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના મંદરોઈ ગામે ઝીંગા તળાવ ઉપર ટ્રેક્ટરથી પાળા ચઢાવતી વખતે રાજસ્થાની યુવકનું ટ્રેક્ટર પલ્ટી મારતા ટ્રેક્ટર નીચે દબાયેલા ચાલકને મોત ભરખી ગયું છે.તે ટ્રેક્ટર નીચે દબાઈ જતા તેને શરીરે જીવલેણ ઈજા થવાથી સારવાર અર્થે ઓલપાડ ખાતેના સરકારી દવાખાને લાવવામાં આવ્યો હતો.જ્યાં ચાલુ સારવાર દરમ્યાન તેને મોત ભરખી ગયું હતું.આ બાબતે ત્યાં કામ કરતા મૃતક યુવકના મામા લિછમણરામ બુધારામ સરને ઓલપાડ પોલીસને જાણ કરી હતી.જેના પગલે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો.પ્રિયંક નટવર કરી રહ્યા છે. મુળ રાજસ્થાન રાજ્યના બિકાનેર જિલ્લાનો વતની દિનદયાલ મોહનરામ દુડી(ઉ.વ.૨૦)હાલમાં ઓલપાડ કાંઠા વિસ્તારના મંદરોઈ ગામની સીમમાં સર્વે નં:૪૦૬ વાળી સંજયભાઈ પટેલની ખારપાટ જમીનમાં બની રહેલ ઝીંગા તળાવની રૂમમાં રહેતો હતો.તે હાલમાં તેના કબજાના ટ્રેક્ટર નં:આર.ડી-૦૭૫૪ હંકારી ઝીંગા તળાવના પાળા બનાવી રહ્યો હતો. ગત શનિવાર તા.૩૧ ના રોજ દિનદયાલ બપોરે-૨:૦૦ કલાક ના સુમારે ટ્રેક્ટર હંકારી તળાવની પાળ ચઢાવી રહ્યો હતો, ત્યારે તેણે ટ્રેક્ટર ભયજનક રીતે હંકારતા ટ્રેક્ટર તળાવના પાળા પરથી ઉંડા ખાડામાં પલ્ટી મારી ગયું હતું.જેથી

તે ટ્રેક્ટર નીચે દબાઈ જતા તેને શરીરે જીવલેણ ઈજા થવાથી સારવાર અર્થે ઓલપાડ ખાતેના સરકારી દવાખાને લાવવામાં આવ્યો હતો.જ્યાં ચાલુ સારવાર દરમ્યાન તેને મોત ભરખી ગયું હતું.આ બાબતે ત્યાં કામ કરતા મૃતક યુવકના મામા લિછમણરામ બુધારામ સરને ઓલપાડ પોલીસને જાણ કરી હતી.જેના પગલે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો.પ્રિયંક નટવર કરી રહ્યા છે.

# નોન મિશન નેચરલ ફાર્મિંગ યોજના અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વઘઇ ખાતે જિલ્લા અંદર તાલીમનું આયોજન કરાયું




• આહવા/ડાંગ

ડાંગ જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વઘઈ ખાતે તારીખ ૩૦ જાન્યુઆરી ના રોજ ડાંગ જિલ્લા આત્મા પ્રોજેક્ટ દ્વારા જિલ્લા અંદર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વઘઈ તાલુકાના શિવારીમાળ અને દગડિયાઆંબા ગામના નોન મિશન ક્લસ્ટરના વિલિંગ ફાર્મર હાજર રહ્યાં હતાં. સાથેજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિકો અને પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડનો સ્ટાફ હાજર રહ્યા હતા.આ તાલીમમાં વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના તમામ આયોમોને સમજૂતી આપી અને દરેક આયોમો કઈ રીતે બનાવવાનું તેના વિશે વિગતવાર સમજૂતી આપવામાં આવી હતી. ઉપરાંત ડી પી એમ દ્વારા માર્કેટિંગ વિશે અને પ્રાકૃતિક કૃષિ વિશે માહિતી આપવામાં આવી જેમાં ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

**એક ભૂલ અને સીધો મોતનો ખાડો!**

# સુવા ચોકડી પર કામદારોની જિંદગી જોખમે, સ્લીપર પહેરી સેફટી વિના ઊંચાઈ પર કામ, તંત્ર મૌન

• વાગરા

વાગરા તાલુકાના સુવા ચોકડી નજીક ચાલી રહેલું કામ સેફટી નિયમોની ખુલ્લેઆમ ધજાગરા ઉડાવતું હોવાના દ્રશ્યો સામે આવતા ગંભીર ચિંતા ઊભી થઈ છે. અહીં કોઈપણ પ્રકારના સુરક્ષા ધોરણોનું પાલન કર્યા વિના ઊંચાઈ પર કામદારોને જીવના જોખમે કામ પર ધકેલવામાં આવી રહ્યા છે. પાઈપલાઈન ઉપર બેસી કામ કરતા મજૂરોના દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે. જે સ્પષ્ટ રીતે બતાવે છે કે, માનવ જીવનને અહીં કોઈ મૂલ્ય આપવામાં આવતું નથી. કામગિરી દરમિયાન એક પણ કામદાર સેફટી બેલ્ટ, હેલ્મેટ કે સેફટી શુઝ પહેરેલો જોવા મળતો નથી. ચોંકાવનારી



બાબત એ છે કે ફરજિયાત સેફટી શુઝના બદલે કામદારો ચપ્પલ કે સ્લીપર પહેરીને ઊંચાઈ પર કામ કરતા નજરે પડે છે. નીચે ખુલ્લી જગ્યા હોવા છતાં કોઈ રેલિંગ, નેટ કે અન્ય સુરક્ષા વ્યવસ્થા ન હોવાને કારણે નાનકડી બેદરકારી પણ મોટી દુર્ઘટનામાં ફેરવાઈ શકે તેવી સ્થિતિ સર્જાઈ છે.આ સમગ્ર દ્રશ્ય કોન્ટ્રાક્ટર અને જવાબદાર તંત્રની ઘોર બેદરકારીને ઉજાગર કરે છે. નિયમો કાગળ પર જ સીમિત રાખી મજૂરોને મોતના મુખે ધકેલવામાં આવી રહ્યા છે. હવે અહીં સવાલ ઊભો થઈ રહ્યો છે કે જો કોઈ ગંભીર અકસ્માત થાય તો તેની જવાબદારી કોણ લેશે? શું માનવ જીવની કિંમત માત્ર એક કામ પૂરુ કરવા જેટલી જ છે? સ્થાનિક લોકો અને જાગૃત નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યાંથી પસાર થતા એક વાહન ચાલકે આ વીડિયો બનાવી વાયરલ કર્યો છે. અને સંબંધિત વિભાગો અને અધિકારીઓને તાત્કાલિક સ્થળ પર તપાસ કરી કામ બંધ કરાવી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે, જેથી કોઈ અપરિવર્તનીય દુર્ઘટના બનતાં પહેલા કામદારોની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે.

સૈફ અલી ભટ્ટી વાગરા

# સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ: સોનાનો વાયદો રૂ.4683 વધ્યો

## એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા ચાંદીનો રૂ.6148 ઘટ્યો

તેલના વાયદામાં સેંકડા ઘટ્યા: કોમોડિટી વાયદાઓમાં રૂ.107360. કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.150350.31 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 93107.71 કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 37600 પોઈન્ટના સ્તરે

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.257718.39 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.107360. કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.150350.31 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો 37600 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.7068.12 કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 93107.71 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.140000ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.146900 અને નીચામાં રૂ.133687ના સ્તરને સ્પર્શી, રૂ.142217ના આગલા બંધ સામે રૂ.4683 વધી રૂ.146900ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો 8 ગ્રામદીઠ રૂ.3224 વધી રૂ.122801 થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો 1 ગ્રામદીઠ રૂ.401 વધી રૂ.15414ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.3590 વધી રૂ.146100 થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.147688ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.149900 અને નીચામાં રૂ.134397ના મથાળે અથડાઈ, રૂ.147688ના આગલા બંધ સામે રૂ.2113 વધી રૂ.149801ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.267501ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.267501 અને નીચામાં રૂ.225805ના મથાળે અથડાઈ, રૂ.265652ના આગલા બંધ સામે રૂ.6148 ઘટી રૂ.259504ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.14844 ઘટી રૂ.269200ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.12328 ઘટી રૂ.268951ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. 10209.07 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.14.75 વધી રૂ.1244.5ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.7.6 વધી રૂ.327.15ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.6.6 વધી રૂ.315ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો 50 પૈસા વધી રૂ.191.45 થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. 3537.60 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.3517ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.3540 અને નીચામાં રૂ.3236ના મથાળે અથડાઈ, રૂ.286 ઘટી રૂ.3269ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.5961ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5961 અને નીચામાં રૂ.5622ના સ્તરને સ્પર્શી, રૂ.5980ના આગલા બંધ સામે રૂ.321 ઘટી રૂ.5659ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.322 ઘટી રૂ.5658ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.72.5 ઘટી રૂ.332.3 થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.72.4 ઘટી રૂ.332.5 થયો હતો.

**સંવિધાન** | ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આજે આક્રોશભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું

# ડાંગમાં સગીર આદિવાસી દીકરી પર દુષ્કર્મની ઘટનાથી ભારે રોષ, કલેક્ટરને અપાયું આવેદનપત્ર

## હોસ્ટેલોમાં CCTV પોલીસ કંટ્રોલ સાથે લિંક કરવા અને આરોપીને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કડક સજાની 'ભારત આદિવાસી સંવિધાન સેના'ની માંગ

• આહવા: ૦૨

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આજે આક્રોશભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. ડાંગ સ્વરાજ આશ્રમશાળામાં એક સગીર આદિવાસી દીકરી પર થયેલા દુષ્કર્મના શરમજનક બનાવને પગલે સમગ્ર જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. આ ઘટનાના વિરોધમાં 'ભારત આદિવાસી સંવિધાન સેના' દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી આરોપી સામે કડક કાર્યવાહી અને દીકરીઓની સુરક્ષા માટે નક્કર કાયદાકીય જોગવાઈઓની માંગ કરવામાં આવી છે.

**સુરક્ષા વ્યવસ્થા પર ઉઠ્યા સવાલો**

ડાંગ જિલ્લો ૧૦૦% આદિવાસી વસ્તી ધરાવતો અને બંધારણની પાંચમી અનુસૂચિ હેઠળ આવતો સંવેદનશીલ વિસ્તાર છે. અહીં શિક્ષણના પવિત્ર ધામ ગણાતી આશ્રમશાળાઓ અને હોસ્ટેલોમાં દીકરીઓની સુરક્ષા સામે પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા થયા છે. આવેદનપત્રમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે ૧૬ વર્ષની માસૂમ દીકરી સાથે થયેલું આ કૃત્ય આદિવાસી સમાજ માટે કલંકરૂપ છે અને તંત્રની નિષ્ફળતા છતી કરે છે.



**સંગઠનની મુખ્ય માંગણીઓ**

ભારત આદિવાસી સંવિધાન સેનાએ તંત્ર સમક્ષ ચાર મુખ્ય માંગણીઓ રજૂ કરી છે:

* ફાસ્ટ ટ્રેક કોર્ટ અને સજા: આરોપી વિરુદ્ધ POCSO અને BNS (ભારતીય ન્યાય સંહિતા) હેઠળ કડક કાર્યવાહી કરી, આગામી ૬૦ દિવસમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવે. કેસને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવી આરોપીને આજીવન કેદની સજા થાય તે સુનિશ્ચિત કરવામાં આવે.

* CCTV અને પોલીસ દેખરેખ: જિલ્લાની તમામ ખાનગી, સરકારી અને ધાર્મિક હોસ્ટેલોમાં CCTV કેમેરા લગાવવા ફરજિયાત કરવામાં આવે. આ કેમેરાનું સીધું જોડાણ (Live Feed) જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ અથવા કલેક્ટર કચેરી સાથે લિંક કરવું જોઈએ જેથી સતત દેખરેખ રાખી શકાય.

* ગૃહમાતાની બદલીનો નિયમ: કન્યા છાત્રાલયોમાં લાંબા સમયથી ફરજ બજાવતા કર્મચારીઓ અને સંચાલકો વચ્ચેની સાંઠગાંઠ તોડવા માટે ગૃહમાતા (Warden) ની દર વર્ષે ફરજિયાત બદલી કરવામાં આવે.

* પુરુષોના પ્રવેશ પર પ્રતિબંધ: કોઈપણ કન્યા છાત્રાલયના સંકુલમાં રાત્રિના સમયે કોઈપણ પુરુષ વ્યક્તિના પ્રવેશ કે રોકાણ પર સંપૂર્ણપણે કાયદાકીય પ્રતિબંધ મૂકવામાં આવે.

**હાઈકોર્ટમાં PIL ની ચીમકી**

સંગઠનના પ્રમુખ નિલેશભાઈ ઝાંબરેએ વહીવટી તંત્રને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, જો દીકરીઓની સુરક્ષા બાબતે ત્વરિત અને નક્કર પગલાં લેવામાં નહીં આવે, તો સંગઠન દ્વારા કાયદાકીય રીતે 'જનતા રેડ' કરવામાં આવશે. આ ઉપરાંત, આ સમગ્ર મામલે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી (PIL) દાખલ કરીને જવાબદારોને કાયદાના કટઘરામાં ઉભા કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

**હોદ્દેદારોની ઉપસ્થિતિ**

આ કાર્યક્રમમાં ડાંગ જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતી રેખાબેન કૌશિકભાઈ પવાર, જિલ્લા પ્રમુખ નિલેશભાઈ એસ. ઝાંબરે, સક્રિય કાર્યકર રવીન્દ્રભાઈ રડકિયાભાઈ સોળીયા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને આદિવાસી સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ એકસૂરે પીડિતાને ન્યાય અપાવવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

5

# ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસમાં ઐતિહાસિક સિદ્ધિ મેળવનાર જૂનાગઢની દીકરી જેન્સી કાનાબારનું ભવ્ય સ્વાગત

**જેન્સી કાનાબાર** | જૂનાગઢ જિમખાનાનું ટેનિસ કોર્ટ હવે 'જેન્સી કાનાબાર' નામે ઓળખાશે: કલેક્ટરશ્રીએ જાહેરાત સાથે સન્માન કર્યું

• જૂનાગઢ તા.2

ઓસ્ટ્રેલિયાની ધરતી પર ત્રિરંગો લહેરાવીને અને ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ એશિયા પેસિફિક એલીટ અંડર-૧૪ વુમન્સનું ટાઈટલ જીતીને જૂનાગઢ પરત ફરેલી 'જૂનાગઢની દીકરી' જેન્સી કાનાબારનું આજે વહીવટી તંત્ર અને નગરજનો દ્વારા ભવ્ય અને ઐતિહાસિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૂનાગઢ જિલ્લા કલેક્ટરશ્રીએ એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, શહેરના પ્રખ્યાત જિમખાનાનું ટેનિસ કોર્ટ હવેથી 'જેન્સી કાનાબાર'ના નામે ઓળખાશે.



આજે સવારે ઐતિહાસિક મજેવડી દરવાજા ખાતે રમતગમત વિભાગ અને વહીવટી તંત્રના અધિકારીઓએ જેન્સીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ એક ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જે શહેરના વિવિધ રાજમાર્ગો પર ફરીને ગાંધીગ્રામ સ્થિત સરદાર પટેલ રમતગમત સંકુલ પહોંચી હતી. રેલી દરમિયાન શહેરના નાગરિકોએ ઠેર-ઠેર આ ઉભરતી ખેલાડી પર પુષ્પવર્ષા કરી હતી.

**સફળતા માટે મન મક્કમ હોવું જોઈએ:** ધારાસભ્ય સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલ ખાતે યોજાયેલા સન્માન સમારોહમાં ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયાએ જણાવ્યું હતું કે, જેન્સીએ માત્ર જૂનાગઢ જ નહીં પરંતુ સમગ્ર દેશ અને માતૃશક્તિનું નામ રોશન કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, 'જો મન મક્કમ હોય તો કોઈપણ પરિસ્થિતિમાં સફળતા હાંસિલ કરી શકાય છે, જેનું જીવતું જાગતું ઉદાહરણ જેન્સી છે.'

**અજાણ્યા દેશમાં સ્થાનિકોને હરાવવા કપરું કાર્ય:** કલેક્ટર સન્માન સમારોહમાં કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસીયાએ જેન્સી અને તેના પરિવારને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, અજાણ્યા દેશમાં જઈને ત્યાંના સ્થાનિક ખેલાડીઓને ફાઈનલમાં હરાવવા એ ખૂબ જ મુશ્કેલ છે. જેન્સીએ ૩ વર્ષની ઉંમરે રેકેટ પકડ્યું હતું અને ૬ વર્ષની વયે સ્પર્ધાઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું હતું, જે તેની આકરી મહેનત દર્શાવે છેજિમખાનામાં લાઈફટાઈમ મેમ્બરશીપ જૂનાગઢ જિલ્લા કલેક્ટર અને જિમખાના અધ્યક્ષ શ્રી રાણાવસીયાએ જેન્સી કાનાબારની આ જ્વલંત સિદ્ધિ બદલ તેને જૂનાગઢ જિમખાનામાં 'લાઈફ ટાઈમ ઓનરિંગ મેમ્બરશીપ' આપવાની જાહેરાત કરી હતી, સાથે જ કોર્ટનું નામકરણ કરવાની ઘોષણા કરતા હોલમાં તાળીઓનો ગડગડાટ ગુંજી ઉઠ્યો હતો. આ કાર્યક્રમમાં મેયર ધર્મેશ પોશિયા, ડેપ્યુટી મેયર આકાશ કટારા, શહેર ભાજપ પ્રમુખ ગૌરવ રૂપારેલીયા, મ્યુનિસિપલ કમિશનર તેજસ પરમાર, ડીડીઓ એચ.પી.પટેલ અને એસ.પી.સુબોધ ઓડેદરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જેન્સીના પિતા શ્રી દિપક કાનાબારે આ સન્માન બદલ તંત્રનો આભાર માન્યો હતો.

# સિકાચા ગામે ભાદરપુલ પાસે બાવળની કાટમાં રમતા જુગાર પર LCB નો દરોડો

## જુગાર રમતા બાજીગરો પાસેથી ૬૪,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે : તમામ સામે પી.આઈ.આર કે.કાંબરીયાની કાર્યવાહી

• ગોસા(ઘેડ)તા.૦૨

પોરબંદરના ઘેડ વિસ્તારના નવીબંદર મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સિકાચા ગામે ભાદરપુલ પાસે બાવળની કાટમાં જાહેરમાં ગંજીપત્તા ના પાના વડે જુગાર રમેં છે તેવી બાતમી પરથી પોરબંદર ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી જાહેરમાં ગંજીપત્તા ના પાના વડે જુગાર રમતા કુલ ૯ શખ્સોમાંથી ૫ ને ૬૪,૮૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ ક્યારે ૪ શખ્સો નાચી જતા તમામ સામે કાર્યવાહી કરી છે. જે સૂચના અનુસંધાને પોરબંદર એલ.સી.બી.ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર. કે.કાંબરીયા ના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ના માણસો પેટ્રોલીંગ માં હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ જીતુભાઈ દાસા તથા પોલીસ કોન્સ્ટેબલ અજયભાઈ ચૌહાણ હકીકત મળેલ કે સિકાચા ગામે ભાદરપુલ પાસે બાવળની કાટમાં જાહેરમાં ગંજીપત્તા ના પાના વડે જુગાર રમેં છે તેવી બાતમી મળતા મળેલ બાતમીના આધારે હકીકતવાળી જગ્યાએ રેઈડ કરતા જુગાર રમતા કુલ ૯ ઈસમો જુગા રમતા હોય. જે પૈકી ૦૫ ઈસમો




(૧) કિરણ બાબુભાઈ પરમાર ઉ.વ.૩૪ રહે. સાપુર ગામ વણકરવાસ શંકર મંદિર પાસે તા.માંગરોળ જી.જુનાગઢ (૨) ઉતમ ઉર્ફે ભોલો રાજેશભાઈ માકડીયા ઉ.વ.૨૬ રહે. નવો વણકરવાસ માંગરોળ તા.માંગરોળ જી.જુનાગઢ. (૩) વિપુલ કાંધાભાઈ વાઢીયા ઉ.વ. ૨૯ રહે. ફરેર ગામ મીતીગામ જતા રસ્તે તા.કુતિયાણા જી.પોરબંદર. (૪) વિક્રમ લખમણભાઈભોગેસરા ઉ.વ.૫૯ રહે. ભોગસર ગામ આવળ માતાના મંદિર પાસે તા.કુતીયાણા જી.પોરબંદર અને (૫) હાજાભાઈ ભુરાભાઈ ભોગેસરા ઉ.વ.૫૮ રહે. ભોગસર ગામ શંકર મંદિર સામે તા.કુતીયાણા જી.પોરબંદરવાળા

પાંચ ઈસમોને ગંજીપતાના પાના નંગ- પર તથા રોકડા રૂા. ૬૪,૮૦૦/- મળી કુલ રૂા. ૬૪,૮૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી પાડેલ અને નાશી જનારમાં (૬) અરજણ સરમણભાઈ ખુંટી રહે. છત્રાવાગામ તા.કુતિયાણા જી.પોરબંદર (૭) હરસુખ ઉર્ફે અશોક કરશનભાઈ પંડીત રહે. મતુપુર ગામ તા.માંગરોળ જી.જુનાગઢ.(૮) પ્રવિણ ઉર્ફે સોપારીવાળો જીણાભાઈ કરગટીયા રહે. મસ્તુપુર ગામ તા.માંગરોળ જી.જુનાગઢ. અને (૯) રામદે પરબત ભાઈ ઓડેદરા રહે. મૈયારી ગામ તા.કુતિયાણા જી.પોરબંદર આ તમામ જુગારીઓ સામે નવીબંદર પો.સ્ટે. ગુ.ર.નં. 112180052 600 11/ ૨૦૨૬ જુગાર ધારા ક. ૧૨ મુજબનો ગુન્હો રજીસ્ટર કરાવેલ છે.

# પશ્ચિમ રેલવેમાં કવચ 4.0 સિક્યુરિટી સિસ્ટમ લાગુ થતાં લાંબા અંતરની રેલમુસાફરી વધુ સુરક્ષિત

• અમદાવાદ

પશ્ચિમ રેલવેએ રેલ સુરક્ષા બાબતે હાંસલ કરેલી સિદ્ધિમાં લાંબા સમયથી અપેક્ષિત કવચ 4.0 સુરક્ષા પ્રણાલીનું સફળ કમિશનિંગ પૂર્ણ કરાયું છે. આથી લાંબા અંતરની ટ્રેનોની મુસાફરી વધુ સુરક્ષિત બનશે. આ પ્રોજેક્ટને રૂ.397 કરોડના ખર્ચની મંજૂરી આપી હતી, તેનો તબક્કાવાર અમલ થઈ રહ્યો છે. કવચ એક આધુનિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ છે, જે માનવીય ભૂલોથી થતા અકસ્માત અટકાવવા મદદરૂપ બને છે. આ સિસ્ટમ સિગ્નલ પાસિંગ એટ ડેન્જર, ઓવર સ્પીડિંગ તેમજ હેડ-ઓન અને રિયર-એન્ડ અથડામણોને રોકવાની ક્ષમતા ધરાવે છે. પશ્ચિમ રેલવેના સીપીઆરઓ વિનીત અભિષેકના જણાવ્યા મુજબ, યુરોપમાં વપરાતી ઈટીસીએસ જેવી સિસ્ટમની સરખામણીએ તેની કિંમત ઓછી છે પરંતુ સુરક્ષા વધુ છે. પ્રોજેક્ટ હેઠળ 8 હજારથી વધુ આરએફઆઈડી ટેગ, 57 રેડિયો ટાવર અને સમગ્ર રૂટમાં ઓએફસી કેબલ પાથર્યા છે. વડોદરા-સુરત-વિરાર-મુંબઈ સેન્ટ્રલ રેલમાર્ગ પર કવચ યોજના અંતર્ગત અંદાજે 344 કિમી લાંબા વિભાગમાં કામ પૂર્ણ કરી સિસ્ટમ કાર્યરત કરાઈ છે. આ અગાઉ અમદાવાદ-વડોદરા વચ્ચે કવચ સિસ્ટમ કાર્યરત હતી, જેથી અમદાવાદથી વિરાર સુધી 435 કિમીના રૂટ પર અદ્યતન સુરક્ષા સિસ્ટમ કાર્યરત થઈ ગઈ છે. કવચ એક આધુનિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ છે, જે માનવીય ભૂલોથી થતા અકસ્માત અટકાવવા મદદરૂપ બને છે. આ સિસ્ટમ સિગ્નલ પાસિંગ એટ ડેન્જર, ઓવર સ્પીડિંગ તેમજ હેડ-ઓન અને રિયર-એન્ડ અથડામણોને રોકવાની ક્ષમતા ધરાવે છે. પશ્ચિમ રેલવેના સીપીઆરઓ વિનીત અભિષેકના જણાવ્યા મુજબ, યુરોપમાં વપરાતી ઈટીસીએસ જેવી સિસ્ટમની સરખામણીએ તેની કિંમત ઓછી છે પરંતુ સુરક્ષા વધુ છે. પ્રોજેક્ટ હેઠળ 8 હજારથી વધુ આરએફઆઈડી ટેગ, 57 રેડિયો ટાવર અને સમગ્ર રૂટમાં ઓએફસી કેબલ પાથર્યા છે.

# શ્રી ધનેશ્વર ડુંગરી મહાદેવ મંદિર ખાતે બાળ સંસ્કાર કેન્દ્ર ની શરૂઆત કરવામાં આવી



ગાયત્રી પરિવાર દ્વારા ૩૧.૧.૨૦૨૬ શનિવાર ના રોજ શ્રી ધનેશ્વર ડુંગરી મહાદેવ મંદિર ખાતે બાળ સંસ્કાર કેન્દ્ર ની શરૂઆત કરવામાં આવી બાળકો મા સારા સંસ્કાર નુ સિંચન થાય તે હેતુથી દર શનિવારે સાંજે ૫ વાગ્યે બાળ સંસ્કાર શિબિર નું આયોજન કરવામાં આવશે આ કાર્યક્રમ ના ઉદઘાટન કાર્યક્રમમાં ગાયત્રી પરિવાર ના શિલ્પાબેન સુથાર,શારદા બેન જોષી,ચેતનાબેન નાયક,નીલમ બેન પ્રજાપતિ,નીપાબેન કડીયા તથા મંદિર ના ટ્રસ્ટીઓ દિલીપભાઈ પંચાલ,સતીષભાઈ સુથાર,કીશન ભાઈ સોની ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા

**લો...બોલો અમદાવાદમાં હવે બમ્પ ખસી ગયો**

# સ્પીડબ્રેકરમાં ખાડો-તિરાડ પડતાં 'હોશિયાર' અધિકારીઓએ રાતોરાત રોડ બનાવી દીધો; ભારે વાહનો પસાર થવાથી ખસી ગયો: અધિકારી

• અમદાવાદ

ગુજરાતની સૌથી મોટી કોર્પોરેશન એવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડની ગુણવત્તા તો ખરાબ હોય જ છે, પરંતુ હવે રોડ ઉપર વાહનોની ગતિ ધીમી કરવા માટે બનાવવામાં આવતાં બમ્પ પણ યોગ્ય રીતે બનાવવામાં આવતા નથી. જેના કારણે બમ્પ પણ હવે તૂટવા લાગ્યા છે. અમદાવાદના સ્પીડબ્રેકર હવે વાહનોની નહીં પણ જાણે કે 'વિકાસની ગતિ' ધીમી પાડતાં હોય તેમ લાગે છે. વળી કોઈ ભૂલમાંથી શીખ લઈ તેમાં સુધારા કરવાની જગ્યાએ કોર્પોરેશન હંમેશની જેમ તેમાં ઢાંકપિછાડો કરી દે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો અણઘડ વહીવટનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. એસપી રીંગ રોડ નજીક નિર્વાણા પાર્ટી પ્લોટની પાછળના ભાગે મ્યુનિસિપલ કોર્પોરેશને રોડ પર બનાવેલો બમ્પ તૂટી ગયો. બમ્પમાં એટલો મોટો ખાડો પડી ગયો કે ટુ-વ્હીલર ચાલકનું ધ્યાન ન હોય તો ચોક્કસ અકસ્માત થાય અને જાનહાનિ થાય. આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ-પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીને પૂછતા તેમણે કહ્યું હતું કે વધારે ભારે વાહનો ત્યાંથી પસાર થતા હોવાથી આ બમ્પ ખસી ગયો.

**મુમુદપુરાથી એલજે કોલેજ તરફ જતા રોડ પર બમ્પ તૂટ્યો**

શહેરના એસજી હાઈવે પર નિર્વાણા પાર્ટી પ્લોટની પાછળના ભાગે મુમુદપુરાથી એલજે કોલેજ તરફ જવાના રોડ ઉપર નવો રોડ બનાવવામાં આવ્યો છે. જેના ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વિભાગ દ્વારા ટ્રાફિક પોલીસની મંજૂરી લઈને બમ્પ બનાવવામાં આવ્યો હતો. આ બમ્પમાં ખાડો અને તિરાડ પડી તૂટી ગયો હતો. જો રાત્રે લાઈટ વિના કોઈ ટુ-વ્હીલર લઈને નીકળે અને ખાડામાં પડે તો ચોક્કસ અકસ્માત થાય એવી ખરાબ સ્થિતિમાં બમ્પ જોવા મળ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વિભાગના ધ્યાને આ બાબત આવી હતી.

રોડ ઉપર બનાવવામાં આવેલા ખરાબ બમ્પના કારણે લોકોને હાલાકી પડે એવું રાતોરાત ધ્યાન ઉપર મૂકવામાં આવતા બમ્પને હટાવવાની કાર્યવાહી કરી દેવામાં આવી હતી. આજે 2 ફેબ્રુઆરીના રોજ સવારે દક્ષિણ-પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગ દ્વારા બમ્પને તોડીને ત્યાં રોડ સરખો કરી દેવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ-પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીને પૂછતા તેમણે કહ્યું હતું કે આ રોડ ઉપર બનાવવામાં આવેલો બમ્પ ખસી ગયો હતો. બમ્પ ખરાબ થવા પાછળનું કારણ તેમણે ભારે વાહનો ત્યાંથી પસાર થતા હોવાના કારણે આવી સ્થિતિ ઊભી થઈ હોવાનું કહ્યું હતું. વધારે ભારે વાહનો ત્યાંથી પસાર થતા હોવાથી આ બમ્પ ખસી ગયો હતો તેઓ બચાવ તેમણે કર્યો હતો.

## આર્થિક સર્વેક્ષણમાં શહેરોના અવિકસિત વિકાસ પર પ્રકાશ પાડવામાં આવ્યો

બજેટ પહેલાં સંસદમાં રજૂ કરાયેલા આર્થિક સર્વેક્ષણમાં પણ અનેક પડકારો તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે તે સારું છે. આમાંથી એક યોગ્ય શહેરી વિકાસનો અભાવ છે. આ વાતને વિગતવાર રીતે પ્રકાશિત કરવામાં આવી હોવાથી, તેના મહત્વને સમજવું અને ગંભીર ધ્યાન આપવું જોઈએ. ભાગ્યે જ કોઈ આ વાત સાથે અસંમત થશે કે શહેરો ફક્ત રહેઠાણ કરતાં વધુ છે.

તેઓ આર્થિક માળખાગત સુવિધાનું એક મહત્વપૂર્ણ સ્વરૂપ છે. તેથી જ તેમને આર્થિક વિકાસના એન્જિન કહેવામાં આવે છે. જ્યારે આપણા શહેરો કુલ સ્થાનિક ઉત્પાદનમાં ફાળો આપી રહ્યા છે, ત્યારે તેઓ વિશ્વના ઘણા દેશોના શહેરોની જેમ આરામદાયક નાગરિક જીવનના કેન્દ્રો બની રહ્યા નથી. શહેરી જીવન સમસ્યાઓથી ઘેરાયેલું છે. તેઓ તણાવ, ભીડ અને ગંદકીનો પર્યાય બની રહ્યા છે. આ બિનઆયોજિત અને આડેધડ વિકાસને કારણે છે.

એક વિડંબના એ છે કે માળખાગત સુવિધાઓમાં છૂટાછવાયા સુધારાઓને શહેરી વિકાસનો પર્યાય માનવામાં આવે છે. પરિણામે, શહેરી સમસ્યાઓ ફરી ઉભી થતી રહે છે. એ પણ સ્પષ્ટ છે કે ઘણા શહેરો, આર્થિક પ્રવૃત્તિના કેન્દ્રો બન્યા હોવા છતાં, રાજકીય રીતે હાંસિયામાં ધકેલાઈ ગયા છે. મ્યુનિસિપલ સંસ્થાઓની નિષ્ફળતા પરિસ્થિતિને વધુ જટિલ બનાવે છે.

આર્થિક સર્વેક્ષણ મુજબ, ભારતીય શહેરો આવકમાંથી તેમના ݣ ના ૦.૬ ટકા કરતા પણ ઓછું ઉત્પાદન કરે છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે શહેરોનું યોગ્ય રીતે સંચાલન થઈ રહ્યું નથી. ઘણીવાર, શહેરી માળખાગત સુવિધાઓનું નિર્માણ કરતી વખતે, એ વાત પર કોઈ વિચાર કરવામાં આવતો નથી કે તે શહેરી જીવનના યોગ્ય વિકાસમાં ફાળો આપશે કે નહીં. શહેરો આર્થિક અને વ્યાપારી પ્રવૃત્તિના કેન્દ્ર તરીકે સ્થાપિત થાય છે, પરંતુ કામદારો ક્યાં રહેશે અથવા તેઓ કેવી રીતે મુસાફરી કરશે તેના પર ભાગ્યે જ ધ્યાન આપવામાં આવે છે. જ્યારે શહેરો ટ્રાફિક ભીડ, અતિક્રમણ, પ્રદૂષણ વગેરે જેવી સમસ્યાઓથી ઘેરાયેલા હોય છે, ત્યારે તેમની ઉત્પાદકતા ઓછી થાય છે અને રોકાણની સંભાવના ઓછી થાય છે. હવે જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું છે કે શહેરોમાં વસ્તીનું દબાણ વધતું રહેશે, ત્યારે તેમના સંતુલિત અને ટકાઉ વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. આ હાલમાં થઈ રહ્યું નથી, અને તેથી, શહેરોમાં ઝૂંપડપટ્ટીઓ વધી રહી છે, અને રહેણાંક વિસ્તારો વ્યાપારી બની રહ્યા છે. રાજ્ય સરકારો દસ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરો માટે આર્થિક સર્વેક્ષણમાં ઓળખાયેલા કાર્યક્રમોને અમલમાં મૂકવા માટે આગળ વધે તે માત્ર જરૂરી જ નથી, પણ અનિવાર્ય પણ છે. તેમણે સમજવું જોઈએ કે તેમના શહેરોનો યોગ્ય વિકાસ સુનિશ્ચિત કરવાની તેમની જવાબદારી છે.

# રેર અર્થ કોરિડોર : ફ્યુચર ટેક્નોલોજી માટે પૂર્વ તૈયારીઓનું આયોજન

EDITORIAL

**આ મિનરલ્સ આજકાલ મોબાઈલ ફોન, એલઈડી લાઈટ, હાઈબ્રિડ ગાડીઓ અને ક્રૂડ પ્રોસેસિંગમાં, ન્યૂક્લિયર પાવર અને પવન ચક્કીઓ તથા ઈલેક્ટ્રિક ગાડીઓ અને સેટેલાઈટ્સ માટે પણ ઉપયોગમાં લેવામાં આવે છે : સમગ્ર વિશ્વમાં રેર અર્થ મિનરલ્સનો ભંડાર અંદાજે ૧૩૦ મિલિયન ટન છે**

નાણા મંત્રી નિર્મલા સીતારામન દ્વારા જારી કરાયેલા બજેટમાં રેર અર્થ મિનરલ્સ મેળવવા માટેની દિશામાં કામ કરવાને પ્રાધાન્ય અપાયું હતું. નાણામંત્રી દેશમાં રેર અર્થ કોરિડોર સ્થાપવાની અને વિકસાવવાની જાહેરાત કરી હતી. ભારતના ખનિજોથી સમૃદ્ધ ચાર રાજ્યોને જોડીને રેર અર્થ કોરિડોર તૈયાર કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ને ઓરેન્જ બજેટ અથવા તો ઓરેન્જ ઈકોનોમી તરફ લઈ જવાની કેન્દ્ર સરકારની તૈયારીઓ દેખાઈ રહી છે. ભવિષ્યમાં ઈલેક્ટ્રિક ડિવાઈસિસ અને સાધનો તથા સંશાધનોના વપરાશ ઉપર ભાર મુકવા અને તેના માટે જરૂરી સેમીકન્ડક્ટર અને ચીપ બનાવવા માટે રેર અર્થ મિનરલ્સ જરૂરી છે. તેને પ્રાપ્ત કરવાની ખેવના સાથે જ ભારત દ્વારા આ દિશામાં આયોજન કરવામાં આવ્યું હોવાની ચર્ચા છે.

જાણકારો માને છે કે, આ જાહેરાત માત્ર બજેટ પૂરતી જ કરાઈ છે તેવું નથી. સમગ્ર વિશ્વમાં રેર અર્થ મિનરલ્સ અને મેટલ્સ માટે હાલમાં પડાપડી થઈ રહી છે. તેની ડિમાન્ડ અત્યંત વધારે છે અને તેનો સપ્લાય ઓછો છે. દુનિયાના મોટાભાગના રેર અર્થ મિનરલ્સ ઉપર ચીન દ્વારા કબજો કરી લેવાયો છે. તેનો સપ્લાય તેણે ઘટાડીને વિશ્વમાં કૃત્રિમ અછત ઊભી કરી છે. ભારતમાં ઘણા રાજ્યો છે જ્યાં રેર અર્થ મિનરલ્સ છે. તેમાંથી સમયાંતરે ખાણકામ કરીને આ જથ્થો કાઢીને ભારત ચીન સહિતના વૈશ્વિક દેશો ઉપર પોતાના નિર્ભરતા ઘટાડી શકે છે. આ દિશામાં પણ આત્મનિર્ભરતા તરફ આગળ વધી શકે છે. ૨૧મી સદીના ઈન્ડસ્ટ્રીયલ પાવર ગણાતા તથા ફ્યુચર ટેક્નોલોજીની માટે પાયાની વસ્તુ ગણાતા આ રેર અર્થ મિનરલ્સને મેળવવા અને તેનો સપ્લાય નિરંતર ચાલુ રહે તેવી વ્યવસ્થા કરવી ખૂબ જ જરૂરી છે. ભવિષ્યમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈ ગેજેટ્સ અને ટેક્નોલોજી તરફ આગળ વધવું હશે તો તેની ચીપ્સ અને અન્ય પાર્ટ્સ માટે આ મિનરલ્સની ખાસ જરૂર પડશે અને તેને અત્યારથી જ સંગ્રહિત કરવા આ કોરિડોરની રચના કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, બજેટ દરમિયાન નિર્મલા સીતારામને જણાવ્યું કે, સરકારની યોજનાઓની સાર્થકતા માટે ઓડિશા, કેરળ, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુને જોડવાની એક રેર અર્થ કોરિડોર બનાવવામાં આવશે. આ ચારેય રાજ્યો હાલમાં પણ પોતાના ખાણ-ખનીજના જથ્થા માટે અને ખાસ કરીને કોસ્ટલ માઈન્સ અને મિનરલ્સ બેલ્ટ તરીકે જાણીતા છે. આ ચારેય રાજ્યો સંયુક્ત રીતે એકબીજા સાથે જોડાઈને રેર અર્થ એલિમેન્ટ માટે મોટું માળખું બની શકે છે. સરકાર પણ તેમને જોડીને આ કોરિડોર વિકસાવવાનું આયોજન કરશે. મહત્ત્વની વાત એ છે કે, સરકાર દ્વારા ગત વર્ષે જ રેર અર્થ પરમેનન્ટ મેગ્નેટ માટે યોજના લાગુ કરી દેવાઈ હતી. તે સિવાયના રેર અર્થ મિનરલ્સ માટે આયોજનો કરવામાં આવી રહ્યા હતા. હવે ઓડિશા, કેરળ, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુને જોડીને રેર અર્થ કોરિડોર વિકસાવાશે. તેમાં માઈનિંગ ઉપરાંત પ્રોસેસિંગ, રિસર્ચ અને મેન્યુફેક્ચરિંગને પણ પ્રોત્સાહન આપવામાં આવશે.




ઉલ્લેખનીય છે કે, આ કોરિડોર બનવાનો છે તે ચાર રાજ્યોમાંથી તમિલનાડુ અને કેરળમાં આ વર્ષે વિધાનસભા ચૂંટણીઓ પણ યોજાવાની છે. તેના પગલે રાજકીય પ્લેટફોર્મ પણ તૈયાર કરવામાં આવ્યું હોય તેવી ચર્ચાએ વેગ પકડયો છે. આ કોરિડોરનો મુખ્ય આશય માત્ર ટ્રાન્સપોર્ટેશન નહીં પણ રેર અર્થ મિનરલ્સનું માઈનિંગ કર્યા બાદ તેનું પ્રોસેસિંગ કરવું, રિસર્ચ સંસ્થાઓ સુધી પહોંચાડવું અને મેન્યુફેક્ચરિંગ યુનિટ સાથે પણ તેનું જોડાણ કરવું જેવી બાબતોનું ધ્યાન રાખવામાં આવશે. જાણકારોના મતે આ કોરિડોર દ્વારા ખનનથી શરૂ કરીને મેન્યુફેક્ચરિંગ સુધી સંશાધનોના લોજિસ્ટિકમાં જે વિલંબ થાય છે તેમાં ઘટાડો થશે અને સ્થાનિક ધોરણે ઉત્પાદન વધશે અને આત્મનિર્ભરતા કેળવાશે. આ ચારેય રાજ્યો એવા છે જ્યાં માત્ર રેર અર્થ મિનલ્સ છે તેવું નથી. આ રાજ્યોમાં સારામાં સારા પોર્ટ્સ છે, ઈન્ડસ્ટ્રીયલ ઝોન છે અને ખાસ કરીને ઉદ્યોગોને સપોર્ટ કરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. સ્થાનિક સરકારો અને કેન્દ્ર સરકાર વચ્ચે તાલમેલ સાધીને રેર અર્થ મિનરલ્સ સેક્ટરમાં ઈકોસિસ્ટમ તૈયાર કરવાની કવાયત છે. જેથી આ એક્ટિવિટી માત્ર માઈનિંગ નહીં પણ એક હાઈવેલ્યુ બિઝનેસ મોડયુલ તરીકે ડેવલપ થાય.

ઉલ્લેખનીય છે કે, રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનિજો હકીકતે ૧૭ પ્રકારની છે. આ એવી ધાતુઓ છે જે દેખાવમાં ખૂબ જ સામાન્ય છે પણ તેની અંદર એવા વિશેષ ગુણ છે જેના કારણે તેની ડિમાન્ડ ખૂબ જ છે. તેના દ્વારા વીજળી ઉત્પન્ન થઈ શકે છે, તેમાંથી વીજળી પસાર થઈ શકે છે અને તે મેગ્નેટની જેમ કેમ કરે છે. કેટલીક ધાતુને પરમેનન્ટ મેગ્નેટ પણ કહેવાય છે. બીજી મહત્ત્વની વાત એ છે કે, તેને અન્ય ધાતુમાં ભેગી કરવામાં આવે ત્યારે અન્ય ધાતુઓ વધારે મજબૂત થઈ જાય છે. દુનિયાના ઘણા દેશોમાં આ મિનરલ્સ મળે છે પણ તેનું પ્રમાણ વત્તુ-ઓછું હોય છે. સૌથી મોટી સમસ્યા એ છે કે, આ મિનરલ્સની સાથે યુરેનિયમ, થોરિયમ જેવા રેડિયોએક્ટિવ પદાર્થો પણ ચોંટેલા હોય છે. તેના કારણે તેને દૂર કરવા અને બંનેને અલગ પાડવા ખૂબ જ જોખમી અને મુશ્કેલ કામ છે. લાંબી ખનન પ્રક્રિયા બાદ ખૂબ જ ઓછી માત્રામાં શુદ્ધ મિનરલ્સ મળતા હોય છે. આ ખનન દરમિયાન રેડિયોએક્ટિવ વોટર, ઝેરી ગેસ, એસિડ અને બીજા ઘણા પદાર્થ નિકળે છે જે પર્યાવરણ અને માણસો માટે અત્યંત જોખમી અને જીવલેણ હોય છે. આ રેર અર્થ એલિમેન્ટ્સ કે મિનરલ્સ જે પણ કહીએ તેનો ઉપયોગ એકાએક અને ખૂબ જ વધી ગયો છે. આ મિનરલ્સ આજકાલ મોબાઈલ ફોન, એલઈડી લાઈટ, હાઈબ્રિડ ગાડીઓ અને ક્રૂડ પ્રોસેસિંગમાં, ન્યૂક્લિયર પાવર અને પવન ચક્કીઓ તથા ઈલેક્ટ્રિક ગાડીઓ અને સેટેલાઈટ્સ માટે પણ ઉપયોગમાં લેવામાં આવી છે. આ ઉપરાંત ઘણા ઉદ્યોગોમાં મશિનો માટે તથા દવાઓ બનાવવા પણ તેનો ઉપયોગ થાય છે. હાલમાં સ્થિતિ એવી થઈ ગઈ છે કે, માણસોનું જીવન આગળ વધવું આ ધાતુઓ વગર શક્ય જ નથી તેમ બની ગયું છે.

# AI ટેકનોલોજીની આવક ૨૮૦ અબજ ડોલરને વટાવશે

વર્તમાન વર્ષમાં દેશમાં આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ટેકનોલોજી ક્ષેત્રની આવક ૨૮૦ અબજ ડોલરને પાર કરી જવાની ધારણાં રાખવામાં આવી રહી છે. આટલા જંગી વેપાર કદ સાથે વિશ્વમાં ભારત એઆઈ મથક બનવા તરફ આગળ વધી રહ્યું છે. દેશમાં ટેકનોલોજી તથા એઆઈ ક્ષેત્ર સાથે ૬૦ લાખ જેટલા લોકો સંકળાયેલા છે એટલુ જ નહીં ભારત ૧૮૦૦ જેટલા ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી) ધરાવે છે. જો કે એઆઈના સ્થિર વિકાસ માટે ચીપ્સ, ડીસ્ક જેવા સ્ટોરેજ માળખા, વીજ તથા પાણીની ઉપલબ્ધતા, ટેકનોલોજીના જાણકાર કર્મચારીબળ વગેરે પ્રાથમિક આવશ્યકતા રહેલી છે. ડેટાના સ્ટોરેજ માટે પરવડી શકે તેવી અને ટકાઉ હાર્ડ ડિસ્ક ડ્રાઈવની ઉપલબ્ધતા જરૂરી છે જે એઆઈના રાષ્ટ્રીય સ્તર સુધી ઉપયોગનો માર્ગ મોકળો કરી શકે છે, એમ એઆઈ ક્ષેત્રના આગેવાને મત વ્યકત કરતા જણાવ્યું હતું. માત્ર ગ્રાફિક પ્રોસેસિંગ યુનિટસ જ નહીં પરંતુ વ્યાપક સ્ટોરેજ ક્ષમતા પણ એઆઈ ટેકનોલોજીના વપરાશ માટે પ્રથમ આવશ્યકતાઓમાંની એક છે.

એઆઈ ત્યારે જ શક્તિશાળી સાબિત થઈ શકે છે જ્યારે તે વધુને વધુ ડેટા મેળવી શકે છે. જેટલા વધુ ડેટા તેની પાસે હશે તેટલું જ સારુ પરિણામ એઆઈ પૂરું પાડી શકે છે. કોઈપણ પ્રકારના મોડેલ્સ, ટુલ્સ કે પછી એલ્ગોરિધમની કામગીરી જંગી ડેટા પર જ અવલંબે છે. ઉપલબ્ધ ડેટાના સલામત વપરાશ માટે સ્ટોરેજ ક્ષમતા એટલે કે હાર્ડ ડિસ્ક ડ્રાઈવની ભૂમિકા મહત્વની બની રહે છે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૯માં ડેટા જનરેશનનું વાર્ષિક વોલ્યુમ બમણાથી વધુ થઈને ૫૨૭.૫૦ ઝેટ્ટાબાયટ્સ પહોંચવા ધારણાં છે જે માટે મજબૂત અને વિશ્વસ્નિય સ્ટોરેજ વ્યવસ્થા જરૂરી બની રહેશે. ભારતના ઈલેકટ્રોનિકસ તથા ઈનફરમેશન ટેકનોલોજી મંત્રાલયના અંદાજ પ્રમાણે દેશમાં




એઆઈનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે તેને જોતા ૧૦૦૦૦૦ જીપીયુની આવશ્યકતા ઊભી થશે પરંતુ કોમ્પ્યુટિંગ શક્તિ ત્યારે જ મજબૂત બની રહેશે જ્યારે તેમાં સ્ટોરેજ ક્ષમતા પણ જોરદાર હશે.

વિશાળ એઆઈ તાલીમ ડેટા સેટસ, કૃત્રિમ ડેટા તથા અનુમાનિત પરિણામ મેળવવા આવશ્યક સ્તરની ક્ષમતા તથા કામગીરી પ્રદાન કરવા એચડીડી કાર્યક્ષમ હોય છે, માટે જ એઆઈના વર્તમાન યુગમાં તે અનિવાર્ય બની રહી છે. વિશ્વભરમાં ડેટા સેન્ટર્સનો જે ઝડપથી વધારો થઈ રહ્યો છે તેટલી જ તેની લાંબા સમય સુધી ટકી રહેવાની ક્ષમતા સામે પણ આશંકાઓ સેવાઈ રહી છે. કારણ કે જંગી ડેટા સેન્ટરો માટે વ્યાપક માત્રામાં વીજળી અને પાણીની આવશ્યકતા રહે છે. આ સેન્ટરોને કુલિંગ માટે વર્ષેદહાડે અબજો લિટર પાણીની જરૂરત રહે છે. ડેટા સેન્ટરની વીજ માગ આગામી પાંચ વર્ષમાં વીજની એકંદર વૈશ્વિક માગના ૩-૪ ટકા પહોંચી જશે જે ૨૦૨૩માં ૧-૨ ટકા હતી.

જાણકારોની વાત માનીએ તો એઆઈ ટેકનોલોજી જ્યાં વીજની જંગી માગ રહે છે ત્યાં કાર્યક્ષમ એચડીડી વીજના વપરાશમાં બચત કરાવે છે જેથી કંપનીઓ જ્યાં ઊંચો વીજ વપરાશ એક ચિંતાની બાબત હોય છે ત્યાં તેમના કામકાજ પાછળના ખર્ચમાં બચત થવા પામે છે. એઆઈ માળખામાં જ્યાં ડેટામાં વધારો થતો જાય છે ત્યાં એચડીડી તેને સંગ્રહ કરવાની અને જાળવવાની પોતાની કામગીરી પાર પાડે છે.

એઆઈ ટેકનોલોજી ક્ષેત્રે ભારતને એક ઊભરતી બજાર તરીકે જોવાઈ રહ્યું છે પરંતુ એઆઈ માટે જરૂરી માળખાની દ્રષ્ટિએ અમેરિકા તથા ચીનની તુલનાએ ભારત હજુ પાછળ હોવાનું કહેવાય છે. વ્યાપક આઈટી ટેલેન્ટ, ૩૦૦૦ એઆઈ સ્ટાર્ટઅપ્સની હાજરી તથા મજબૂત આઈટી કંપનીઓ એઆઈ ક્ષેત્રે ભારતનું એક પોઝિટિવ પાસુ છે અને આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા સરકાર તરફથી પહેલ પણ કરવામાં આવી રહી છે, ત્યારે એઆઈ માટે ડેટાના પ્રોટેકશનની ખાતરી સાથેના આવશ્યક માળખા ઊભા કરવાની બાબતને ભારતમાં પ્રાધાન્યતા મળી રહે તે જરૂરી હોવાનો ઉદ્યોગમાં મત પ્રવર્તી રહ્યો છે.

મર્યાદિત કોમ્પ્યુટિંગ પાવર, ડેટા સ્ટોરેજ તથા હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેકટિવિટીનો અભાવ ભારતમાં એઆઈ ટેકનોલોજીના વિકાસ સામે પડકારરૂપ બની રહ્યા છે. આ હકીકતને ધ્યાનમાં રાખી મોટી ક્ષમતા સાથેના કોમ્પ્યુટિંગ માળખા, ડેટા સેન્ટર્સ , એચડીડીની ઉપલબ્ધતા તથા ઈન્ટરનેટ જોડાણમાં ઝડપથી સુધારા કરવા પર હિસ્સેદારો દ્વારા ભાર અપાઈ રહ્યો છે.

એઆઈના વિકાસનો મુખ્ય આધાર ઊંચી ગુણવત્તા, વૈવિધ્યસભર તથા સુસંગત ડેટા પર રહેલો છે, પરંતુ ભારતમાં ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક વૈવિધ્યતાને પરિણામે ડેટા એકઠા કરવાનું તથા તેને પ્રોસેસ કરવાની કામગીરી પડકારરૂપ રહેલી છે. માળખાના અભાવે એઆઈ ટૂલ્સ તથા સોલ્યુશન્સના વિકાસકો સામે નવીનતા પૂરી પાડવાનું જોખમરૂપ બની રહ્યું છે. ડેટાના રક્ષણ તથા જવાબદારી જેવી એઆઈ સંબંધિત ચિંતાઓને દૂર કરવા મજબૂત માળખાની આવશ્યકતા હોવાનો મત પ્રવર્તી રહ્યો છે, જેથી એઆઈ ટેકનોલોજીના ઝડપી વિકાસ તથા વપરાશનો માર્ગ મોકળો બની શકે. વિશ્વની અનેક કંપનીઓ ભારતમાં એઆઈ ક્ષેત્રમાં પોતાની હાજરી વધારવા માગે છે ત્યારે આવનારા મહિનાઓમાં ભારત એઆઈ માળખામાં સજ્જ રહે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. સ્પર્ધાત્મક બનવા માટે ભારતે એઆઈ સંચાલિત આઈટી અને જીપીયુ આધારિત માળખા તથા ઊભા કરવાના રહેશે.

## બજેટમાં સિક્યોરિટી ટ્રાન્ઝેકશન ટેક્સ વધારવાની જાહેરાતથી શેરબજાર તૂટ્યું?

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે રવિવારે સંસદમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ રજૂ કર્યું હતું. આ તેમનું સતત નવમું બજેટ છે. જોકે, શેરબજારે બજેટ ભાષણ પર નકારાત્મક પ્રતિક્રિયા આપી હતી, અને નાણામંત્રીનું ભાષણ પૂરું થયું ત્યાં સુધીમાં શેરબજારમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. એક સમયે સેન્સેક્સ ૨,૦૦૦ પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો. નિષ્ણાતો માને છે કે શેરબજારમાં ફ્યુચર્સ ટ્રેડિંગ પર સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટેક્સ વધારવાની જાહેરાતને કારણે આ પ્રતિક્રિયા આવી છે.

ઉલ્લેખનીય છે કે રવિવારે શેરબજાર ખુલ્લું હોય તેવું ખૂબ જ દુર્લભ છે પરંતુ બજેટ રજૂ થવાને કારણે બજાર ખુલ્લું રહે છે. પોતાના ભાષણની શરૂઆત કરતા, નાણામંત્રીએ કહ્યું કે સરકારનું ધ્યાન ઔદ્યોગિક વિકાસ વધારવા પર છે અને ગયા વર્ષે ૧૫ ઓગસ્ટથી ૩૫૦ થી વધુ આર્થિક સુધારા હાથ ધરવામાં આવ્યા છે. તેમણે આર્થિક વિકાસને વેગ આપવા માટે ઉત્પાદન, MSME, માળખાગત સુવિધાઓ, સુરક્ષા અને સ્થિરતાને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો. આ વર્ષના બજેટમાં, કેન્દ્રીય નાણામંત્રીએ દુર્લભ પૃથ્વી ખનિજો માટે એક ખાસ કોરિડોર તેમજ સાત રેલ્વે કોરિડોર બનાવવાની જાહેરાત કરી હતી. આરોગ્ય અને દવાઓથી લઈને શિક્ષણ અને મહિલાઓ સુધીની કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી હતી.

પરંતુ એક જાહેરાતે શેરબજારનો મૂડ બગાડી નાખ્યો. નાણામંત્રીએ કહ્યું કે તેઓ ફ્યુચર્સ અને ઓપ્શન્સ પર STT ૦.૦૨ ટકાથી વધારીને ૦.૦૫ ટકા કરવાનો પ્રસ્તાવ મૂકી રહ્યા છે. આ પછી શેરબજારમાં ભારે વેચવાલી જોવા મળી. STT એટલે સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ. તે શેરની ખરીદી અને વેચાણ પર લાદવામાં આવે છે. નાણામંત્રીએ કહ્યું કે ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં સિક્યોરિટી ટ્રાન્ઝેક્શનને બમણાથી વધુ કરવાનો પ્રસ્તાવ છે.

F&O પર STT હાલમાં ૦.૦૨% હતો, અને હવે તેને વધારીને ૦.૦૫% કરવાનો પ્રસ્તાવ છે. STT મૂળભૂત રીતે અન્ય કરવેરાથી અલગ છે. આ કર આવક વધારવા અને નાણાકીય બજારોમાં સ્થિરતા વધારવા માટે શેર વ્યવહારો પર લાદવામાં આવે છે.

આ સંપૂર્ણપણે મૂલ્ય-આધારિત છે, એટલે કે ટ્રેડેડ શેરનું મૂલ્ય જેટલું ઊંચું હશે, તેટલો જ STT લાગુ પડશે, પછી ભલે વ્યક્તિએ વ્યવહાર પર નફો કર્યો હોય કે નહીં. કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ રજૂ કરતા, નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે નવો આવકવેરા કાયદો ૧ એપ્રિલ, ૨૦૨૬ થી અમલમાં આવશે. આવકવેરા રિટર્ન ફાઈલ કરવા સંબંધિત સમયમર્યાદા અને નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે.

ITR-૧ અને ITR-2 ફાઈલ કરનારાઓ હવે ૩૧ જુલાઈ સુધી તેમના રિટર્ન ફાઈલ કરી શકશે. જોકે, આ વખતે આવકવેરા સ્લેબમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. હકીકતમાં, ગયા વર્ષે રજૂ કરાયેલા નવા કર શાસન હેઠળ, વાર્ષિક રૂા.૧.૨ મિલિયન સુધીની આવક પર કોઈ આવકવેરો નથી. પગારદાર વર્ગ માટે પ્રમાણભૂત કપાત રૂા.૭૫,૦૦૦ છે, તેથી રૂા.૧.૨૭૫ મિલિયન સુધીની આવક કરમુક્ત છે. નાણામંત્રીએ કહ્યું, ભારતનું એનિમેશન, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, ગેમિંગ અને કોમિક્સ (AVGC) ક્ષેત્ર એક વિકસતો ઉદ્યોગ છે જેને ૨૦૩૦ સુધીમાં ૨૦ લાખ વ્યાવસાયિકોની જરૂર પડશે.

નાણામંત્રીએ ૧૫,૦૦૦ માધ્યમિક શાળાઓ અને ૫૦૦ કોલેજોમાં AVGC કન્ટેન્ટ ક્રિએટર લેબ્સ સ્થાપવામાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેક્નોલોજીસ, મુંબઈને મદદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. ઓરેન્જ ઈકોનોમી, અથવા સર્જનાત્મક અર્થતંત્ર, એવા ક્ષેત્રોનો ઉલ્લેખ કરે છે જે વ્યક્તિગત સર્જનાત્મકતા, કુશળતા અને બૌદ્ધિક સંપદા પર આધારિત છે, જેમાં કલા, ડિઝાઈન, ફેશન, ફિલ્મ, સંગીત અને ડિજિટલ સામગ્રીનો સમાવેશ થાય છે. નાણામંત્રીએ આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરી અને કેન્સર અને દુર્લભ રોગોને લગતી ૩૬ દવાઓ પર ડ્યુટી ઘટાડવાનો પ્રસ્તાવ મૂક્યો. બજેટમાં તેમણે આગામી પાંચ વર્ષમાં બાયોફાર્મામાં ૧૦ હજાર કરોડ રૂપિયાના રોકાણનો પ્રસ્તાવ મૂક્યો.

## આજનું રાશીફળ

**મેષ** – હવે તેને ફેંકી દેવાનો અને આગળ વધવાનો સમય છે. તમારી મહેનત પ્રમાણે તમને શુભ ફળ મળશે. ભાગ્ય તમારા પક્ષમાં છે. તમારી ઉર્જાનો ભરપૂર ઉપયોગ કરો. ચૂકવણી કરવાથી મન અસ્વસ્થ થશે.

**વૃષભ** – દિવસની શરૂઆતમાં તમારા મહત્વપૂર્ણ કામ માટે યોજના બનાવો. બપોરનો સમય તમારા પક્ષમાં ખૂબ જ અનુકૂળ હોવાથી તમારું કામ જાતે જ થવા લાગશે. સંતાન સંબંધી કોઈ શુભ સૂચના મળવાથી આનંદ થશે.

**મિથુન** – તમારી અંદર છુપાયેલી પ્રતિભાને ઓળખો અને તેનો ઉપયોગ કરો. વર્તમાન ગ્રહોની સ્થિતિ તમને અદ્ભુત શક્તિ પ્રદાન કરી શકે છે. આજે થોડી લાભદાયી સ્થિતિ બની શકે છે.

**કર્ક** – વિદ્યાર્થીઓ સ્પર્ધા સંબંધિત કાર્યોમાં સફળ થવાની સંભાવના વધારે છે. તમારી ઉર્જાનો મહત્તમ ઉપયોગ કરો. બપોર પછી વધુ લાભદાયક સ્થિતિ બની શકે છે. તેથી પ્રવાસ પણ શક્ય છે.

**સિંહ** – ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે. તમે તમારી મહેનત પ્રમાણે યોગ્ય પરિણામ મેળવી શકશો. તમારી ઉર્જાનો મહત્તમ ઉપયોગ કરો. પ્રોપર્ટી સંબંધિત કામ પણ થઈ શકે છે. તમારી વસ્તુઓ સાચવો કારણ કે ખોવાઈ જવાના કે ચોરાઈ જવાના યોગ બની રહ્યા છે.

**કન્યા** – સમય સાનુકૂળ છે. મોટાભાગના ગ્રહો તમને ઘણું બધું આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. તમારી અંદર અદ્ભુત આત્મવિશ્વાસ અનુભવો. સાથે જ તમારી કાર્યક્ષમતામાં પણ વધારો થશે. યુવાનો ગમે તેટલા સફળ બની શકે.

**તુલા** – આજનો દિવસ બહાર જવા અને કામ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. યોજનાબદ્ધ રીતે કાર્યો પૂર્ણ કરો. મન પ્રમાણે ફળ મળવાથી મનમાં પ્રસન્નતા આવશે અને આવકનું સાધન બની શકે છે.

**વૃશ્ચિક** – તમે તમારી દિનચર્યામાં જે પ્રકારનું પરિવર્તન લાવવાનો પ્રયાસ કરી રહ્યા છો તે તમારા માટે સકારાત્મક અને ફાયદાકારક સાબિત થશે. પ્રોપર્ટીના લેવડ-દેવડમાં લાભદાયી સોદા થઈ શકે છે.

**ધન** – આજે ઘરના કેટલાક નવીનીકરણ અને સજાવટને લઈને થોડી ચર્ચા થશે. પરિવારના સભ્યોમાં ઉત્સાહનું વાતાવરણ રહેશે. કોઈપણ કામ કરતા પહેલા બજેટ બનાવો.

**મકર** – આજે તમારી પાસે કેટલીક નવી જવાબદારીઓ અને વધુ કામનો બોજ હશે, તેથી આરામ અને આનંદ પર ધ્યાન કેન્દ્રિત કર્યા વિના તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો. તમને જલ્દી સારા નસીબ મળી શકે છે.

**કુંભ** – સંતાન તરફથી ચાલી રહેલી સમસ્યાનો ઉકેલ મળવાથી રાહત મળશે. તમે તમારા અંગત કાર્યો પર તમારું ધ્યાન કેન્દ્રિત કરી શકશો. સામાજિક સેવા સંસ્થા સાથે પણ તમારો સહયોગી સહયોગ રહેશે.

**મીન** – વડીલોના આશીર્વાદ અને સહકારથી તમારું ભાગ્ય વધશે. તેમનું માન-સન્માન જાળવી રાખો. ધાર્મિક કાર્ય સાથે જોડાયેલી પૂજા ઘરમાં પૂર્ણ થઈ શકે છે. જેથી ઘરમાં સકારાત્મક ઉર્જા જળવાઈ રહે છે.

# રાજ્યના 34 જિલ્લામાં ગર્લ્સ હોસ્ટેલ બનશે MSMEથી લઈ સેમિકન્ડક્ટરમાં સિક્કો પડશે

### GYAN એટલે કે 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ' તથા દિવ્યાંગજનના પીલર્સ મજબૂત થશે

• અમદાવાદ

કેન્દ્રીયનાણામંત્રીનિર્મલાસીતારમણે આજે 1 ફેબ્રુઆરી, 2026એ બજેટ રજૂ કર્યું. નાણામંત્રીના 85 મિનિટના ભાષણમાં સામાન્ય માણસ માટે કોઈ મોટી જાહેરાત થઈ ન હતી. જોકે, ટેક્સ ફાઈલ કરવામાં સરળતા, રેલવે પ્રોજેક્ટ અને આયુર્વેદિક AIIMS જેવી નવી વાતો કહેવામાં આવી છે. ત્યારે ગુજરાતને આ બજેટથી અનેક ફાયદા થવા જઈ રહ્યા છે. જેમાં રાજ્યના 34 જિલ્લામાં ગર્લ્સ હોસ્ટેલ બનશે તો SME-MSME ગ્રોથ ફંડ માટે 10 હજાર કરોડની જાહેરાત અને સેમિકન્ડક્ટર મિશન ISM 2.0 લોન્ચની જાહેરાતથી ગુજરાતમાં MSMEથી લઈ સેમિકન્ડક્ટરમાં સિક્કો પડશે, તો આવો જાણીએ ગુજરાતનું ઔદ્યોગિક જગત આ બજેટને કેવી રીતે જુએ છે અને તેનાથી ગુજરાતને શું ફાયદો?GCCIના પ્રેસિડેન્ટ સંદીપ એન્જિનિયરે જણાવ્યું કે ગ્લોબલ ચેલેન્જની વચ્ચે સમતોલ થઈને ચાલવું પડશે. ગ્લોબલ પરિસ્થિતિમાં ઈન્ફરસ્ટાચરને મહત્વ આપવું તે બજેટનો સંકેત છે. બજેટ આવકાર્ય છે, હાલની સ્થિતિમાં ઈકોનોમીને આગળ લઈ જશે. બજેટમાં સામાન્ય માણસો માટે રાહત નથી.આજની પરિસ્થિતિએ બેલેન્સ બજેટ છે.GCCIની અપેક્ષા પ્રમાણે ટેક્સેશનમાં સરળતાની માગ હતી. નવા એક્ટ પ્રમાણે સરળતા કરી છે. TDSમાં ઘણી રાહત આપી છે. કસ્ટમમાં પણ ઓટો સિસ્ટમ લાવી રહ્યા છે જેનાથી સરળતા આવશે. લોકલ ઈકોનોમીને ગ્લોબલ ચેલેન્જ વચ્ચે આ બજેટ ફાયદો કરાવશે.VCCIના વાઈસ પ્રેસિડેન્ટ હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે, લોકો હંમેશા ઈનકમ ટેક્સની લિમિટ વધે તેવી આશા રાખતા હોય છે, પરંતુ આ બજેટમાં સરકારનો અભિગમ ટેક્સ લિમિટ વધારવા કરતાં લોકોની આવક (Income) કેવી રીતે વધે તેના પર વધુ રહ્યો છે.ગયા બજેટમાં પણ ટેક્સમાં ઘણી રાહતો આપવામાં આવી હતી. સરકારે ટેક્સ સિસ્ટમને વધુ સરળ બનાવવાનો પ્રયાસ કર્યો છે જેથી નાગરિકોને મુશ્કેલી ન પડે.તેઓએ કહ્યું કે, સરકારે 'સિંગલ વિન્ડો સિસ્ટમ' અને અન્ય વહીવટી સુધારાઓ દ્વારા વ્યાપાર કરવાની પ્રક્રિયાને સરળ બનાવી છે. VCCI અને સમગ્ર MSME પરિવાર તરફથી અમે આ બજેટને આવકારીએ છીએ. આ ખરેખર આર્થિક સુધારાનું બજેટ છે. CA જૈનિક વકીલે જણાવ્યું કે કેન્દ્રીય બજેટ 2026-27 ભારતના હાઈ-ટેક અને ઉત્પાદન ક્ષેત્રને મજબૂત બનાવવા માટે એક સ્પષ્ટ અને ભવિષ્યદ્રષ્ટિપૂર્ણ રોડમેપ રજૂ કરે છે. ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) 2.0નો પ્રારંભ સેમિકન્ડક્ટર સાધનો, મટીરિયલ્સ, ડિઝાઈન અને સપ્લાય ચેનમાં સહાય વિસ્તારીને અદ્યતન ચિપ્સમાં આત્મનિર્ભરતા તરફ ભારતની યાત્રાને ઝડપી બનાવશે અને વૈશ્વિકસ્પર્ધામાં ભારતને મજબૂત બનાવશે. આ સાથે, ખનિજ સમૃદ્ધ રાજ્યોમાં સમર્પિત રેર અર્થ કોરિડોર સ્થાપવાનો નિર્ણય ખનન, પ્રોસેસિંગ, સંશોધન અને ઉત્પાદનને મજબૂત બનાવશે. આ પગલું ઈલેક્ટ્રોનિક્સ, ડિફેન્સ અને ક્લીન એનર્જી જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સપ્લાય ચેનની સ્થિરતા વધારશે. આ બંને પહેલો મળીને નવીનતા, ઉચ્ચ કૌશલ્યવાળી રોજગારીનું સર્જન કરશે અને ભારતને મજબૂત વૈશ્વિક મૂલ્ય શ્રૃંખલાનો મહત્વપૂર્ણ હિસ્સો બનાવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશા સામાન્ય લોકોને પ્રાધાન્ય આપ્યું છે. તેમના નેતૃત્વમાં વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું આ બજેટ છે. કર્તવ્ય ભવનમાં તૈયાર થયેલું આ બજેટ ત્રણ કર્તવ્યો પર ઝોંક આપતું બજેટ છે. તેમાં GYAN એટલે કે 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ' તથા દિવ્યાંગજનના પીલર્સ મજબૂત થશે. આ ત્રણ કર્તવ્યોમાં સમાજના બધાં જ ક્ષેત્રોને અને દરેક વર્ગને 'સૌના સાથ, સૌના વિકાસના' મંત્રથી આવરી લેવાનો ખૂબ જ સરાહનીય અભિગમ રાખવામાં આવ્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્ડસ્ટ્રીઝ, કટીંગ એજ ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, ડેટા સેન્ટર્સ જેવા ક્ષેત્રો પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે.

**વિરોધ** પોસ્ટલ લાઇફ ઇન્સ્યોરન્સ આધુનિક યુગમાં આવશ્યક હોવા સાથે નાણાકીય સુરક્ષા અને રોકાણનું એક વિશ્વસનીય માધ્યમ છે

# ડાક વિભાગે 'પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ'ની 142મી વર્ષગાંઠ ઉજવી, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે પોલિસી બોન્ડનું વિતરણ કર્યું

### ભારતની સૌથી જૂની જીવન વીમા સેવા 'પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ' એ 142 વર્ષ પૂર્ણ કર્યા, 1 ફેબ્રુઆરી 1884ના રોજ થઈ હતી શરૂઆત - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ આધુનિક યુગમાં આવશ્યક હોવા સાથે નાણાકીય સુરક્ષા અને રોકાણનું એક વિશ્વસનીય માધ્યમ છે - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

ડાક વિભાગે પત્ર અને પાર્સલ સેવાઓ સાથે-સાથે જીવન વીમાના ક્ષેત્રમાં પણ એક સશક્ત, વિશ્વસનીય અને જનકલ્યાણકારી સંસ્થાના રૂપમાં પોતાની વિશિષ્ટ ઓળખ સ્થાપિત કરી છે. પરંપરાગત સેવાઓથી આગળ વધીને, ડાક વિભાગે દાયકાઓથી જીવન વીમાના ક્ષેત્રમાં સતત સેવાઓ પૂરી પાડી નાગરિકોના જીવનમાં આર્થિક સ્થિરતા, સામાજિક સુરક્ષા અને નાણાકીય સંરક્ષણનો મજબૂત આધાર ઊભો કર્યો છે. ઉપરોક્ત વિચાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સના ગૌરવશાળી 142મા વર્ષમાં પ્રવેશના અવસરે, તારીખ 2 ફેબ્રુઆરી, 2026ના રોજ ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં વ્યક્ત કર્યા. આ અવસરે તેમણે વીમાધારકોને પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ પોલિસી બોન્ડ, પરિપક્વતા દાવા તથા દાવા ચુકવણી સોંપી તેમના સુખી ભવિષ્યની શુભેચ્છા પાઠવી.



પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે જીવન વીમો આધુનિક યુગમાં આવશ્યક હોવા સાથે નાણાકીય સુરક્ષા અને રોકાણનું એક વિશ્વસનીય માધ્યમ પણ છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં હાલમાં પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ અને ગ્રામિણ પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સની કુલ 2.08 લાખથી વધુ પોલિસીઓ અમલમાં છે. એક નવીન પહેલ અંતર્ગત ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના 708 ગામોમાં તમામ પાત્ર વ્યક્તિઓને વીમા આવરી લઈને તેમને 'સંપૂર્ણ વીમા ગ્રામ' તરીકે વિકસાવવામાં આવ્યા છે. ડાકઘરોમાં લોકોની ઉંમર અને જરૂરિયાત અનુસાર જીવન વીમાની વિવિધ યોજનાઓ ઉપલબ્ધ છે, જેમાં સુરક્ષા (આજીવન વીમો), સંતોષ, સુવિધા, સુમંગલ, યુગલ સુરક્ષા તથા ચિલ્ડ્રન પોલિસીનો સમાવેશ થાય છે. ઓછા પ્રીમિયમ અને ઊંચા બોનસ આ પોલિસીઓની વિશિષ્ટતા છે, જે તેને ભારતમાં અન્ય જીવન વીમા સંસ્થાઓથી અલગ ઓળખ આપે છે. બચત લાભ અને જીવન વીમા કવર ઉપરાંત આ પોલિસીઓ ગ્રાહકોને લોન સુવિધા પણ પ્રદાન કરે છે.પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ સેવાને નવીન ટેક્નોલોજી અપનાવીને ઑનલાઈન બનાવવામાં આવી છે. પોલિસીધારકો માટે ઈ-પીએલઆઈ બોન્ડની સુવિધા પણ ઉપલબ્ધ છે, જે ડિજિલોકર પર ઉપલબ્ધ છે. હવે ડાક વિભાગ દ્વારા પોલિસી બોન્ડ જારી થયા બાદ તરત જ પોલિસી બોન્ડ ડાઉનલોડ કરી શકાય છે. નવીન રીતે, પ્રીમિયમ હવે ઓનલાઈન અને આઈપીપીબી મોબાઈલ એપ્લિકેશન દ્વારા જમા કરી શકાય છે.પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે માહિતી આપતાં જણાવ્યું કે પોસ્ટલ લાઈફ ઈન્સ્યુરન્સની શરૂઆત વર્ષ 1884માં ડાક વિભાગના કર્મચારીઓ માટે એક કલ્યાણકારી યોજના તરીકે કરવામાં આવી હતી અને વર્ષ 1888માં તેને ટેલિગ્રાફ વિભાગના કર્મચારીઓ માટે વિસ્તૃત કરવામાં આવી હતી. વર્ષ 1894માં, પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સએ પી એન્ડ ટી વિભાગની મહિલા કર્મચારીઓને એવા સમયમાં જીવન વીમા કવર પૂરું પાડ્યું હતું, જ્યારે કોઈ અન્ય વીમા કંપની મહિલાઓને જીવન વીમો આપતી નહોતી. પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સના લાભ કેન્દ્ર તથા રાજ્ય સરકારોના કર્મચારીઓ, જાહેર ઉપક્રમો, સરકારી સહાય પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાઓ, રાષ્ટ્રીયકૃત બેંકો, સંરક્ષણ સેવાઓ તેમજ અર્ધલશ્કરી દળોના કર્મચારીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર 2017માં પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સનો લાભ વધારીને વ્યાવસાયિકો (જેમ કે ઈજનેર, ડોક્ટર, બેંકર, વકીલ, આર્કિટેક્ટ, પત્રકાર વગેરે) તેમજ નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ)માં સૂચિબદ્ધ કંપનીઓના કર્મચારીઓને પણ આપવામાં આવ્યો. તારીખ 1 ડિસેમ્બર, 2022થી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત કોઈપણ યુનિવર્સિટી/સંસ્થાના તમામ સ્નાતક/ડિપ્લોમાધારકો પણ પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સનો લાભ લઈ શકે છે

### ઓલપાડ તાલુકાના અટોદરા ગામે અસામાજીક તત્વોએ બીજી વખત આંતક મચાવ્યો

# ગ્રા.પં.ની મહિલા સભ્યના ઘરે અજાણ્યા શખ્સોએ વહેલી મળસ્કે સૂતળી બોમ્બ ફોડી ઘરને નુકસાન સાથે મહિલા ઈજાગ્રસ્ત

**સુતરી બોમ્બ** ફરીયાદીની કાકાની દીકરીને ગાલના ભાગે બારીના કાચ વાગતા હોસ્પિટલમાં સારવાર કરાવવી પડી

• ઓલપાડ,તા.૦૨

ઓલપાડ તાલુકાના અટોદરા ગ્રા.પં.ના વોર્ડની મહિલા સભ્યના ઘરે કોઈ અજાણ્યા અસામાજીક તત્વોએ મધરાત બાદ વહેલી મળસ્કે બે વાગ્યાંના સુમારે ચાર સૂતળી બોમ્બ ફોડી ઘરને નુકસાન કરી ભયનો માહોલ ફેલાવવાની ઘટના પ્રકાશમાં આવતા ઓલપાડ પોલીસ ફોડતી થઈ ગઈ છે.જયારે આ ઘટનામાં એક મહિલા ના ગાલમાં કાચ વાગતા તેણીને હોસ્પિટલમાં સારવાર કરાવવી પડી હતી.ગામતળના બસ સ્ટેન્ડ નજીક મોહમ્મદ અઝર અબ્દુલ સતાર મિરઝા નામનો યુવક તેના પરિવાર સાથે રહે છે.તેની માતા રઝિયાબીબી હાલમાં ગ્રા.પં.માં વોર્ડની મહિલા સભ્ય તરીકે સેવા આપી રહી છે. આ પરિવાર સોમવાર,તા.૦૨ ના રોજ રાત્રીના સુમારે મીઠી નીંદર માણી રહ્યો હતો,ત્યારે વહેલી મળસ્કે બે કલાકના સુમારે અચાનક બોમ્બના ત્રણ ધડાકા થતા પરિવારના સભ્યો ભયના માહોલ સાથે ઉંઘમાંથી સફાળા જાગી ઘર બહાર દોડી આવ્યા હતાં. આ પરિવારે ઘર બહાર નીકળી ઘરનું નિરીક્ષણ કર્યું,ત્યારે તપાસમાં જણાયું હતું કે,કોઈ અસામાજિક તત્વોએ તેઓને ડરાવવા કે અન્ય કોઈ હેતુથી તેમના ઘરના પાછળના ભાગેથી ગલીમાં જઈ ઘરમાં લગાવેલ સીસી.ટીવી કેમેરાનો કેબલ કાપી નાંખી બહારના કેમેરા આગળ એક સુતરી બોમ્બ,બીજો ઘરના રસોડાની બારી પાસે, ત્રીજો બેડરૂમની બારી પાસે તથા ચોથો સુતરી બોમ્બ બાથરૂમની બારી પાસે ફૂટેલા જણાયા હતાં. જયારે ઘર આગળ ના પાર્કિંગની



દિવાલ પાસે મુકેલ બોમ્બ ફૂટેલો જણાયો ન હતો.ફૂટેલા ચારે

બોમ્બથી ઘર બહારનો કેમેરો, રસોડા,બેડરૂમ અને બાથરૂમની બારીના કાચ તૂટી ઘરમાં ફાંગોરાતા નુકસાન થયું હતું.જયારે બેડરૂમમાં બારી પાસે મીઠી નીંદર માણી રહેલ ફરીયાદીની કાકાની દીકરીને ફૂટેલા બારીના કાચ ફાંગોરાઈ તેણીને ગાલના ભાગે વાગતા ઈજા થઈ હતી. જેથી તેણીને સુરત શહેર ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવ્યા બાદ રજા આપી દેવામાં આવી હતી. જો કે ભયનો માહોલ ફેલાવનારી આ ચકચારી ઘટનાથી

મોહમ્મદ અઝર મિરઝાએ ત્વરિત સુરત પોલીસ કન્ટ્રોલ રૂમમાં ૧૧૨ નંબર ઉપર ડાયલ કરી ઘટનાની જાણ કરતા ઓલપાડ પોલીસ દોડી હતી.

આ ઘટના મામલે

મોહમ્મદ અઝર મિરઝાએ ઓલપાડ પોલીસને અરજી આપી જણાવ્યું હતું કે,કોઈ અસામાજિક તત્વોએ આ અગાઉ બે વર્ષ પહેલા તે જયારે પોતાના લગ્ન કરી જાન લઈને રાત્રે ઘરે આવ્યો હતો, ત્યારે પણ આ પ્રકારનું કૃત્ય કરી પરિવારને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો.આ ઘટના બાબતે મોહમ્મદ અઝર મિરઝાનો મોબાઈલ સંપર્ક કરતા તેણે જણાવ્યું હતું કે,

તે સમયે પણ અમોએ પોલીસને જાણ કરવા છતાં પરિણામ ન આવતા આ તત્વોએ ફરી આંતક ફેલાવી અમોને ડરાવવાનો પ્રયાસ કર્યો છે.જયારે આ ઘટનામાં પોલીસે ઘરના સીસી.ટીવી કેમેરાની ફૂટેજ ચેક કરતા મળસ્કે બે વાગ્યાં પહેલા ઘર આગળથી પસાર થઈ રહેલ બાઈક જણાઈ હતી.પરંતુ ત્યારબાદ કેમેરાનો કેબલ કાપી નાંખવાથી આ ઘટના ફૂટેજમાં કેદ થઈ ન હતી.જો કે મામલે અન્ય કામમાં વ્યસ્ત પોલીસે મોહમ્મદ અઝરને સાંજે સાત વાગ્યે પોલીસ મથકમાં રૂબરૂ બોલાવ્યો છે અને તેનો જવાબ લીધા પછી ગુનો નોંધવા આશ્વાસન આપ્યું છે.

# 'એક વર્ષના દીકરાનો જન્મદિવસ ન ઉજવી શક્યો', રાજકોટમાં રમેશ મેરે કહ્યું, જેલમાં જગતાત સાથે આતંકીઓ જેવો વ્યવહાર

### 108 દિવસ બાદ જેલમુક્ત થતાં AAPના પ્રવીણ રામ ભાવુક

• રાજકોટ

બોટાદના હડદળમાં ખેડૂત સભા સમયે થયેલા પથ્થરમારા બાદ ધરપકડ કરાયેલા આમ આદમી પાર્ટીના પ્રવીણ રામ અને રમેશ મેર સહિતના નેતાઓનો 108 દિવસના જેલવાસ બાદ રાજકોટ જેલમાંથી જામીન પર છૂટકારો થતા તેમનું હાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રવીણ રામે ભાવુક થઈને કહ્યું કે, ભાજપ સરકારના ઈશારે અમારી ધરપકડ થઈ અને 108 દિવસ જેલમાં જવું પડ્યુ. મારા એક વર્ષના દીકરાનો પ્રથમ જન્મદિવસ ન ઉજવી શક્યો. મારા પરિવાર અને ખેડૂતોએ અનેક યાતનાઓ ભોગવી પરંતુ જેલમાંથી છૂટ્યા બાદ અમે હિંમત હાર્યા નથી. કડદા પ્રથામાંથી મુક્તિ અપાવીને બહાર આવ્યા છીએ. 54 લાખ ખેડૂતો માટેની લડાઈ ચાલુ રહેશે તેવો હુંકાર કર્યો હતો.સુરેન્દ્રનગર જીલ્લા AAPના નેતા રમેશ મેરે કહ જેલમાં કેન્સર પીડિત ખેડૂત દર્દીને દવા ન આપવામાં આવી, કોઈના પરિવારમાં



લગ્ન અટકી ગયા તો અન્ય ખેડૂતની પત્ની સગર્ભા હતી. આ રીતે અનેક પરિવારોએ ભાજપના ષડયંત્રના કારણે યાતનાઓ ભોગવી તેમ જણાવ્યું હતું.આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપ સરકાર 54 લાખ ખેડૂતો સાથે કડદાના નામે વર્ષોથી લૂંટ ચલાવી રહી છે. જોકે અમારા નેતા પ્રવીણભાઈ અને રાજુભાઈ સહિતના દ્વારા લડત ચલાવવામાં આવતા સરકારે ઓફિસિયલ પરિપત્ર બહાર પાડવો પડ્યો કે હવેથી કળદો કોઈ કરશે નહીં. અંગ્રેજો પણ ટૂંકા પડે તેવું કામ ભાજપ સરકારે કર્યું છે.આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા પ્રવિણ રામે જેલમાથી છૂટ્યા બાદ ભાજપ સરકાર અને પોલીસ પર આકરા પ્રહારો કર્યા હતા. પ્રવિણ રામે કહ્યું કે, ગુજરાતની જનતા માટે 108 દિવસ જેલમાં રહીને આવ્યા છીએ અને હવે તમારા માટે 108ની જેમ કામ કરશું. BJPની સરકાર દ્વારા ષડયંત્ર કરીને ખેડૂતોને જેલમા નાખવામાં આવ્યા. અમે જેલમાંથી કઈ ગુમાવીને નહીં પરંતુ ખેડૂતોને કડદા મુક્તિ આપીને બહાર આવ્યા છીએ. અમે જેલમાંથી બહાર માર્કેટમાંથી ગુમ થવા માટે નહીં પરંતુ ડાલા મથ્થાની જેમ ગર્જના કરીને બહાર આવ્યા છીએ.કહ્યું કે, અને 108 દિવસ જેલમાં રહ્યા તો બીજેપીના લોકોને એમ હશે કે હિંમત હારી જશે પરંતુ નહીં. અમે ખરાબ સમયને સારા સમયમાં પરિવર્તિત કર્યો. અમે વાંચન કર્યું, કસરત કરી અને અમારા શરીરને મજબૂત બનાવ્યું. મને 15 વર્ષથી એક રોગ હતો તે રોગમાંથી મને મુક્તિ મળી.

### કમલમમાં કમિશન ન પહોંચે ત્યાં સુધી કોઈ કોન્ટ્રાક્ટ ને વર્ક ઓર્ડર મળતો નથી- શ્રી અમિત ચાવડા

# ગુજરાતમાં પહેલા બ્રિજ તૂટ્યા, રસ્તા તૂટ્યા હવે પાણીની ટાંકીઓ તૂટી રહી છે ભાજપનું કમિશન રાજ , ભ્રષ્ટાચાર દિવસે દિવસે ખુલ્લો પડી રહ્યો છે: અમિત ચાવડા

### દક્ષિણ ગુજરાતની જનતાના પ્રશ્નો-તકલીફ-દર્દ-પીડા અને આક્રોશને વાચા આપવા 'જન આક્રોશ યાત્રા' - -*શ્રી અમિત ચાવડા

આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ,આરોગ્યની સુવિધાઓ પૂરતી નથી, મનરેગા, નલ સે જલ યોજના માં મોટો ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે, પ્રજાના ટેક્સના પૈસા ની ભાજપના મડતિયા લૂંટ ચલાવી રહ્યા છે - અમિત ચાવડા

કોંગ્રેસે આદિવાસી અધિકાર આપ્યો કે આ આદિવાસી વિધાનસભાની ચૂંટણી લડી શકશે, લોકસભાની ચુંટણી લડી શકશે અને એની જગ્યાએ બીજો કોઈ ગોઠવાઈ નહિ જાય એટલા માટે અનામતની જોગવાઈ કોંગ્રેસે કરી - ડૉ. તુષારભાઈ ચૌધરી

અનામત, મધ્યાહન યોજનાની શરૂઆત પણ કોંગ્રેસે કરી હતી અને જેથી આપણે ડૉક્ટર અને એન્જિનિયર બન્યા- ડૉ. તુષારભાઈ ચૌધરી \ગુજરાતની જનતાના પ્રશ્નો-તકલીફ-દર્દ-પીડા અને આક્રોશને વાચા આપવા 'જન આક્રોશ યાત્રા' - પરિવર્તનનો શંખનાદ આજથી તારીખ 02-02-2026 સોમવારના રોજ કપરાડા (વલસાડ)થી શરૂ કરવામાં આવ્યો. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષારભાઈ ચૌધરી, એ.આઈ.સી.સીના સચિવ અને દક્ષિણ ગુજરાતના સહ પ્રભારી બી એન શ્રીનિવાસ તથા વરિષ્ઠ આગેવાનશ્રીઓ સહિતના કોંગ્રેસ પક્ષના નેતાઓ અને કાર્યકરો ધ્વારા યાત્રા શરૂ પહેલો દિવસ શરૂ કરવામાં આવ્યો જેમાં કપરાડામાં મહાદેવ મંદિર દર્શન કરવામાં આવ્યા અને મહાદેવના આશીર્વાદ લેવામાં આવ્યા. તારીખ 02 જાન્યુઆરી 2026 થી શરૂ થયેલ આ યાત્રા 1073 કિમી ની હશે જેમાં દક્ષિણ ગુજરાતની જનતાના આક્રોશ અને પ્રશ્નોને વાચા આપવામાં આવશે.

શ્રી અમિત ચાવડાએ યાત્રાની શરૂઆતમાં જ મીડિયાને સંબોધન કર્યું હતું કે ગુજરાતની જનતાના જે પ્રશ્નો છે, તકલીફો છે તેને વાચા આપવા માટે કોંગ્રેસે જન આક્રોશ યાત્રાની શરૂઆત કરી છે, પહેલાં ઉત્તર ગુજરાતમાં, પછી મધ્ય ગુજરાતમાં અને આ ત્રીજા ફેઝમાં દક્ષિણ ગુજરાતમાં આદિવાસી વિસ્તાર કપરાડાથી આ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ૧૧ દિવસની યાત્રાનો ૧૧ જિલ્લામાં થઈને ડેડીયાપાડા- નર્મદા જિલ્લામાં આનું સમાપન કરવામાં આવશે. આ યાત્રામાં પૂરા આદિવાસી વિસ્તારના પ્રશ્નો છે- જે જળ જંગલ જમીનના પ્રશ્નો છે- તેમની જે જમીનો છીનવી લેવામાં આવી છે - વિકાસના નામે આદિવાસીઓના વિનાશ માટેનું જે કામ થઈ રહ્યું છે, ઔદ્યોગિક વિસ્તારના મજૂરોના પ્રશ્નો છે, એ બધા મુદાઓને લઈને સાથોસાથ રોજગાર, શિક્ષાના મુદ્દે અમે પ્રજાની વચ્ચે જઈ રહ્યા છે, તેમની રજૂઆતો સાંભળી રહ્યા છીએ, તેમના અવાજને મજબૂત કરીશું, અને આવનાર સમયમાં એમના જળ જંગલ અને જમીનના અધિકારને અપાવશું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડા યાત્રા દરમિયાન જણાવ્યું હતું કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું કમિશન રાજ ચાલે છે, ગુજરાતમાં રોડ બનાવવાનો હોય, બ્રિજ બનાવવાનો હોય, પીવાના પાણીની ટાંકી બનાવવાની હોય કે કોઈપણ કોન્ટ્રેક્ટ આપવાનો હોય , જ્યાં સુધી કમલમમાં કમિશન ન પહોંચે ત્યાં સુધી એ કોન્ટ્રેક્ટનો વર્ક ઓર્ડર આપવામાં આવતો નથી. કમિશન ચૂકવીને વર્ક ઓર્ડર લેનારા ભારતીય જનતા પાર્ટીના મળતીયા એવા જે કોન્ટ્રેક્ટરો છે, કોઈની પણ ચિંતા કર્યા વગર કામ કરી રહ્યા છે.

તેમણે સરકાર પર દાવો કરતાં જણાવ્યું કે સરકાર ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર કરે છે, જેના કારણે ક્યાંક બ્રિજ તૂટે છે, ક્યાંક રસ્તામાં ખાડા પડે છે, ક્યાંક પુલ બન્યા પહેલા બેસી જાય છે, પાણીની ટાંકીઓ તૂટવાના કિસ્સાઓ અવારનવાર આપણી સમક્ષ બહાર આવી રહ્યા છે. થોડા દિવસ પહેલાં સુરતમાં ઉદ્ઘાટન પહેલાં જ પાણીની ટાંકી ધરાશાયી થઈ ગઈ.ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ તુષાર ચૌધરીએ સરકાર પર આક્ષેપ કરતાં સભાને સંબોધન કર્યું હતું કે આદિવાસીઓને જળ જંગલ અને જમીનના અધિકારો માટે,યુવાનોને કાયમી રોજગાર - કોન્ટ્રાકટ ફિક્સ પગાર પ્રથા રદ કરવા, ગૃહિણીઓને મોંઘવારીમાંથી રાહત આપવા માટે, ડ્રગ્સ મુક્ત ગુજરાત કરવા માટે, મહિલાઓની સુરક્ષા માટે તથા ભ્રષ્ટાચારીઓને ઉઘાડા પાડવા માટે આજે જન આક્રોશ યાત્રાનો વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાંથી શુભારંભ કરવામાં આવી રહ્યો છે.

તેમણે જણાવ્યું કે બાબાસાહેબ આંબેડકર અને કોંગ્રેસની સરકારે આપણને આદિવાસી ગણ્યા હતા, એ કોંગ્રેસે નક્કી કર્યું હતું અને એજ કોંગ્રેસે આપણને અધિકાર આપ્યો કે આ આદિવાસી વિધાનસભાની ચૂંટણી લડી શકશે, લોકસભાની ચુંટણી લડી શકશે, અને તાલુકા -જીલ્લા પંચાયતની ચુંટણી લડી શકશે અને એની જગ્યાએ બીજો કોઈ ગોઠવાઈ નહિ જાય એટલા માટે અનામતની જોગવાઈ કોંગ્રેસે કરી. કોંગ્રેસે આદિવાસીને ડૉક્ટર બનવા કે એન્જિનિયર બનવા અનામતની જોગવાઈ કરી, આપણને નોકરીની અનામત માટેની જોગવાઈ કરી.

આ યાત્રામાં વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી મહેશ વસાવા, પુનાજી ગામીત, આનંદ ચૌધરી, જિલ્લા પ્રમુખ અને પૂર્વ સાંસદ શ્રી કિશનભાઈ પટેલ, કરશનદાસ બાપુ સહિત વરિષ્ઠ આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા.

### ટોળું આવીને યુવક પર તૂટી પડ્યું

# સુરતમાં કુરીયર બોયને ચપ્પુ બતાવી કારમાં ઉઠાવી ગયા, , ફિલ્મી ઢબે અપહરણ કરતાં વિસ્તારમાં ફફડાટ

## અપહરણકારો તેમને મહારાણા પ્રતાપ ચોક, પૂર્વાંચલ રેસ્ટોરન્ટ અને ડીંડોલી બ્રીજ નીચે ફેરવી અંતે કેસર ભવાની સોસાયટી પાસે ઉતારીને ફરાર થઈ ગયા હતા

• સુરત

સુરત શહેરના પર્વત પાટીયા વિસ્તારમાં ધોળા દિવસે એક યુવકના અપહરણની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પૂર્વ અદાવતમાં આકાશ રાજપુત અને તેના સાથીઓએ મળીને એક કુરીયર બોયનું તેની ઓફિસ પાસેથી અપહરણ કરી, તેને ચપ્પુની અણીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં આરોપીઓ યુવકને માર મારતા અને ગાડીમાં બેસાડતા નજરે પડે છે.

પ્રદીપસિંહ રાજેશ્વરસિંહ રાજપુત (ઉ.વ.એ૦), જેઓ ડીંડોલી વિસ્તારમાં રહે છે અને કુરીયર બોય તરીકે નોકરી કરે છે, તેમણે પુણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ ઘટના 16 જાન્યુઆરી, 2026ના રોજ બપોરે આશરે 1:30 વાગ્યે પર્વત પાટીયા ચાર રસ્તા પાસે, ડી.જી.પોઈન્ટ એપાર્ટમેન્ટની સામે બની હતી. પ્રદીપસિંહ જ્યારે કુરીયરની ડિલીવરી આપીને નીચે ઉતર્યા, ત્યારે આકાશ રાજપુત, ગોપાલ અને અન્ય છ જેટલા શખ્સોએ તેમને ઘેરી લીધા હતા.

આરોપીઓએ તેમને ગાળો આપી, ઢીકા મુક્કીનો માર માર્યો અને બળજબરીપૂર્વક બ્લુ કલરની સુઝુકી ફોરવ્હીલ ગાડીમાં બેસાડી દીધા હતા. ગાડીમાં બે ઈસમોએ પ્રદીપસિંહની કમર પર ચપ્પુ રાખી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અપહરણકારો તેમને મહારાણા પ્રતાપ ચોક, પૂર્વાંચલ રેસ્ટોરન્ટ અને ડીંડોલી બ્રીજ નીચે ફેરવી અંતે કેસર ભવાની સોસાયટી પાસે ઉતારીને ફરાર થઈ ગયા હતા. પોલીસ ફરિયાદ મુજબ, આ ઘટના પાછળ 14 જાન્યુઆરીના રોજ થયેલી એક માથાકૂટ જવાબદાર છે. પૂર્વાંચલ રેસ્ટોરન્ટમાં બેસવા જેવી નજીવી બાબતે પ્રદીપસિંહ અને આરોપી આકાશના પિતરાઈ ભાઈ અભિષેક રાજપૂત વચ્ચે બોલાચાલી થઈ હતી, જેમાં પ્રદીપસિંહે અભિષેકને માર માર્યો હતો. આ અદાવત રાખીને આકાશે તેના મિત્રો સાથે મળીને આ અપહરણનું કાવતરું ઘડ્યું હોવાનું મનાય છે. ફરિયાદી અગાઉ અન્ય એક ગુનામાં જેલમાં હોવાથી અને ડરી ગયેલા હોવાથી ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો. જોકે, જેલમાંથી છૂટ્યા બાદ તેમણે હિંમત કરી ફરિયાદ નોંધાવતા પુણા પોલીસે આરોપીઓ વિરુદ્ધ રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સીસીટીવી ફૂટેજમાં દેખાતા દ્રશ્યોના આધારે પોલીસ હવે આ અજાણ્યા છ ઈસમોની ઓળખ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

30 જાન્યુઆરીએ સુરતના લિંબાયતમાં લારી પર લોખંડના સળીયા વડે હુમલો કરનાર ગેંગના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા બાદ પોલીસે ચારેયને ઝડપીને કાર્યવાહી કરી છે. ગુનામાં સંડોવાયેલા આરોપીઓએ મુંડન કરાવેલી હાલતમાં સુરતની ગલીઓમાં જાહેરમાં માફી માગી હતી. તમામ આરોપીઓ એકસાથે ટકલા દેખાતા સ્થાનિક લોકોમાં ભારે કુતૂહલ સર્જાયું અને આ બાબતે અનેક તર્ક-વિતર્કો વહેતા થયા છે



### 50 કોલેજના 322 વિદ્યાર્થીઓએ 24 કલાકમાં ઉકેલ શોધ્યા

# GCET કોલેજમાં 'Odoo x GCET હેકાથોન' સફળતાપૂર્વક સંપન્ન

• આણંદ

વલ્લભ વિદ્યાનગર સ્થિત જી. એચ. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (GCET)ખાતે 'Odoo x GCET હેકાથોન '26' સફળતાપૂર્વક સંપન્ન થઈ. કમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગ અને Odoo India Private Limited ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ રાષ્ટ્રીય સ્તરની 24 કલાકની હેકાથોનમાં દેશભરની 50 કોલેજના 322 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.આ હેકાથોન 31 જાન્યુઆરી અને 1 ફેબ્રુઆરી દરમિયાન યોજાઈ હતી. તેમાં વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને ઉદ્યોગ જગતની વાસ્તવિક સમસ્યાઓ પર કામ કરવાનો અનુભવ મળ્યો. સમગ્ર દેશમાંથી 1800 થી વધુ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જેમાંથી આકરી પસંદગી પ્રક્રિયા બાદ 90 ટીમોના 322 વિદ્યાર્થીઓ ફાઈનલ રાઉન્ડ સુધી પહોંચ્યા હતા.સ્પર્ધામાં ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોની 15 સહિત કુલ 50 કોલેજોના યુવા પ્રતિભાઓએ પોતાની તકનીકી




કુશળતાનું પ્રદર્શન કર્યું. અંતિમ તબક્કે વિદ્યાર્થીઓને તાત્કાલિક પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ આપી આધુનિક ટેકનોલોજી, API અને ડેટાબેઝના આધારે ઈનોવેટિવ સોલ્યુશન્સ વિકસાવવા પડકાર ફેંકાયો હતો. આ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ ઉદ્યોગ જગતના 16 નિષ્ણાતોએ કર્યું હતું.વિજેતા બનેલી ટીમને રૂ. 45,000, પ્રથમ રનર-અપને રૂ. 35,000 અને દ્વિતીય રનર-અપને રૂ. 25,000ના રોકડ પુરસ્કાર સાથે પ્રમાણપત્રો એનાયત કરાયા. આ ઉપરાંત, ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ માટે Odoo India દ્વારા આકર્ષક પેકેજ સાથે નોકરીની તકોના દ્વાર પણ ખુલ્યા છે.કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે CVM યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. ડૉ. ઈન્દ્રજીત પટેલ અને Odoo Indiaના કોર્પોરેટ ઈવેન્ટ મેનેજર શાર્દૂલ દવે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. સમગ્ર આયોજન પ્રિન્સિપાલ ડૉ. કૌશિક નાથ અને ડૉ. સુધીર વેગડના માર્ગદર્શન હેઠળ ડૉ. નીરવ રાજા, હેતલ ગૌદાણી અને બ્રિજેશ પટેલની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું.

# ટેનિસ કોચે તેના સ્ટુડન્ટના ઘરેથી 12.20 લાખના દાગીના ચોર્યા:સાયન્સ સિટીમાંથી ચોરીને 10 લાખમાં શિવરંજનીના જ્વેલર્સને વેચી દીધા

• અમદાવાદ

સાયન્સ સિટી રોડ પરના એક મકાનમાંથી ટેનિસ કોચે લાખો રૂપિયાના દાગીનાની ચોરી કરી છે. ટેનિસ કોચ મકાન માલિકના દીકરાને ટેનિસ શીખવાડવા આવતો હતો. કોચ રાબેતા મુજબ આવ્યો હતો. કોચે મોકો મળતા 12.20 લાખના દાગીના ચોરી કરી મિત્ર મારફતે શિવરંજનીના જ્વેલર્સને 10 લાખમાં વેચી દીધા હતા.આ અંગે સોલા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.સાયન્સ સિટી ખાતે ગ્રીન વ્યુ એપાર્ટમેન્ટમાં ગૌરવ દિક્ષિત તેમના બે બાળકો અને પત્ની સાથે રહે છે. ગૌરવભાઈ સિક્યુરિટી એજન્સી ચલાવે છે. ગૌરવભાઈનો દીકરી ટેનિસ રમે છે. દીકરાને ટેનિસ કોચિંગ માટે ક્યારેક તેમના પત્ની મૂકવા જાય છે તો ક્યારેક કોચ વેદિક લેવા આવે છે. 19 ડિસેમ્બરે પણ વેદિક ગૌરવભાઈના દીકરાને લેવા આવ્યો હતો. આ દરમિયાન વેદિક લાબા સમય સુધી ઘરમાં રહ્યો હતો.ગૌરવભાઈનો દીકરી બીમાર હોવાથી તે દિવસે કોચિંગ માટે ગયો ન્હોતો, પરંતુ વેદિકે બાથરૂમ જવાનું કહીને એક રૂમમાં ગયો હતો. જે બાદ વેદિક ફોન આવ્યો કહીને ઝડપથી જતો રહ્યો હતો. 23 ડિસેમ્બરના રોજ ગૌરવભાઈ રૂમમાં ગયા ત્યારે રૂમમાંથી 12 લાખના સોનાનાં અને 20 હજારના ચાંદીના દાગીના ચોરી થયા હતાં. આ દિવસની વેદિક આવ્યો હોવાથી તેમને વેદિક પર જ શંકા હતી. ગૌરવભાઈએ વેદિકને ફોન કરતા વેદિકનો ફોન સ્વીચ ઓફ આવતો હતો.ગૌરવભાઈ વેદિકની સાથે કામ કરતા નેમ શાહને મળ્યા હતા ત્યારે નેમ શાહે જણાવ્યું હતું કે, વેદિક દાગીના આપીને ગયો હતો .

### , પોલીસ-ધારાસભ્યની ઓળખાણ હશે તો પણ છોડીશ નહિ; MLA વિનુ મોરડીયાનું આક્રમક નિવેદન

# 'દીકરીઓની છેડતીમાં કાયદો પણ કુદાવી દઈશું, વગર FIRએ શિક્ષા':ખાલી મારી સુધી વાત પહોંચાડી દેજો

• સુરત

સુરતમાં 1 ફેબ્રુઆરીએ વાટલીયા પ્રજાપતિ સમાજનો 68મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ સમૂહલગ્નમાં હાજર રહેલા કતારગામના ધારાસભ્ય વિનુ મોરડીયાએ મંચ પરથી દીકરીઓની સુરક્ષા અંગે અત્યંત કડક શબ્દોમાં બાંહેધરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, કોઈપણ સમાજની દીકરી હોય, તેની સુરક્ષાની જવાબદારી મારી એકલાની છે. સામે ગમે તેટલી વગ ધરાવતો માણસ કેમ ન હોય, તેને 24 કલાકમાં ઝેર કરવાની જવાબદારી હું લઉં છું. અસામાજિક તત્વોને 'વગર FIRએ શિક્ષા' કરવામાં આવશે. જો મારો અંગત માણસ પણ ગુનો કરશે, તો હું તેને પણ નહીં છોડું. દીકરી એટલે વાત્સલ્યનું ઝરણું. આ સૂત્રને સાર્થક કરતા સુરતમાં સમસ્ત વાટલીયા પ્રજાપતિ સમાજ દ્વારા 68માં સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ માત્ર નવદંપતીઓના મંગલ પ્રવેશ માટે જ નહીં, પરંતુ સમાજમાં વ્યાપેલા આર્થિક બોજ સમાન કુરિવાજોને દૂર કરવા માટે લેવાયેલા ક્રાંતિકારી નિર્ણયોને કારણે ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. સમાજને આર્થિક રીતે સદ્ધર કરવા કુરિવાજોનો બહિષ્કાર, વધતી જતી મોંઘવારી અને લગ્નના નામે થતા બિનજરૂરી ખર્ચ સામે લાલ આંખ કરતા વાટલીયા પ્રજાપતિ સમાજે એક અનોખી પહેલ કરી છે.

કલ્પેશ વરિયા (પ્રમુખ સમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિ)એ જણાવ્યું હતું કે, લગ્નોમાં થતા




ભપકા અને દેખાડાને કારણે દીકરી કે દીકરાના પિતાને વ્યાજે પૈસા લેવા પડે છે, જે સ્થિતિ રોકવી અનિવાર્ય છે. આ માટે પ્રી-વેડિંગ ફોટોશૂટ, વાના રસમ, મહેંદી રસમ અને ફૂલો કી હોલી જેવી ખર્ચાળ વિધિઓનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવ્યો છે. સમાજના બંધારણમાં ફેરફાર કરી આ 'કામ વગરની' રસમો દૂર કરવાનો નિર્ણય લેવાયો છે, જેથી મધ્યમ વર્ગના પરિવારો આર્થિક રીતે તૂટતા બચે.

પ્રી-વેડિંગ ફોટોશૂટ, વાના રસમ, મહેંદી રસમ અને ફૂલો કી હોલી જેવી ખર્ચાળ વિધિઓનો સમાજે સંપૂર્ણ બહિષ્કાર કર્યો. આ સમૂહલગ્નમાં હાજર રહેલા કતારગામના ધારાસભ્ય વિનુ મોરડીયાએ મંચ પરથી દીકરીઓની સુરક્ષા અંગે અત્યંત કડક શબ્દોમાં બાંહેધરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, બે વાત કહીને મારી વાતને હું પૂરી કરીશ. બે વાત કરવાની છે, એક મારે કરવાનું છે અને એક આપણે બધાય ભેગા મળીને કરવાનું છે. તમને બહુ આમ ઉતરશે નહીં ભેગા મળીવાળું કારણ કે એમાં ભાગમાં વહેચ્યું ને મેં.પેલા એકલા કરવાનું છે એ હું મારું કહી દઉં. આટલા મોટા સમુદાયમાં બહેનો અને દીકરીઓ આજે પ્રભુતામાં ડગલાં માંડી રહી છે ત્યારે, હું પહેલીવાર ચૂંટાયો ને ત્યારે પહેલું ઈન્ટરવ્યુ મારુ એવું હતું કે, અસામાજિક તત્વો હોય એ સુધરી જાય પહેલી વાત તો અને નહીં તો પછી કતારગામ છોડી દે. તમારી ખાતરી માટે કહું કે, આ આઠ વર્ષમાં કોઈ ગેંગ રહેવા દીધી નથી અને હજી કોઈ હોય ને તો બતાવજો મને! નહીંતર અલગ-અલગ નામથી ઘણી ગેંગો હતી અને એના છત્રછાયામાં અસામાજિક તત્વો બહેન-દીકરીની છેડતી કરતા હતા. ગમે ત્યાં બેઠા-બેઠા કરતા હતા, આ લોકોને વીણી-વીણીને ભાન કરાવ્યું છે અને હજી વીણવાનું ચાલુ છે.કોઈપણ એક સ્કૂલ હોય ત્યાંથી જો અમને સમાચાર મળે, મારી સુધી વાત પહોંચી જાય તો હું એમ કહું કે કોઈપણ સમાજની દીકરી હોય, એની સુરક્ષાની જવાબદારી મારી એકલાની છે જાવ! અને એ ગેરંટી કે સામે ગમે તેવો સમાજ હોય, ગમે તેવો મૂછાળો હોય, એને 24 કલાકમાં ઝેર કરવાની જવાબદારી મારી. બીજી વાર તમને એમ થાય કે આને આપણે ના પહોંચી શકીએ, આ તો ફલાણા સમાજના છે અને આની પોલીસ સાથે બહુ ઓળખાણ અથવા ધારાસભ્ય સાથે ઓળખાણ છે .

### 6થી વધુ કિશોરો રસ્તા વચ્ચે બાખડ્યા

# અઠવામાં ઓવરટેક કરવા મામલે લબરમુછીયાઓ વચ્ચે જંગ:હીજડા વાડ પાસે લાકડા, બેલ્ટ અને પથ્થરો વડે હુમલો

• સુરત

સુરત શહેરના અઠવા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં માત્ર વાહન ઓવરટેક કરવા જેવી નજીવી બાબતે કેટલાક લબરમુછીયા યુવાનો વચ્ચે ઉગ્ર મારામારી થઈ હતી. રસ્તા વચ્ચે થયેલી આ બબાલનો વીડિયો સ્થાનિકોએ બનાવી લીધો હતો, જેમાં કિશોરો એકબીજા પર પટ્ટા અને લાકડા વડે હુમલો કરતા જોવા મળ્યા હતા.

અઠવા વિસ્તારના હીજડા વાડ પાસે આ ઘટના બની હતી. શરૂઆતમાં માત્ર વાહન હટાવવા કે ઓવરટેક કરવા બાબતે બે પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. જોકે, આ બોલાચાલી જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ગઈ હતી. લગભગ 6થી વધુ કિશોરો અને યુવાનો એકબીજા પર તૂટી પડ્યા હતા. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે આ યુવાનોમાં કાયદાનો કોઈ જ ભય રહ્યો નથી. તેઓ જાહેર રસ્તા પર જ એકબીજાના વાળ ખેંચીને, ધક્કામુક્કી કરીને અને લાતો મારીને હિંસા પર ઉતરી આવ્યા હતા. સીસીટીવી ફૂટેજ અને વાયરલ વીડિયોના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ત્રણ કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરોની ઓળખ કરી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં એ વાતની પુષ્ટિ થઈ છે કે ઝઘડાનું મુખ્ય કારણ માત્ર રસ્તા પર વાહન હટાવવા જેવી બાબત હતી. હાલ પોલીસ અન્ય યુવાનોની શોધખોળ કરી રહી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



આ મારામારી એટલી હદે વકરી હતી કે યુવાનોએ રસ્તા પર પડેલા લાકડાની ફ્રેમ, કમરના પટ્ટા (બેલ્ટ) અને પથ્થરોનો હથિયાર તરીકે ઉપયોગ કરવાનું શરૂ કર્યું હતું. આ હિંસક અથડામણમાં કેટલાક યુવાનોને ગંભીર ઈજાઓ પણ પહોંચી હોવાનું સામે આવ્યું છે. ધોળે દિવસે જાહેર માર્ગ પર પટ્ટા અને લાકડા ઉછળતા જોઈ રસ્તે ચાલતા રાહદારીઓ અને સ્થાનિક રહીશો પણ હેબતાઈ ગયા હતા. સ્થાનિક લોકો આ લબરમુછીયાઓના ત્રાસથી કંટાળી ગયા હતા અને અંતે કોઈએ આ સમગ્ર ઘટનાનો વીડિયો મોબાઈલમાં કેદ કરી લીધો હતો.

સોશિયલ મીડિયા પર જ્યારે આ મારામારીનો વીડિયો વાયુવેગે પ્રસર્યો, ત્યારે સુરતની અઠવા પોલીસ હરકતમાં આવી હતી. પોલીસે વીડિયોના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સીસીટીવી ફૂટેજ અને વાયરલ વીડિયોના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ત્રણ કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરોની ઓળખ કરી છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં એ વાતની પુષ્ટિ થઈ છે કે ઝઘડાનું મુખ્ય કારણ માત્ર રસ્તા પર વાહન હટાવવા જેવી બાબત હતી. હાલ પોલીસ અન્ય યુવાનોની શોધખોળ કરી રહી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સિંહણને કચડનાર આરોપી જેલહવાલે:પોલીસ આવાસ નિગમમાં એન્જિનિયર તરીકે ફરજ બજાવતો, CCTVના આધારે પકડાયો

• અમરેલી

ભાવનગર-સોમનાથ નેશનલ કોસ્ટલ હાઈવે વન્ય પ્રાણીઓ માટે 'ડેથ ટ્રેપ' સાબિત થઈ રહ્યો છે. ગત 31 જાન્યુઆરીના રોજ નાગેશ્રી ટોલનાકા પાસે 5 વર્ષીય સિંહણને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી ફરાર થઈ જનાર કારચાલકની વન વિભાગે ધરપકડ કરી છે. પકડાયેલો આરોપી ગાંધીનગર પોલીસ આવાસ નિગમમાં કરાર આધારિત સિવિલ એન્જિનિયર તરીકે ફરજ બજાવતો હોવાનું સામે આવ્યું છે. ગત 31 જાન્યુઆરીની સાંજે જાફરાબાદ રેન્જમાં નાગેશ્રી ટોલનાકાથી માત્ર 500 મીટર દૂર એક સિંહણ રોડ ક્રોસ કરી રહી હતી. આ સમયે ગાંધીનગરથી કોડીનાર તરફ જતી એક પુરપાટ ઝડપની કાર (નંબર GJ-18-EE-4544)એ સિંહણને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભીષણ હતો કે, સિંહણનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ કારચાલક સિંહણને લોહીલુહાણ હાલતમાં મૂકી નાગેશ્રી ટોલનાકાથી ઉના તરફ ફરાર થઈ ગયો હતોઘટનાની જાણ થતા જ શેત્રુંજી ડિવિઝનના એસીએફ (ACF) વિરલસિંહ ચાવડા અને તેમની ટીમ માત્ર 10 મિનિટમાં સ્થળ પર પહોંચી હતી. વન વિભાગે તાત્કાલિક ટોલનાકાના સીસીટીવી ફૂટેજ ચેક કરતા શંકાસ્પદ કારની ઓળખ થઈ હતી.વન વિભાગે નાકાબંધી કરાવી કારચાલક વીરેન્દ્ર રાયસિંગભાઈ રાઠોડ (ઉં.વ. 30, રહે. પોણાદર, કોડીનાર)ને ટીંબી નજીકથી દબોચી લીધો હતો. આરોપીની પૂછપરછમાં તેણે ગુનો કબૂલતાં વન વિભાગે વાઈલ્ડ લાઈફ એક્ટની વિવિધ કલમો હેઠળ તેની ધરપકડ કરી છે.

### પેરોલ ફર્લો સ્કવોડની કાર્યવાહી

# નારી ચોકડી પાસે સેન્ટિંગના સામાનની આડમાં છુપાવેલ વિદેશી દારૂના જથ્થો સાથે ડ્રાઈવર અને ક્લીનર ઝડપાયા

• ભાવનગર

ભાવનગર જિલ્લામાં પેરોલ ફ્લો ની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન નારી ચોકડી પાસે વોચ ગોઠવી પોલીસે એક આઈસર ટ્રકમાંથી લોખંડ અને લાકડાના સેન્ટિંગના સામાનની આડમાં લઈ જવાતો ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂ, બિયર પેટીઓ, ટ્રક તથા મોબાઈલ ફોન મળી કુલ રૂ.26 લાખથી વધુના મુદ્દામાલ સાથે ડ્રાઈવર અને ક્લીનર ને ઝડપી લઈ કાયેદસરની કાર્યવાહી હાથ ધરી હતી

આ બનાવ અંગે વરતેજ પોલીસે મથકેથી મળતી માહિતી મુજબ પેરોલ ફર્લો સ્કવોડના અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ અલ્તાફભાઈ કાસમભાઈ ગાહા તથા સ્ટાફના માણસો ભાવનગર ગ્રામ્ય વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે ધોલેરા તરફથી ભાવનગર તરફ એક કેસરી રંગનો આઈસર ટ્રક નંબરઃ GJ-14-Z-2477 આવી રહ્યો છે, જેમાં સેન્ટિંગના સામાનની નીચે દારૂ છુપાવેલો છે, જે બાતમીના આધારે પોલીસે નવી આર.ટી.ઓ.



ઓફિસ સામે જાહેર શેડ પાસે વોચ ગોઠવી હતી. રાત્રીના સુમારે બાતમી વાળો ટ્રક આવતા પોલીસે તેને બળપ્રયોગ કરી અટકાવ્યો હતો, ટ્રકની તલાશી લેતા ઉપરના ભાગે લોખંડ અને લાકડાનો સેન્ટિંગનો સામાન ભરેલો હતો, પરંતુ તેની નીચે તપાસ કરતા દારૂની પેટીઓ અને બોટલોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બે શખ્સોની ધરપકડ કરી છે જેમાં ડ્રાઈવર ભરતભાઈ ઉર્ફે પિન્ટુ શૈલેષભાઈ ભીલ રહે. ઘટામલી, તા.નસવાડી, જી.છોટા ઉદયપુર તથા ક્લીનર રાકેશભાઈ બુટીયાભાઈ ભીલ રહે.કડુલીમહુડી, તા. નસવાડી, જી. છોટા ઉદયપુર વાળા ઝડપી લીધા હતા, પોલીસે રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂની કુલ 161 પેટીઓમાં કુલ 7,728 બોટલો કિંમત રૂ.19,05,696, બિયરના 336 ટીન કિંમત રૂ.38,640, મોબાઈલ ફોન નંગ 2 તથા આઈસર ટ્રક રૂ.7 લાખ મળી કુલ રૂ.26,54,336 નો મુદ્દામાલ ઝડપી લીધો હતો,પકડાયેલા શખ્સોની પૂછપરછમાં સામે આવ્યું છે કે આ દારૂનો જથ્થો રાજેશ રાઠવા, રાજુ ભીલ બંને રહે. કવાંટ અને નિર્મલભાઈ ડાયરા મધ્ય પ્રદેશ દ્વારા મોકલવામાં આવ્યો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI



વર્ષો પછી અભિનેત્રીએ મૌન તોડ્યું

# ગોવિંદા અને નીલમ કોઠારી વચ્ચે ખરેખર અફેર હતું?

બોલીવુડમાં કલાકારો પચાસ પછી ૬૦-૭૦ વર્ષના પછી અફેરને લઈ ચર્ચામાં રહે છે, જેમાં ૬૩ વર્ષના ગોવિંદા માટે હવે નવી વાત જાણવા મળી છે. પોતાની ફિલ્મો અને ડાન્સથી લોકોની દિલમાં જગ્યા બનાવનાર ગોવિંદા પાછલા ઘણા સમયથી પોતાની પર્સનલ લાઈફને લઈ ચર્ચાઓનું કેન્દ્ર બની રહ્યા છે. એક તરફ તેમની પત્ની સુનીતા આહુજાના નિવેદનો ચર્ચામાં રહે છે, ત્યારે બીજી તરફ ૯૦ના દાયકાની ફેમસ એક્ટ્રેસ નીલમ કોઠારી સાથેના તેમના જૂના અફેરની વાતો ફરી વહેતી થઈ છે. દાયકાઓ પહેલા બંનેના લગ્નની અફવાઓ પણ ઉડી હતી, જે મુદ્દે હવે વર્ષો પછી નીલમ કોઠારીએ જાહેરમાં પોતાની પ્રતિક્રિયા આપી છે.એક ઈન્ટરવ્યૂ દરમિયાન નીલમ કોઠારીને ગોવિંદા સાથેના સંબંધો વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ સવાલ સાંભળીને આશ્ચર્ય વ્યક્ત કરતા નીલમે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, ‘‘અરે બાપ રે, આ કોણે કહ્યું? ગોવિંદાજી ખૂબ જ સારા વ્યક્તિ છે, પરંતુ અમારી વચ્ચે કંઈ જ નહોતું.’’ નીલમે ઉમેર્યું કે તેઓએ સાથે ઘણી હિટ ફિલ્મો આપી છે અને તેઓ એકબીજાના કામનો આદર કરે છે, પરંતુ અફેરની વાતોમાં કોઈ તથ્ય નથી. તેણે આ તમામ દાવાઓને સદંતર નકારી કાઢ્યા છે.તે સમયની પત્રકારત્વ શૈલી વિશે વાત કરતા નીલમે જણાવ્યું કે તે જમાનામાં કલાકારો પ્રેસ અને મીડિયાથી ખૂબ ડરતા હતા. જો કોઈ હીરો-હીરોઈન સતત ૨-૩ ફિલ્મો સાથે કરે, તો મીડિયા માની લેતું કે તેમની વચ્ચે અફેર ચાલી રહ્યું છે. નીલમના મતે, તે સમયે સોશિયલ મીડિયા નહોતું કે કોઈ સ્પષ્ટતા કરી શકાય, અને જે છપાતું તે લોકો સાચું માની લેતા. કલમની તાકાત એટલી હતી કે કલાકારો પોતાના બચાવમાં કંઈ પણ બોલતા અચકાતા હતા.નીલમે આ અફવાને ભલે નકારી કાઢી હોય, પરંતુ ભૂતકાળમાં ગોવિંદાએ ‘સ્ટારડસ્ટ’ મેગેઝીનને આપેલા ઈન્ટરવ્યુમાં કબૂલાત કરી હતી કે તેઓ નીલમના પ્રેમમાં હતા. ગોવિંદાએ સ્વીકાર્યું હતું કે તેઓ નીલમ સાથે લગ્ન કરવા માંગતા હતા અને તે માટે તેમણે સુનીતા સાથેની પોતાની સગાઈ પણ તોડી નાખી હતી. ગોવિંદાના મતે જો સુનીતાએ ફરી ફોન કરીને તેમને મનાવ્યા ન હોત તો આજે તેઓ નીલમનો પતિ હોત. ગોવિંદાએ નીલમને એક એવી મહિલા ગણાવી હતી જેના પ્રેમમાં કોઈ પણ પડી શકે. આમ એક જ વાતને લઈ બે અલગ અલગ મત સામે આવવાથી ફરી ગોવિંદાના ફેન્સમાં ચર્ચાએ જોર પકડ્યું છે.

તેમના સ્થાને એક વરિષ્ઠ અને એક કનિષ્ઠ અભિનેતાઓને લેવામાં આવશે

# પ્રિયદર્શન ભૂત પોલીસ ટુ સૈફ અલી અને અર્જુન કપૂર વગર બનાવશે



પ્રિયદર્શન ભૂત પોલીસ ટુ બનાવવાની તૈયારી કરી રહ્યો છે. પરતુ તેમાં સૈફ અલી ખાન અને અર્જુન કપૂર જોવા મળશે નહીં. તેમના સ્થાને એક વરિષ્ઠ અને એક કનિષ્ઠ અભિનેતાઓને સમાવવામાં આવશે. જોકે મૂળ ફિલ્મની જેમ જ બીજા ભાગમાં પણ હાસ્ય અને એલોકિક તત્વોનું મિશ્રણ જોવા મળશે. દિગ્દર્શક આ ફિલ્મને નવા કલાકારો સાથે બનાવવા માટે એક રસપ્રદ સંયોજન કરવાનો પ્રયાસ કરી રહ્યો છે.ઉલ્લેખનીય છે કે, મૂળ ફિલ્મનું દિગ્દર્શન પવન કૃપલાનીનું હતું. જેમાં સૈફઅલી ખાન,અર્જુન કપૂર, જેકલીન ફર્નાન્ડિઝ અને યામી ગૌતમ જોવા મળ્યા હતા. હાલ પ્રિયદર્શનભૂત બંગલા અને હેવાન ફિલ્મ પર કામ કરી રહ્યો છે. આ બન્ને ફિલ્મોને આ વર્ષમાં જ માં રિલીઝ કરવાની યોજના છે. આ પછી તે ભૂત પોલીસ ટુ પર કામ શરૂ કરશે.

તૈયારીઓ શરૂ, આગામી મેથી શૂટિંગ ચાલુ થશે

# કરણ જોહર આદિત્ય રોય કપૂર સાથે હોરર થ્રીલર બનાવશે





આદિત્ય રોય કપૂરને એક નવી હોરર થ્રીલર ફિલ્મ મળી છે. કરણ જોહર આ ફિલ્મ બનાવી રહ્યો છે. જોકે, ફિલ્મનું દિગ્દર્શન સંદીપ મોદી કરવાના છે. બોલિવુડમાં છેલ્લા કેટલાંક વર્ષોથી હોરર થ્રીલર ફિલ્મો લોકપ્રિય થઈ રહી છે. આથી કરણ જોહરે પણ આ ટ્રેન્ડમાં ઝંપલાવ્યું છે. તેણે ફિલ્મની સ્ક્રિપ્ટ તૈયાર કરાવી લીધી છે. આદિત્ય રોય કપૂરને સ્ક્રિપ્ટ પસંદ પણ આવી છે. ફિલ્મ માટે પ્રિ પ્રોડક્શન વર્ક શરુ થઈ ગયું છે. મોટાભાગે આગામી મે માસથી ફિલ્મનું શૂટિંગ ચાલુ થઈ જશે. આદિત્ય રોય કપૂર સામે હિરોઈનની શોધ ચાલુ છે. આ ઉપરાંત અન્ય કાસ્ટ ફાઈનલ થઈ રહી છે. આદિત્ય રોય કપૂરની છેલ્લી ફિલ્મ ‘મેટ્રો ઈન દિનો’એ ટિકિટબારી પર સાધારણ દેખાવ કર્યો હતો. હવે તેની સીરિઝ ‘રક્તબ્રહ્માંડ’ રીલિઝ થવાની છે.

ડિજિટલ અને ફાસ્ટ યુગમાં પ્રેમ અને સંબંધોની વ્યાખ્યા બદલાઈ

# સોશિયલ મીડિયા પર ‘સીન્સ ફ્રોમ અ સિચ્યુએશનશિપ’ એ કેમ ધૂમ મચાવી રહી છે?



આજના ડિજિટલ અને ફાસ્ટ યુગમાં પ્રેમ અને સંબંધોની વ્યાખ્યા બદલાઈ રહી છે, ત્યારે ‘ચલચિત્ર ઓરિજિનલ્સ’ દ્વારા નિર્મિત ફિલ્મ ‘સીન્સ ફ્રોમ અ સિચ્યુએશનશિપ’ સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટ પર ચર્ચાનું કેન્દ્ર બની છે. ૨૫ ડિસેમ્બરના રિલીઝ થયેલી આ ફિલ્મ વૈભવ મુંજલ દ્વારા નિર્દેશિત છે. આ કોઈ મોટા બજેટની મસાલા ફિલ્મ નથી, પરંતુ તે આજના યુવાનોના ‘મોડર્ન રિલેશનશિપ’ અને તેના ગૂંચવાડાઓને વાસ્તવિકતા સાથે રજૂ કરે છે.ફિલ્મની વાર્તા મુખ્યત્વે બે પાત્રો ઉદિત (વૈષ્ણવ વ્યાસ) અને તનિષા (શ્રેયા શાંડિલ્ય)ની આસપાસ ફરે છે. ઉદિત એક ‘પોપ કલ્ચર ગીક’ છે, જે યુટ્યુબર બનવાનો પ્રયાસ કરી રહ્યો છે અને જીવનમાં એક સાચા સંબંધની શોધમાં છે. બીજી તરફ, તનિષા એક એવી યુવતી છે જે કમિટમેન્ટથી ડરે છે અને ‘સિચ્યુએશનશિપ’માં રહેવાનું પસંદ કરે છે. એક ડેટ દરમિયાન શરૂ થયેલી આ બંનેની મુલાકાત મધુર સંવાદો અને આજના જમાનાની પ્રેમની સમસ્યાઓ તરફ વળે છે.માત્ર ૯૦ મિનિટની આ ફિલ્મમાં જોવા મળે છે કે કેવી રીતે આ બંને પાત્રો એકબીજાના ‘સોલમેટ’ હોવા છતાં આધુનિક જીવનશૈલીને કારણે ગૂંચવાયેલા છે. ઉદિત આ સંબંધને એક નામ આપવા માંગે છે, જ્યારે તનિષા તેને માત્ર થોડા સમયનો આકર્ષણ માનીને ચાલવા માંગે છે. ફિલ્મમાં પ્રતીક કુહાડની શૈલીનું સંગીત છે, જે સ્ટોરીને વધુ સારી બનાવે છે. જેટલી જલ્દી બંને વચ્ચે પ્રેમ થાય છે, એટલી જ જલ્દી બંને વચ્ચે ઝઘડા અને દલીલો પણ થવા લાગે છે.વૈભવ મુંજલની આ ફિલ્મ જોતી વખતે દર્શકોને એક દાયકા પહેલાના ઈમ્તિયાઝ અલીના સિનેમાની યાદ આવી જાય છે, જ્યાં વાર્તામાં પાત્રોની લાગણીઓ વધુ મહત્વની હતી. આજના રિમેક અને રિ-રિલીઝના યુગમાં આ ફિલ્મ એક તાજી હવાની લહેર જેવો અનુભવ કરાવે છે.

કેટલાક વાયરલ વિડીયોના આધારે દાવો

# આલિયાએ રણબીર સાથે વિખવાદની અફવાને હસી કાઢી



આલિયા ભટ્ટ અને રણબીર કપૂર વચ્ચે વિખવાદ થયો હોવાનો દાવો કેટલાક વાયરલ વિડીયોના આધારે કરાયો હતો. જોકે, આલિયાએ આ તમામ અફવાઓને હસી કાઢી છે. આલિયાએ એક મુલાકાતમાં કહ્યું હતું કે માત્ર સાત સેકન્ડના વિડીયોના આધારે સાત વર્ષનાં સંબંધનું માપ ન કાઢવું જોઈએ. ઉલ્લેખનીય છે કે આલિયા અને રણબીરનાં લગ્ન એપ્રિલ ૨૦૨૨માં થયાં હતાં. તે પહેલાં ત્રણ વર્ષથી તેઓ રિલેશનશિપમાં હતાં. કેટલાક વિડીયોમાં આલિયા અને રણબીરના હાવભાવના આધારે બંને વચ્ચે અણબનાવ હોવાની અટકળો લોકોએ લગાવી હતી. જોકે, આલિયાએ કહ્યું હતું કે ત્રણ સેકન્ડ કે સાત સેકન્ડના વિડીયોના આધારે લોકો કોમેન્ટ કરી રહ્યાં છે.પરંતુ અમે તેનાં કરતાં અનેક ગણી ક્ષણોથી સાથે છીએ. આ બધા બકવાસથી અમને કોઈ ફરક પડતો નથી કારણ કે તેમાં કોઈ તથ્ય નથી.

બોલીવુડ અભિનેતા કમાલ આર. ખાને ફિલ્મોમાં અભિનય કરતાં ફિલ્મ સ્ટાર્સ તરફથી વધુ દુર્વ્યવહાર સહન કર્યો

# પોલીસને કંઈક શંકા હશે, કમાલ આર. ખાન સાચા કે ખોટાના જવાબથી મૂંઝવણમાં કેમ પડ્યા?



બોલીવુડ અભિનેતા કમાલ આર. ખાને ફિલ્મોમાં અભિનય કરતાં ફિલ્મ સ્ટાર્સ તરફથી વધુ દુર્વ્યવહાર સહન કર્યો છે. કમાલ આર. ખાન, જે તેમના અભિનય કરતાં તેમના ભડકાઉ વીડિયો માટે વધુ સમાચારમાં રહ્યા છે, તેમને તાજેતરમાં પોલીસે ધરપકડ કરી હતી. મુંબઈના ઓશિવારા વિસ્તારમાં હવાઈ ફાયરિંગની ઘટનાએ કેઆરકે ને જન્મ આપ્યો હતો. લાંબી તપાસ બાદ, તેને પહેલા પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો અને પછી ધરપકડ કરવામાં આવી. હવે, કેઆરકે કામચલાઉ જામીન પર છે અને આ કેસમાં સાચા અને ખોટા વિશે જવાબો આપવાનું ટાળતો જોવા મળે છે. ચાલો જાણીએ કે કેઆરકે જેણે ઘણીવાર તેના વીડિયોમાં ફિલ્મો અને ફિલ્મ સ્ટાર્સ વિશે ભાષાની મર્યાદા ઓળંગી છેકેઆરકે, જે કામચલાઉ જામીન પર છે, તેણે ઓશિવારા ફાયરિંગ કેસમાં પોતાની ધરપકડ વિશે કહ્યું, ‘‘જુઓ, એ સ્પષ્ટ છે કે કેટલીક બાબતો બની હશે. પોલીસ પાસે કંઈક હશે અથવા તેમને શંકા હશે... એટલા માટે આ બધું થયું. પરંતુ હું કહી શકતો નથી કે કોણ સાચું છે અને કોણ ખોટું... તે કોર્ટનો નિર્ણય છે.’’ જ્યારે વાર્તાનો તેનો પક્ષ પૂછવામાં આવ્યો, ત્યારે તે સત્ય જાહેર કરવાને બદલે સત્યથી બચી ગયો હોય તેવું લાગતું હતું. કેઆરકેએ કહ્યું, ‘‘હું... હું... જુઓ... મારી પાસે ૨૨ વર્ષ જૂનું લાઈસન્સ છે... મેં આટલા વર્ષોમાં ક્યારેય કોઈ કાયદો તોડ્યો નથી. મેં ક્યારેય કોઈ ખોટી રમત કરી નથી... તેથી તે સ્પષ્ટ છે... પણ એ ઠીક છે. પોલીસે પોતાની ફરજ બજાવી છે અને પોતાનો કેસ રજૂ કર્યો છે. આ મામલો સંપૂર્ણપણે કોર્ટમાં છે, અને કોર્ટ નક્કી કરશે કે શું કરવું.’’ પૂછપરછ દરમિયાન કેઆરકે પોતાનો મુદ્દો સ્પષ્ટ રીતે રજૂ કરવામાં નિષ્ફળ ગયો.ખરેખર, આ ઘટના ૧૮ જાન્યુઆરીની છે, જ્યારે મુંબઈના ઓશિવારા રહેણાંક વિસ્તારમાં બે ગોળીબાર થયા હતા. ગોળીબાર બાદ, પોલીસે આ મામલાની તપાસ કરી અને બે ખાલી કારતૂસના કેસ જપ્ત કર્યા. કેઆરકેએ જ ફ્લોર પર રહે છે જ્યાં ખાલી કારતૂસ મળી આવ્યા હતા. આ પછી, પોલીસે તેને પૂછપરછ માટે બોલાવ્યો અને ત્યારબાદ તેની ધરપકડ કરી. તેની ધરપકડ બાદ, તેને ૩૦ જાન્યુઆરીએ કામચલાઉ જામીન આપવામાં આવ્યા હતા અને હવે તે બહાર છે. કેસ હવે કોર્ટમાં છે, અને સંપૂર્ણ ચુકાદો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.કમલ આર ખાને તેમના કરિયરમાં અડધા ડઝનથી ઓછા મોટા પ્રોજેક્ટ્સમાં કામ કર્યું છે. તેમણે ફિલ્મ ‘‘એક વિલન’’ માં ભૂમિકા ભજવી હતી અને કેટલાક મ્યુઝિક વીડિયોમાં પણ કામ કર્યું છે. જોકે, તેમણે તેમના અભિનય અને ફિલ્મો કરતાં વિવાદો માટે વધુ હેડલાઈન્સ મેળવી છે. તેમનો ખરો સ્વભાવ ફિલ્મ સ્ટાર્સ સાથે સીધો મુકાબલો કરવાનો છે. તેમના સોશિયલ મીડિયા રિવ્યૂ પ્રોગ્રામમાં, કેઆરકે ફિલ્મો જુએ છે અને તેની સમીક્ષા કરે છે.

અભિનેત્રી અને ‘બિગ બોસ ૧૩’ ના સ્પર્ધક શેફાલી બગ્ગાનું નામ ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ સાથે જોડવામાં આવ્યું

# શેફાલી બગ્ગાએ યુઝવેન્દ્ર ચહલ સાથેના એઆઇ ફોટો પર ટ્રોલ્સની ટીકા કરી






છેલ્લા કેટલાક સમયથી, અભિનેત્રી અને ‘બિગ બોસ ૧૩’ ના સ્પર્ધક શેફાલી બગ્ગાનું નામ ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ સાથે જોડવામાં આવ્યું છે. બંને તાજેતરમાં જ સાથે જોવા મળ્યા હતા. શેફાલી પહેલા, ચહલનું નામ ઈન્ન મહવાશ સાથે જોડાયું હતું. જોકે, ચહલ સાથેના લિંક-અપની અટકળો વચ્ચે, શેફાલી તેની સાથે બનાવેલા છૈં ફોટોથી ખુશ નથી. ફોટો જોયા પછી તે ગુસ્સે છે અને ઈન્સ્ટાગ્રામ પર પોતાની નારાજગી વ્યક્ત કરી છે.શેફાલી પોતાનો,આરજે મહવાશનો અને ધનશ્રીનો ચહલ સાથેનો છૈં ફોટો જોઈને ગુસ્સે થઈ ગઈ. તેણીએ તેના ઈન્સ્ટાગ્રામ પેજના સ્ટોરી સેક્શનમાં ફોટો શેર કર્યો અને લખ્યું, ‘‘આ ઘૃણાસ્પદ છે. આ ટ્રોલ છોકરીઓ સાથે જે રીતે વર્તે છે તે શરમજનક છે. તમારું જીવન જીવો. આ તમારી ખરાબ માનસિકતાનું ઉદાહરણ છે.’’ આરજે મહોશ્વાશ અને ચહલની ભૂતપૂર્વ પત્ની ધનશ્રીએ હજુ સુધી આ પોસ્ટ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. યુઝવેન્દ્ર ચહલ અને શેફાલી બગ્ગા થોડા દિવસો પહેલા મુંબઈમાં સાથે જોવા મળ્યા હતા. તેઓ પાપારાઝી દ્વારા પણ પકડાયા હતા. તેઓએ પાપારાઝી માટે અલગથી પોઝ આપ્યા હતા. જ્યારે તેમને સાથે પોઝ આપવાનું કહેવામાં આવ્યું ત્યારે તેઓએ ના પાડી દીધી. આ વીડિયોએ ચહલ અને શેફાલીના લિંક-અપની અફવાઓને વધુ વેગ આપ્યો.શેફાલી બગ્ગા મ્યુઝિક વીડિયોમાં દેખાઈ છે અને બિગ બોસ ૧૩ માં સ્પર્ધક તરીકે દેખાઈ છે. તેણીએ એંકર તરીકે પણ કામ કર્યું છે, વારંવાર આઈપીએલ ક્રિકેટ મેચ દરમિયાન દેખાઈ રહી છે.

‘સિંઘમ‘ ફ્રેન્ચાઇઝીમાં તેમની ફિલ્મો માટે પ્રખ્યાત દિગ્દર્શક રોહિત શેટ્ટીના ઘરની બહાર ગોળીબારથી ઉદ્યોગમાં બધાને આઘાત લાગ્યો

# રોહિત શેટ્ટી ગોળીબાર કેસમાં પોલીસે મુખ્ય આરોપીને વાહન પૂરું પાડનારા ત્રણ લોકોની ધરપકડ કરી





‘સિંઘમ‘ ફ્રેન્ચાઈઝીમાં તેમની ફિલ્મો માટે પ્રખ્યાત દિગ્દર્શક રોહિત શેટ્ટીના ઘરની બહાર ગોળીબારથી ઉદ્યોગમાં બધાને આઘાત લાગ્યો છે. પુણે પોલીસે આ કેસના સંદર્ભમાં પાંચ લોકોની અટકાયત કરી હતી. ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ કેસની તપાસ કરી રહી છે અને અનેક મહત્વપૂર્ણ સંકેતો મળ્યા છે.

મુંબઈ પોલીસના સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, રોહિત શેટ્ટીના ઘરે ફાયરિંગ કરવા બદલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા ધરપકડ કરાયેલા ત્રણ આરોપીઓએ મુખ્ય શૂટરને લોજિસ્ટિક્સ અને વાહન (એક્ટિવ્સ) પૂરું પાડ્યું હતું. હકીકતમાં, રવિવારે સવારે, ક્રાઈમ બ્રાન્ચે પુણે પોલીસ અને મુંબઈ પોલીસ સાથે મળીને સંયુક્ત રીતે પાંચ લોકોની અટકાયત કરી હતી. આ પાંચ આરોપીઓમાંથી ત્રણની ધરપકડ કરવામાં આવી છે, અને અન્ય બે હજુ પણ કસ્ટડીમાં છે.

આ સમગ્ર ઘટનાને અંજામ આપવામાં તેમની ભૂમિકા ચકાસવામાં આવી રહી છે. મુખ્ય શૂટર વિશે હજુ સુધી કોઈ ઔપચારિક માહિતી મળી નથી, પરંતુ પોલીસ માને છે કે આ આખું મોડ્યુલ એક મોટી ગેંગ જેવું લાગે છે.

શનિવારે મોડી રાત્રે, દિગ્દર્શક રોહિત શેટ્ટીના જુહુ સ્થિત ઘરની બહાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. ગોળીબાર સમયે રોહિત શેટ્ટી ઘરની અંદર હતો. ઘટના બાદ જુહુ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. સદનસીબે, ગોળીબારમાં કોઈને ઈજા થઈ નથી. મુંબઈ પોલીસના વરિષ્ઠ સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં ફક્ત એક જ શંકાસ્પદ વ્યક્તિ હોવાનું બહાર આવ્યું છે. પોલીસે આ કેસમાં રોહિત શેટ્ટીનું નિવેદન પણ નોંધ્યું છે.

ઘટના પછી, પોલીસે વિસ્તારના સીસીટીવી ફૂટેજની તપાસ કરી, જેમાં આરોપી ચાલતા ફરતા ફાયરિંગ કરતો જોવા મળ્યો. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો કહે છે કે ગેંગસ્ટર લિંક હોવાની શક્યતાને ધ્યાનમાં રાખીને પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ દરેક ખૂણાથી કેસની તપાસ કરી રહી છે.

‘વારાણસી’ ફિલ્મ સંદીપ રેડ્ડી વાંગાની ‘‘સ્પિરિટ’’ સાથે સ્પર્ધા કરશે નહીં

# એસએસ રાજામૌલીની આગામી ફિલ્મ ‘વારાણસી’ ની થિયેટરમાં રિલીઝ તારીખ જાહેર કરવામાં આવી







આરઆરઆર નિર્દેશક એસએસ રાજામૌલીની આગામી ફિલ્મ ‘વારાણસી’ ની થિયેટરમાં રિલીઝ તારીખ જાહેર કરવામાં આવી છે, જે વિશ્વભરમાં રિલીઝ થશે. આ ભારતીય પ્રોડક્શનને ૨૦૨૭ ની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય રિલીઝમાંની એક બનાવે છે. આ એક્શન-એડવેન્ચર એપિકમાં, આરઆરઆર નિર્દેશક ઓસ્કાર વિજેતા સંગીત નિર્દેશક એમ.એમ. કીરાવાની સાથે ફરી જોડાઈ રહ્યા છે, જેમણે રાઈઝ રુર રિવોલ્ટના ‘નાટુ નાટુ’ ગીત માટે બેસ્ટ ઓરિજિનલ સોંગ માટે એકેડેમી એવોર્ડ જીત્યો હતો. તેલુગુ સિનેમાના મહેશ બાબુ આ ફિલ્મમાં પ્રિયંકા ચોપરા જોનાસ અને પૃથ્વીરાજ સુકુમારન સાથે કામ કરી રહ્યા છે.આ ફિલ્મ મૂળ જાન્યુઆરી ૨૦૨૭ માં સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી. હવે તે ૭ એપ્રિલ, ૨૦૨૭ ના રોજ સિનેમાઘરોમાં આવશે. આ ફિલ્મ સંદીપ રેડ્ડી વાંગાની ‘‘સ્પિરિટ’’ સાથે સ્પર્ધા કરશે નહીં, જે માર્ચ ૨૦૨૭ માં રિલીઝ થવાની છે. પ્રભાસ અને તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકામાં છે. આ પ્રોજેક્ટ શ્રી દુર્ગા આર્ટ્સ એન્ડ શોઈંગ બિઝનેસના બેનર હેઠળ બનાવવામાં આવી રહ્યો છે. નિર્માતાઓમાં કે.એલ. નારાયણ અને એસ.એસ. કાર્તિકેયનો સમાવેશ થાય છે.ફિલ્મની વાર્તા હજારો વર્ષ પહેલાં સેટ કરવામાં આવી છે અને તે ાઅનેક ખંડોમાં પ્રવાસ કરે છે, જેમાં એન્ટાર્કટિકાથી આફ્રિકા અને નામાંકિત ભારતીય શહેરનો સમાવેશ થાય છે. ફિલ્મની પ્રચાર સામગ્રી અનુસાર, તે ઈન્ડિયાના જોન્સ અને જેમ્સ બોન્ડ ફિલ્મ જેવી છે. ‘‘વારાણસી’’ માં, મહેશ બાબુ રુદ્રની ભૂમિકા ભજવે છે, પ્રિયંકા ચોપરા જોનાસ મંદાકિનીની ભૂમિકા ભજવે છે, અને સુકુમારન મુખ્ય ખલનાયક, કુંભાની ભૂમિકા ભજવે છે. રાજામૌલીએ નવેમ્બરમાં પ્રોજેક્ટનો ફર્સ્ટ-લૂક ફૂટેજ રજૂ કર્યો.આ કાર્યક્રમમાં, મહેશે પોતાના ચાહકોનો તેમના અતૂટ સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો. અભિનેતાએ કહ્યું, હું મારા ચાહકોના પ્રેમ અને સ્નેહનો આભારી છું.

પાકિસ્તાને ટી-૨૦ વર્લ્ડ કપ પહેલા ભારત સામે મેચનો બહિષ્કાર કરવાની જાહેરાત કરીને ક્રિકેટ જગતમાં ખળભળાટ મચાવી દીધો

# પાકિસ્તાન પહેલા ટી ૨૦ વિશ્વકપનો બહિષ્કાર ઇગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાએ પણ કરી ચુકયા છે

પાકિસ્તાને આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારત સામે ગ્રુપ સ્ટેજ મેચનો બહિષ્કાર કરવાની જાહેરાત કરીને ક્રિકેટ જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. આ મેચ ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં રમાનારી છે. પાકિસ્તાન સરકારે ૧ ફેબ્રુઆરીએ સ્પષ્ટતા કરી હતી કે ટીમ ટુર્નામેન્ટમાં ભાગ લેશે, પરંતુ ભારત સામે મેદાનમાં ઉતરશે નહીં. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ભારતીય ઉપખંડમાં ક્રિકેટ બોર્ડ વચ્ચે તણાવ વધી રહ્યો છે. બાંગ્લાદેશે અગાઉ ભારતમાં સુરક્ષા ચિંતાઓને કારણે ૨૦ વર્લ્ડ કપમાંથી ખસી ગયું હતું, અને તેના બદલે સ્કોટલેન્ડને




ટુર્નામેન્ટમાં સામેલ કરવામાં આવ્યું હતું. જોકે, વર્લ્ડ કપના ઈતિહાસમાં આ પહેલી વાર નથી કે કોઈ ટીમ કોઈ ચોક્કસ મેચ અથવા સમગ્ર ટુર્નામેન્ટમાંથી ખસી ગઈ હોય. ભૂતકાળમાં સુરક્ષા ચિંતાઓ અને રાજકીય પરિસ્થિતિઓને કારણે આવા નિર્ણયો ઘણી વખત લેવામાં આવ્યા છે.

૧૯૯૬ વનડે વર્લ્ડ કપ દરમિયાન, શ્રીલંકા ગૃહયુદ્ધમાંથી પસાર થઈ રહ્યું હતું. ટુર્નામેન્ટના માત્ર બે અઠવાડિયા પહેલા, કોલંબોમાં એક બેંક બોમ્બ વિસ્ફોટમાં ૯૧ લોકો માર્યા ગયા હતા. આ ઘટના બાદ, ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઈન્ડીઝ બંનેએ સુરક્ષા ચિંતાઓને કારણે શ્રીલંકા મેચ રમવાનો ઈનકાર કર્યો હતો. જોકે બંને ટીમોને શ્રીલંકા સામે રમવા સામે કોઈ વાંધો નહોતો, તેઓ સુરક્ષા ચિંતાઓને કારણે મુંબઈમાં રહ્યા. પરિણામે, શ્રીલંકાને બંને મેચમાં વોકઓવર મળ્યા. આ હોવા છતાં, ત્રણેય ટીમો આગળના રાઉન્ડમાં આગળ વધી.

૨૦૦૩ના વનડે વર્લ્ડ કપમાં, ઈંગ્લેન્ડ ઝિમ્બાબ્વેના હરારેમાં રમવાનું હતું. તે સમયે, બ્રિટનની ટોની બ્લેર સરકારે ઝિમ્બાબ્વેના રાષ્ટ્રપતિ રોબર્ટ મુગાબે સામે કડક વલણ અપનાવ્યું હતું. ઈંગ્લેન્ડની ટીમને ગંભીર સુરક્ષા ચિંતાઓ હતી, જે મેચ પહેલા ધમકીઓથી વધી ગઈ હતી. અંતે, નાસેર હુસૈનના નેતૃત્વ હેઠળની ઈંગ્લેન્ડની ટીમે પ્રવાસ રદ કર્યો. ઝિમ્બાબ્વેને વોકઓવર આપવામાં આવ્યો અને ઈંગ્લેન્ડ વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયું.

૨૦૦૩ના વર્લ્ડ કપ દરમિયાન ન્યુઝીલેન્ડે પણ નૈરોબીમાં કેન્યા સામે રમવાનો ઈનકાર કર્યો હતો. ન્યુઝીલેન્ડ ક્રિકેટે જણાવ્યું હતું કે તેમને વિશ્વસનીય માહિતી મળી હતી કે આતંકવાદી સંગઠનો નૈરોબી પર હુમલો કરી શકે છે. પરિણામે, ન્યુઝીલેન્ડે મુસાફરી ન કરવાનો નિર્ણય લીધો, અને કેન્યાને વોકઓવર મળ્યો. કેન્યાએ સેમિફાઈનલમાં પહોંચીને આ ટુર્નામેન્ટમાં ઈતિહાસ રચ્યો.

રાજકુમાર શર્માએ કહ્યું કે આ નિર્ણય અગમ્ય છે અને ક્રિકેટ કરતાં રાજકારણથી પ્રેરિત લાગે છે

# પાકિસ્તાનનો નિર્ણય અગમ્ય છે અને ક્રિકેટ કરતાં રાજકારણથી પ્રેરિત લાગે છે, વિરાટ કોહલીના કોચ

વિરાટ કોહલીના બાળપણના કોચ રાજકુમાર શર્માએ આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારત સામેની ગ્રુપ સ્ટેજ મેચમાંથી ખસી જવાના પાકિસ્તાન સરકારના નિર્ણય પર કડક પ્રતિક્રિયા આપી છે. તેને દુર્ભાગ્યપૂર્ણ અને આઘાતજનક ગણાવતા તેમણે કહ્યું કે આ નિર્ણયથી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ, ત્યાંના ક્રિકેટ ચાહકો અને ખુદ ખેલાડીઓને ભારે નુકસાન થશે.રાજકુમાર શર્માની પ્રતિક્રિયા ૧૫ ફેબ્રુઆરીએ ભારત સામેની મેચમાં ન રમવાના પાકિસ્તાનના નિર્ણયની જાહેરાત કર્યા પછી આવી છે. પાકિસ્તાન સરકારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે પાકિસ્તાન ટીમ ભારત સામે મેચ નહીં રમે. રાજકુમાર શર્માએ કહ્યું કે આ



નિર્ણય અગમ્ય છે અને ક્રિકેટ કરતાં રાજકારણથી પ્રેરિત લાગે છે.તેમણે કહ્યું કે આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ અને વિચિત્ર નિર્ણય છે. અત્યાર સુધી, પાકિસ્તાન તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. પહેલા, તેઓએ બાંગ્લાદેશને ભારતમાં ન આવવાના પક્ષમાં મતદાન કર્યું હતું, અને હવે તેઓ પોતે ભારત સામે રમવાનું બંધ કરી દીધું છે. આ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે.રાજકુમાર શર્માએ સ્પષ્ટપણે કહ્યું કે આ નિર્ણયથી પાકિસ્તાનને સૌથી મોટું નુકસાન થશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને મોટું નુકસાન થશે. તે પાકિસ્તાનના લોકો માટે નુકસાન છે, જેઓ તેમની ટીમને ભારત સામે રમતા જોવા માંગે છે. તે તેમના ખેલાડીઓ માટે પણ નુકસાન છે. મને લાગે છે કે પીસીબીએ આ નિર્ણય પર પુનર્વિચાર કરવો જોઈએ.

તેમણે એ પણ સ્વીકાર્યું કે ભારતીય ટીમ હાલમાં ક્રિકેટમાં પાકિસ્તાનથી ઘણી આગળ છે, પરંતુ આ છતાં, ભારત-પાકિસ્તાન મેચનું પોતાનું મહત્વ છે. તેમણે કહ્યું કે ભારત હાલમાં ક્રિકેટમાં પાકિસ્તાનથી ઘણું આગળ છે, પરંતુ આ એક સંપૂર્ણ રાજકીય નિર્ણય છે. તેમણે આ નિર્ણય પછી આઈસીસીની કાર્યવાહી પર પણ વિચાર કરવો જોઈએ, કારણ કે તેનાથી પીસીબીને વધુ નુકસાન થઈ શકે છે.

કેપ્ટન સલમાન અલીએ પાકિસ્તાન સરકારના નિર્ણય પર પોતાનું મૌન તોડ્યું

# આપણે કંઈ કરી શકતા નથી, ભારત સામેની મેચનો બહિષ્કાર કરવા પર પાકિસ્તાની કેપ્ટનનું નિવેદન




પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આગાએ હવે આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભારત સામે ન રમવાના પાકિસ્તાન સરકારના નિર્ણય પર પોતાનું મૌન તોડ્યું છે. ત્રીજા અને અંતિમ ટી ૨૦ માં ઓસ્ટ્રેલિયા સામે ૧૧૧ રનની જંગી જીત બાદ, સલમાન આગાએ સ્પષ્ટપણે કહ્યું કે આ નિર્ણયમાં ટીમની કોઈ ભૂમિકા નથી.

ખરેખર, પાકિસ્તાન સરકારે ૧ ફેબ્રુઆરીએ સ્પષ્ટ કર્યું હતું કે ટીમને ટી ૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેવાની પરવાનગી આપવામાં આવી છે, પરંતુ ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં યોજાનારી ભારત-પાકિસ્તાન મેચ રમાશે નહીં. આ નિર્ણયથી ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો હતો. મેચ પછી મીડિયા સાથે વાત કરતા, પાકિસ્તાનના કેપ્ટન સલમાન આગાએ કહ્યું, ‘‘અમે વર્લ્ડ કપ રમવા જઈ રહ્યા છીએ. આ અમારો નિર્ણય નથી, અમે કંઈ કરી શકતા નથી. અમારી સરકાર અને પીસીબી ચેરમેન જે કહે તે અમારે સ્વીકારવું પડશે. ભારત સામે મેચ ન રમવાનો નિર્ણય અમારો નહોતો.’’

અગાઉ,પીસીબી ચેરમેન અને પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસીન નકવીએ સંકેત આપ્યો હતો કે વર્લ્ડ કપમાં પાકિસ્તાનની ભાગીદારી અંગે અંતિમ નિર્ણય ૩૦ જાન્યુઆરી અથવા ૨ ફેબ્રુઆરી સુધીમાં આવી શકે છે. ૩૦ જાન્યુઆરીએ કોઈ સત્તાવાર જાહેરાત ન થયા પછી, ૨ ફેબ્રુઆરીએ સ્પષ્ટતા અપેક્ષિત હતી. જો કે, ઘટનાક્રમ અચાનક વેગ પકડ્યો. ૧ ફેબ્રુઆરીની સાંજે, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને મોહસીન નકવી વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક થઈ, જેના પછી સત્તાવાર નિર્ણય જાહેર કરવામાં આવ્યો.

સરકારની મંજૂરી મળ્યા પછી તરત જ, પાકિસ્તાને ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે તેની સત્તાવાર જર્સી પણ રજૂ કરી. પાકિસ્તાનને ભારત, નામિબિયા, નેધરલેન્ડ અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે ગ્રુપ એમાં મૂકવામાં આવ્યું છે.

મહિલા પ્રીમિયર લીગમાં યુપી વોરિયર્સની સફર હાર સાથે સમાપ્ત થઈ

# યુપી વોરિયર્સે હાર સાથે શરમજનક રેકોર્ડ બનાવ્યો, આ સંદર્ભમાં ગુજરાતને પાછળ છોડી દીધું

મહિલા પ્રીમિયર લીગ (ડબ્લ્યુપીએલ)માં યુપી વોરિયર્સની સફર હાર સાથે સમાપ્ત થઈ. દિલ્હી કેપિટલ્સ સામેની તેમની હાર સાથે, યુપી વોરિયર્સે લીગના ઈતિહાસમાં એક એવો રેકોર્ડ બનાવ્યો છે જેને કોઈ અન્ય ટીમ તોડવા માંગશે નહીં. હકીકતમાં, યુપી વોરિયર્સ હવે ડબલ્યુપીએલના ઈતિહાસમાં સૌથી વધુ હાર મેળવનારી ટીમ બની ગઈ છે. દિલ્હી કેપિટલ્સે યુપીને ૫ વિકેટથી હરાવ્યું.પહેલા બેટિંગ કરતા, યુપી વોરિયર્સે ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને ૧૨૨ રન બનાવ્યા. જવાબમાં, દિલ્હી કેપિટલ્સે ૧૯મી ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૧૨૩ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો. આ જીત




સાથે, દિલ્હીએ મુંબઈ ઈન્ડિયન્સને બહાર કરી દીધું અને પ્લેઓફ માટે ક્વોલિફાય કર્યું. દરમિયાન, યુપીએ સતત ત્રીજી હાર સાથે ડબલ્યુપીએલના ઈતિહાસમાં સૌથી વધુ મેચ હારવાનો શરમજનક રેકોર્ડ બનાવ્યો.અત્યાર સુધી રમાયેલી ૩૩ મેચમાંથી, યુપી વોરિયર્સે ૨૧ મેચ હારી છે. આ સંદર્ભમાં, તેઓએ ગુજરાત જાયન્ટ્સને પાછળ છોડી દીધા છે, જેમણે ૩૩ માંથી ૨૦ મેચ હારી છે. સતત હારને કારણે, યુપી વોરિયર્સ ટીમ પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. આ સિઝનમાં, ટીમ પોઈન્ટ ટેબલમાં તળિયે રહી. ટીમનું પ્રદર્શન ગયા સિઝનમાં પણ આવું જ હતું.ડબ્લ્યુપીએલ ઈતિહાસમાં સૌથી વધુ હાર હારનારી ટીમોની યાદીમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ત્રીજા ક્રમે છે.આરસીબીએ ૩૪ માંથી ૧૭ મેચ હારી છે.

### ડબ્લ્યુપીએલ ઇતિહાસમાં સૌથી વધુ હાર હારનારી ટીમો

યુપી વોરિયર્સ - ૩૩ મેચમાં ૨૧ હાર
ગુજરાત જાયન્ટ્સ - ૩૩ મેચમાં ૨૦ હાર
રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર - ૩૪ મેચમાં ૧૭ હાર
દિલ્હી કેપિટલ્સ - ૩૫ મેચમાં ૧૪ હાર
મુંબઈ ઈન્ડિયન્સ - ૩૭ મેચમાં ૧૪ હાર

ભારત અને પાકિસ્તાન વચ્ચેના ગ્રુપ સ્ટેજ મેચ અંગે એક નવું અપડેટ સામે આવ્યું

# પાકિસ્તાન પીછેહઠ કરી ગયું, પરંતુ ટીમ ઈન્ડિયા તેની સંપૂર્ણ જવાબદારી નિભાવશે

આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ૧૫ ફેબ્રુઆરીએ ભારત અને પાકિસ્તાન વચ્ચેના ગ્રુપ સ્ટેજ મેચ અંગે એક નવું અપડેટ સામે આવ્યું છે. પાકિસ્તાન દ્વારા ઈન્ડિયા વિરુધ્ધ પાકિસ્તાન મેચનો બહિષ્કાર કરવાના નિર્ણય છતાં, ભારતીય ટીમ શેડ્યૂલ મુજબ શ્રીલંકા જશે અને આઈસીસી પ્રોટોકોલનું સંપૂર્ણપણે પાલન કરશે. બીસીસીઆઈ સૂત્રોના જણાવ્યા અનુસાર, ટીમ ઈન્ડિયા કોલંબો પહોંચશે અને મેચ સંબંધિત બધી ઔપચારિકતાઓ પૂર્ણ કરશે અને પછી મેચ રેફરીના સત્તાવાર નિર્ણયની રાહ જોશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે




ટીમ ઈન્ડિયા શ્રીલંકાની યાત્રા કરશે અને આઈસીસીના તમામ પ્રોટોકોલનું પાલન કરશે. ટીમ સમયપત્રક મુજબ પ્રેક્ટિસ કરશે, પ્રેસ કોન્ફરન્સમાં હાજરી આપશે, સમયસર કોલંબોના એસએસસી ક્રિકેટ ગ્રાઉન્ડ પર પહોંચશે અને મેચ રદ કરવા કે નહીં તે અંગે મેચ રેફરીના નિર્ણયની રાહ જોશે. બીસીસીઆઈ સૂત્રોએ આ માહિતી આપી હતી.

પાકિસ્તાને પહેલાથી જ જાહેરાત કરી દીધી છે કે તે ૧૫ ફેબ્રુઆરીએ ભારત સામે ગ્રુપ સ્ટેજ મેચમાં નહીં રમે. પાકિસ્તાન સરકારે ઠ પર એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે પાકિસ્તાન ટીમ ભારત સામે મેચ નહીં રમે, જોકે આ માટે કોઈ નક્કર કારણ આપવામાં આવ્યું નથી.

પાકિસ્તાન સરકારે પોતાની પોસ્ટમાં જણાવ્યું છે કે પાકિસ્તાન સરકારે પાકિસ્તાન ક્રિકેટ ટીમને આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભાગ લેવા માટે મંજૂરી આપી દીધી છે, પરંતુ ટીમ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ભારત સામેની મેચમાં મેદાનમાં ઉતરશે નહીં. બધાની નજર હવે આઈસીસી અને ભારત-પાકિસ્તાન મેચ અંગે મેચ રેફરીના અંતિમ નિર્ણય પર છે.

નોંધનીય છે કે પાકિસ્તાને ગયા મહિને ટી ૨૦ વર્લ્ડ કપ માટે પોતાની ટીમની જાહેરાત કરી હતી. આ ટુર્નામેન્ટ ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે યોજાવાની છે. ટીમ ઈન્ડિયા વર્લ્ડ કપ પહેલા ઉત્તમ ફોર્મમાં છે. તાજેતરમાં, ટીમ ઈન્ડિયાએ ન્યુઝીલેન્ડ સામે પાંચ મેચની ટી ૨૦ શ્રેણી ૪-૧ થી જીતી હતી. દરમિયાન,આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં પાકિસ્તાનનો ભારત સામે ખૂબ જ ખરાબ રેકોર્ડ છે. બંને ટીમો અત્યાર સુધીમાં આઠ મેચ રમી છે, જેમાં ભારતે સાત જીતી છે, જ્યારે પાકિસ્તાન ફક્ત એક જ વાર જીત્યું છે. કેટલાક માને છે કે પાકિસ્તાને હારના ડરથી ભારત સામે ન રમવાનો નિર્ણય લીધો છે.

ભારત ઝઉર પસંદગી માટેનો સ્તર ઊંચો રાખતા અનેક ઇવેન્ટ્સમાં રાષ્ટ્રીય રેકોર્ડ-સ્તરના પ્રદર્શન જરૂરી

# AFI એ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ માટે કઠિન ક્વોલિફિકેશન બેન્ચમાર્ક નક્કી કર્યા

એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ ૨૦૨૬ માં યોજાનારી બર્મિંગહામ અનુગામી આવૃત્તિ પહેલા કોમનવેલ્થ ગેમ્સ માટે સત્તાવાર લાયકાત ધોરણો જાહેર કર્યા છે, જે ટ્રેક, ફિલ્ડ અને સંયુક્ત ઈવેન્ટ્સમાં કડક માપદંડો સ્થાપિત કરે છે. ફેડરેશને પ્રવેશ ચિહ્નો નક્કી કર્યા છે કે, ૧૦ થી વધુ ઈવેન્ટ્સમાં, પસંદગી માટે વિચારણા માટે ખેલાડીઓએ હાલના ભારતીય રાષ્ટ્રીય રેકોર્ડને વટાવી દેવાની જરૂર છે. આ નિર્ણય એએફઆઈના ફક્ત મેડલ માટે સક્ષમ સ્પર્ધકોને રમતોમાં મોકલવાના અને કોમનવેલ્થ સ્ટેજ પર ભારતના એકંદર પ્રદર્શન સ્તરને વધારવાના ઈરાદાને રેખાંકિત કરે છે. એએફઆઈ એ ૨૦૨૨ કોમનવેલ્થ ગેમ્સના આધારે આ ગુણ નક્કી કર્યા છે, જેમાં તે આવૃત્તિમાંથી વિવિધ શ્રેણીઓમાં ટોચના-૪ પ્રદર્શનને ક્વોલિફાઈંગ ધોરણ તરીકે ધ્યાનમાં




લેવામાં આવ્યું છે. આ ધોરણો પુરુષો અને સ્ત્રીઓ બંને શ્રેણીઓમાં વિવિધ વિદ્યાશાખાઓને આવરી લે છે. સ્પ્રિન્ટ ઈવેન્ટ્સમાં, પુરુષોની ૧૦૦ મીટર દોડનો ક્વોલિફિકેશન માર્ક ૧૦.૧૬ સેકન્ડ નક્કી કરવામાં આવ્યો છે, જ્યારે મહિલાઓને ૧૧.૧૭ સેકન્ડનો સમય કાઢવો પડશે. મધ્યમ અને લાંબા અંતરના બેન્ચમાર્ક પણ એટલા જ મુશ્કેલ છે, પુરુષોની ૧૫૦૦ મીટર દોડનો સ્ટાન્ડર્ડ ૩:૩૦.૮૨ અને મહિલાઓની ૫૦૦૦ મીટર દોડનો માર્ક ૧૪:૫૬.૬૦ નક્કી કરવામાં આવ્યો છે. ફિલ્ડ ઈવેન્ટ્સમાં પણ આક્રમક કટ-ઓફ હોય છે. પુરુષોના ભાલા ફેંકનારાઓએ ૮૨.૬૧ મીટરનું અંતર હાંસલ કરવું આવશ્યક છે, જ્યારે મહિલાઓનો ક્વોલિફાઈંગ ધોરણ ૫૯.૭૯ મીટર છે. આડા કૂદકામાં, લાંબા કૂદકાના ધોરણો પુરુષો માટે ૮.૦૫ મીટર અને મહિલાઓ માટે ૬.૮૪ મીટર છે, જે તાજેતરના રાષ્ટ્રીય શ્રેષ્ઠ પ્રદર્શનોની આસપાસ ફરે છે.

ભારતીય અભિયાનનો નિરાશાજનક અંત : ચાર ગ્રાન્ડ માસ્ટર્સ ટોપ ૮માં સ્થાન મેળવવામાં નિષ્ફળ




# ટાટા સ્ટીલ ચેસ વિજક આન ઝી : ગુકેશે વિન્સેન્ટ કીમર સાથે ડ્રો કરીને ૯મું સ્થાન મેળવ્યું

ઝી૨૦૨૬ પર ટાટા સ્ટીલ ચેસ વિજકમાં ભારતના ટોચના ગ્રાન્ડમાસ્ટરોનું નિરાશાજનક પ્રદર્શન રવિવારે સમાપ્ત થયું, જેમાં ચારેય ગ્રાન્ડમાસ્ટર ટોપ-૮માં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યા. વર્તમાન વિશ્વ ચેમ્પિયન, જીએમ ગુકેશ ડોમમારાજુ, સૌથી વધુ સ્થાન મેળવનાર ભારતીય હતા, જેમણે ૧૩ રમતોમાં ૬.૫ પોઈન્ટ સાથે નવમા સ્થાને રહ્યા, જેમાં ૩ જીત, ૩ હાર અને ૭ ડ્રો રહ્યા. અંતિમ મેચના દિવસે, ગુકેશે એક મુશ્કેલ રમતનો સામનો કર્યો અને જર્મનીના વિન્સેન્ટ કીમર સામે સફેદ પીસ સાથે ૫૭-ચાલનો લાંબો ડ્રો રમ્યો. દરમિયાન, અર્જુન એરિગાઈસીનો ખરાબ દેખાવ ચાલુ રહ્યો કારણ કે તેને તેની અંતિમ રમતમાં ઉઝબેકિસ્તાનના ચેમ્પિયન નોદિરબેક અબ્દુસાતોરોવ સામે બીજી હારનો સામનો કરવો પડ્યો. તેણે પોતાની ટુર્નામેન્ટ બીજા ક્રમે રહીને માત્ર ૪.૫/૧૩ પોઈન્ટ સાથે પૂર્ણ કરી અને હવે તે લાઈવ ક્લાસિકલ રેટિંગમાં વિશ્વના ટોચના ૧૦માંથી બહાર નીકળી ગયો છે. જીએમ અરવિંદ ચિથમ્બરમે પણ ટુર્નામેન્ટનો અંત છેલ્લા રાઉન્ડમાં સ્લોવેનિયાના વ્લાદિમીર ફેડોસીવ સામે હાર સાથે કર્યો, અને તે જ ૪.૫/૧૩ પોઈન્ટ સાથે સમાપ્ત થયા. દરમિયાન, ડિફેન્ડિંગ ચેમ્પિયન રમેશબાબુ પ્રજ્ઞાંધાએ ડચ જીએમ જોર્ડન વાન ફોરેસ્ટ સામે ડ્રો રમ્યો, અને ૧૩/૫.૫ પોઈન્ટ સાથે ૧૧મા સ્થાને રહ્યા. તેને પણ અર્જુનની જેમ લાઈવ ફીડે રેટિંગમાં મોટો ફટકો પડ્યો અને ટુર્નામેન્ટમાંથી ૧૬.૮ રેટિંગ પોઈન્ટ ગુમાવ્યા બાદ તે વિશ્વના ટોચના ૧૦માંથી બહાર નીકળી ગયો. હાલમાં કોઈ પણ ભારતીયનું ફીડે રેટિંગ ૭૫૦૦ થી વધુ નથી, જે તાજેતરના વર્ષોમાં એક દુર્લભ સિદ્ધિ છે, જેમાં ગુકેશ ૨૭૪૮.૨ પોઈન્ટ સાથે સૌથી વધુ ક્રમાંકિત ભારતીય તરીકે ૧૦મા સ્થાને છે.

ટી૨૦ વર્લ્ડકપ વોર્મ-અપ મેચ માટે ઇન્ડિયા એ ટીમની જાહેરાત

# આયુષ બદોની કેપ્ટન : તિલક વર્મા અને મયંક યાદવનો પણ



ટી૨૦ વર્લ્ડકપ વોર્મ-અપ મેચ માટે ઈન્ડિયા એ ટીમની જાહેરાત કરવામાં આવી છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ સોમવારે યુએસએ અને નામિબિયા સામે બે વોર્મ-અપ મેચ માટે ટીમની જાહેરાત કરી. આયુષ બદોની ઈન્ડિયા એ ટીમનું નેતૃત્વ કરશે. રસપ્રદ વાત એ છે કે, ઈજાને કારણે બહાર રહેલા તિલક વર્માનો પણ આ ટીમમાં સમાવેશ થાય છે. તિલક ટી૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમનો ભાગ છે. ટી૨૦ વર્લ્ડ કપ ૭ ફેબ્રુઆરીથી શરૂ થશે. આ ટુર્નામેન્ટમાં વીસ ટીમો ભાગ લઈ રહી છે. ભારતે ૨૦૨૪માં દક્ષિણ આફ્રિકાને હરાવીને ટાઈટલ જીત્યું હતું, અને સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ટીમ આ વૈશ્વિક ટુર્નામેન્ટમાં પોતાનું ટાઈટલ બચાવવાનો પ્રયાસ કરશે. ટીમની જાહેરાત કરતી વખતે, બીસીસીઆઈએ જણાવ્યું હતું કે ટી૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં જોડાતા પહેલા તિલક વર્મા એક વોર્મ-અપ મેચનો ભાગ રહેશે. તિલકના પેટની સર્જરી થઈ હતી, જેના કારણે તે ન્યુઝીલેન્ડ સામે મર્યાદિત ઓવરની શ્રેણીનો ભાગ નહોતો. તિલક બેંગલુરુમાં બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે રિહેબિલિટેશન હેઠળ છે અને ટૂંક સમયમાં ટીમમાં જોડાય તેવી અપેક્ષા છે.

આ ટુર્નામેન્ટમાં વીસ ટીમો ભાગ લઈ રહી છે. ભારતે ૨૦૨૪માં દક્ષિણ આફ્રિકાને હરાવીને ટાઈટલ જીત્યું હતું, અને સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ટીમ આ વૈશ્વિક ટુર્નામેન્ટમાં પોતાનું ટાઈટલ બચાવવાનો પ્રયાસ કરશે. ટીમની જાહેરાત કરતી વખતે, બીસીસીઆઈએ જણાવ્યું હતું કે ટી૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં જોડાતા પહેલા તિલક વર્મા એક વોર્મ-અપ મેચનો ભાગ રહેશે.

આયુષ બદોની (કેપ્ટન), નમન ધીર, આશુતોષ શર્મા, પ્રિયાંશ આર્ય, એન જગદીસન (વિકેટકીપર), તિલક વર્મા, રિયાન પરાગ, માનવ સુથાર, અશોક શર્મા, ઉર્વિલ પટેલ (વિકેટકીપર), ગુર્જપનીત સિંહ, વિપ્રજ નિગમ, રવિ બિશ્નોઈ, ખલીલ અહેમદ, મયંક યાદવની પસંદગી કરવામાં આવી છે.